વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
ફેબ્રુઆરી - ૨૦૨૨
અંક - ૫૨૫

મંગલ મંદિર ● ફેબ્રુઆરી-૨૦૨૨ ● ૧
(કુલ પાના : ૬૦)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

માસ્ક પહેરો ● હાથને વારંવાર સાફ કરો ● પરસ્પરનું અંતર જાળવો ● કોરોના વેક્સિન અભિયાનને સફળ બનાવો




મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6002, 4890 6003, 4890 6004
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org

તંત્રી મંડળ :
પ્રતાપ નારાણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

સંચાલિત

# માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન ખાતેના નવનિર્મિત ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટન કાર્યક્રમની તસવીરી ઝલક

બુધવાર, તા. ૨૬-૦૧-૨૦૨૨




રોટરી કલબના મહાનુભાવોની સાથે સમાજના ઉપપ્રમુખ હીરેન શાહ (ડાબી તરફ) અને પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ (જમણી તરફ)



નવનિર્મિત ડાયાલિસિસ સેન્ટરનું નિરીક્ષણ કરતાં રોટરી કલબના મહાનુભાવો

(કાર્યક્રમનો વિસ્તૃત અહેવાલ : જુઓ પાના નં.-૫૫) (કાર્યક્રમની વધુ તસવીરો : જુઓ પાના નં.-૫૯)

છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૪
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**

**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- કોરોના વાયરસ સંબંધી નિયમભંગ કરવાના બદલે – તેના સામે જંગ જીતવા સંગઠિત પ્રયાસો કરીએ ................ **દિનેશ આર. મહેતા** ....... ૫

**દીપશીખા**

- કયું મહત્ત્વનું છે? : પ્રતિભા કે પ્રયાસ? ● પ્રકૃતિનો બોધ ................ **ડૉ. પૂજા કોટક** ....... ૭

**કચ્છ**

- ભૂકંપના બે દાયકા પછીનું કચ્છ ................ **ડૉ. મિહિર એમ. વોરા** ....... ૮

**શ્રદ્ધા**

- આત્મવિશ્વાસ ................ **હરીશ પંડ્યા** ..... ૧૧

**સ્વર્ગ**

- અંધશ્રદ્ધા ................ **હરજીવન રંગપરિયા** ..... ૧૨

**હકીકત**

- લાગણીનાં તળ ................ **એમ. ડી. સોલંકી** ..... ૧૩

**સંકલ્પ**

- મનની વાત ................ **ડૉ. અલ્કા સુનિલ શાહ** ..... ૧૬

**વંદના**

- મોભીના મૂલ ................ **પ્રભુદત્ત ભટ્ટ** ..... ૧૭

**કથા ચરિત્ર – (૨)**

- મને ગમતું પાત્ર ................ **પ્રો. કે.જે. સુવાગિયા** ..... ૧૯

**ગુલશન (ચાલુ શ્રેણી) (મણકો-૧૫)**

- સ્વર-શબ્દની સામ્રાજ્ઞી : અંજના ગોસ્વામી ................ **ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર** ..... ૨૦

**નારી ગૌરવગાથા (ચાલુ શ્રેણી) (મણકો-૧૧)**

- દીકરી જ્યારે દીકરો બને છે : ડૉ. હિરક પટેલ ................ **વિપિન પંડ્યા** ..... ૨૪

**સ્વાસ્થ્ય**

- મને વારંવાર માથાનો દુઃખાવો (માઈગ્રેન) થાય છે–(૬) .... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૨૫
  સારવાર – (૨) ................ **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

**નિજાનંદ**

- કોરોનાકાળની સફળ સુસ્વાસ્થ્ય યાત્રા અને પ્લેટિનમ જયંતીએ મારી જીવનશૈલી ................ **.જગદીશચંદ્ર ચં. છાયા 'શ્રેયસ'** ..... ૨૬

**લઘુકથા**

- હકારાત્મક વિચાર ................ ૨૮

**નોલેજ બેંક**

- ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૯) : વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ... **રમેશ પટેલ** ..... ૨૯

**કારકિર્દી**

- સિવિલ સર્વિસમાં રાજ્યોની ફાળવણી કેવી રીતે કરવામાં આવે છે? ................ **હીરેન દવે** ..... ૩૦

**બાળ વિભાગ**

- ભગવાન જોડે રમું છું (બાળ નાટક) ................ **રમેશ પટેલ, લેખક-કવિશ્રી** ..... ૩૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હીરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## ગઝલ / કાવ્ય સૃષ્ટિ


- કવિતા / લઘુ કાવ્યો : **રમેશ પટેલ** .......... ૩૨
- ઘડતર થયું : **ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા** ● થાકી ગયા : **ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'** .......... ૩૩
- અજ્ઞાત અનાદિ : **મિતેશ રાઠોડ** ● ઝંખના : **દિનેશ જાની** .......... ૩૩
- ગઝલ : **આબિદ ભટ્ટ** ● લાગણીના પારખાં : **ભાવના ધૃતેશકુમાર રાવલ** .......... ૩૪
- તમે ન હો : **સાહિલ** ● મુક્તક / હાઈકુ : **રમેશ પટેલ** .......... ૩૪
- આંગળે આંગળે : **ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ'** ● ગઝલ : **આબિદ ભટ્ટ** .......... ૩૫
- પતંગ : **જસ્મીન દેસાઇ 'દર્પણ.** ● ૨૧વીં સદી : **અરવિંદ સોમૈયા** ● હાઇકુ : **કિશોર ટંડેલ** .......... ૩૫


## YOUTH CLUB


- Some Golden Thoughts .......... Presentation : Dinesh R. Mehta .......... ૩૬


## ગાગરમાં સાગર


- સમર્પિત અને શ્રેષ્ઠ દીકરી : મણિબહેન પટેલ .......... ૩૭
- આ તો બે ઘડી ગમ્મત... જો જો... વાત બહાર જાય નહીં .......... ૩૭


## વૈવિધ્ય


- આંજો કાગર .......... ૩૯
- અન્ય સંસ્થાઓના સમાચાર .......... ૪૧
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઠરાવની યથાર્થતા .......... **મહેન્દ્ર સાકરચંદ દોશી** ..... ૪૨
- પુસ્તક સમીક્ષા : 'અંગદનો પગ' .......... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૪૩
- પુસ્તક સમીક્ષા : 'પીલર ૧૧૭૫' .......... **હરેશ ધોળકિયા** ..... ૪૫
- 'મંગલ મંદિર'નું લવાજમ જેમનું પૂરું થાય છે .......... ૪૭


## ગેમ્સ ગેલેરી


- વેલેન્ટાઇન પિરામિડ ગેમ .......... **ભાવના એ. ઝવેરી** ..... ૪૯
- સર્વશ્રેષ્ઠ પ્રશ્નો તથા તેના જવાબ .......... ૪૯


## તીર્થ દર્શન


- શ્રી હસ્તગિરિ તીર્થ (શ્રી આદિશ્વર ભગવાન ચરણ પાદુકા) .......... ૫૦
- શ્રી શત્રુંજય ડેમ તીર્થ (શ્રી શત્રુંજય પાર્શ્વનાથ ભગવાન) .......... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ** ..... ૫૦


## નિયમિત વિભાગો


- *Nano Nine* શબ્દ રમત-૧૭૯ ● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૩૭) ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૫૧


## કચ્છ દર્શન


- કચ્છ દર્શન – સમાચાર સંક્ષિપ્તમાં .......... ૫૪


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સંસ્થા સમાચાર


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન ખાતેના નવનિર્મિત ડાયાલિસિસ સેન્ટરના ઉદ્ઘાટન કાર્યક્રમનો અહેવાલ .......... ૫૫
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી .......... ૫૭
- સમાજ દર્પણ / સાભાર સ્વીકાર .......... ૫૮



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

## કોરોના વાયરસ સંબંધી નિયમ ભંગ કરવાના બદલે તેનાં સામે જંગ જીતવા સંગઠિત પ્રયાસો કરીએ....



દિનેશ આર. મહેતા

નવા વેરિઅન્ટ ઓમિક્રોન ઉપરાંત કોરોનાના વધતા જતાં કેસોથી સમગ્ર ભારતમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. હકીકતમાં વૈશ્વિક સ્તરે કેટલાય દેશોમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. ભારતની વાત કરીએ તો કોરોનાના કેસો ખૂબ ચિંતાજનક હદે વધી રહ્યા છે. આગામી થોડા સમયમાં સ્થિતિ વધુ બેકાબુ બને તેવો ડર દરેકને સતત સતાવી રહ્યો છે. કોરોના સંક્રમણની આ અગાઉની બે લહેરના પગલે આર્થિક અને સામાજિક ક્ષેત્રે ઘણી બધી મુશ્કેલીઓ આપણી સામે આવી હતી. તબીબી ક્ષેત્રે તો અનેક પ્રકારના પ્રશ્નો ખડા થયા હતા. આ બધી તકલીફો દૂર કરવા વિવિધ ક્ષેત્રે અનેક પ્રકારની કામગીરી કરવામાં આવી. કોરોના સામે મજબૂત થવા રસીકરણ અભિયાન પણ જોરદાર રીતે અમલમાં છે.

ઉપર મુજબની સ્થિતિ વચ્ચે દેશમાં કોરોના વાયરસના કેસમાં ફરી વખત રોકેટ ગતિએ વધારો થઇ રહ્યો છે. કોરોના વાયરસની ત્રીજી લહેર શરૂ થઈ ગઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ખાસ કરીને રાજધાની દિલ્હી અને મુંબઈ જેવા શહેરોની સ્થિતિ દિન પ્રતિદિન કથળતી જાય છે. કોરોનાના સંક્રમણને લીધે દરેક વ્યક્તિના જીવનમાં ખૂબ મોટા પ્રમાણમાં આડ અસર થઇ છે. ખાસ કરીને યંગસ્ટર્સ માટે કોલેજ લાઇફ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે ત્યારે કોરોનાના કારણે એજ્યુકેશન, ફ્રેન્ડ્સ સર્કલને મળી ન શકવાને લીધે તેમના જીવનમાં કોરોનાએ યુ-ટર્ન લીધો છે, તેમ કહીએ તો ખોટું નથી. આ રીતે કોરોનાને લીધે વ્યક્તિના એજ્યુકેશનથી લઇને જીવનમાં ઘણું જ પરિવર્તન આવ્યું છે. **આ સ્થિતિમાં પરિવારનો સપોર્ટ અને માનસિક રીતે સ્વસ્થ રહેવું એકમાત્ર ઉપાય છે.** કોરોનાને લીધે પોઝિટિવિટીનો સંચાર કરવાનું દરેકે શીખવું પડશે. એટલું જ નહીં પરંતુ તેનાં પ્રિકોશન તરીકે સાવચેત રહેવું ખૂબ જરૂરી છે. **કોરોના પછી દરેક નાગરિકોને અહેસાસ થવો જોઈએ કે જિંદગી કેટલી અનિશ્ચિત, અકળ અને મૂલ્યવાન છે.** કારકિર્દી, મહત્ત્વાકાંક્ષા અને માત્ર પૈસા પાછળ આંધળી દોડ લગાવવામાં જ તેને વેડફી નખાય નહીં. તેનાં સિવાય, ઘણા ક્ષેત્રોમાં સમતુલા રાખવાની હોય છે.

આ ત્રીજી લહેર અગાઉ કોરોના કાળચક્રએ લોકોની નોકરી અને વ્યાપાર ઉપર મોટી તરાપ મારી હતી. હવે ફરી એ ચિંતા સમાજને સતાવી રહી છે. શરૂઆતથી આર્થિક મંદીની માર સહન કરી રહેલી ભારતીય પ્રજા આ રોગચાળાના સમયમાં તાત્કાલિક મેડિકલ સારવાર સાથે સરકાર દ્વારા પણ જરૂરી તમામ કાર્યવાહી સમયસર થાય તેવું ઇચ્છી રહી છે. રિસર્ચ ફર્મ ઇન્ડિયા રેટિંગ્સ અનુસાર કોરોનાનું ત્રીજું મોજું ભારતના અનેક રાજ્યોની આર્થિક સ્થિતિને મોટા પાયે નબળી પાડી શકે છે. સરકારે આ બધા પાસાઓનું ધ્યાન રાખીને વિવિધ નિર્ણયો લેવા પડે તેવી ગંભીર સ્થિતિનું નિર્માણ કોરોનાની ત્રીજી લહેર દરમિયાન થઈ ગયું છે. છેલ્લા લગભગ બે વર્ષથી એક ખૂબ જ સૂક્ષ્મ વાયરસે સમગ્ર માનવજાતને બાનમાં લીધી છે. દુનિયાભરના દેશોમાં આ અદૃશ્ય વાયરસે હાહાકાર ફેલાવી દીધો છે. વેપાર, ધંધા, ઉદ્યોગો, અર્થતંત્ર જેવા તમામ ક્ષેત્રો પર એક વિચિત્ર પ્રકારની આફત આવી પડ્યા જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. વર્ષ ૨૦૨૧ના અંતે જણાતું હતું કે કોરોનાનો કપરો કાળ વીતી ગયો છે. પરંતુ તે આશાવાદે દગો દીધો હોય તેવું જણાયું છે. ત્યારબાદ ભારતની સ્થિતિ ચિંતાજનક તો છે જ પરંતુ અમેરિકા, ફ્રાન્સ, યુરોપ, આફ્રિકા, ઇટાલી જેવા અનેક શક્તિશાળી દેશોમાં સ્થિતિ ઘણી ખરાબ છે. અનેક દેશોને આ વાયરસે હેબતાવી દીધા છે. **હકીકતમાં લોકોએ અગાઉ જે સંયમ પાળ્યો હતો તે તદ્દન વિસરાઇ ગયો. આત્મવિશ્વાસના અતિરેકમાં ફરી પરિસ્થિતિ વણસવા માંડી છે. ઉત્સવોમાં ઠેર ઠેર ભીડ ભાડ જામી.** બીજી તરફ ચૂંટણી જીતવા હજારોની ભીડ ભેગી થઇ. તેમાં નીતિ નિયમોનું પાલન થયું નહીં. પરિસ્થિતિ ફરી વણસી ગઈ છે. અગર જનતાએ થોડી

સાવચેતી રાખી હોત તો સ્થિતિ આ હદે જાત નહીં. આગામી બે માસ કોરોનાની ઘાતક આગેકૂચના છે, એમ વૈજ્ઞાનિકો, તજજ્ઞ ડૉક્ટર વર્ગ તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના અધિકારીઓ કહી રહ્યા છે. કોરોના, ડેલ્ટા અને ઓમિક્રોન જેવા તમામ સ્વરૂપો હાલે ભારતમાં વિદ્યમાન છે. આ બધાની ગતિ વધી રહી છે. તેવા સમયે સરકારે જાહેર કરેલા નીતિ-નિયમોનું ચુસ્તપણે પાલન કરવું અતિ જરૂરી છે. અન્યથા અગાઉની લહેરની સ્થિતિનું પુનરાવર્તન થવાની પૂરી શક્યતા રહે છે. આ સ્થિતિમાં નાક અને હોઠને આવરી લેતું માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું, હાથને વારંવાર યોગ્ય રીતે સાફ કરવા, ભીડ-ભાડવાળી જગ્યાએ જવું નહીં, રસીકરણ અભિયાનને સફળ કરવું વગેરે નિયમોનું સરખી રીતે પાલન કરવું જરૂરી છે. આ પ્રકારની બાબતોમાં શિસ્ત અને ગંભીરતા રાખવી પણ ખૂબ અનિવાર્ય છે. ૨૦૨૦-૨૧માં કોરોના હજારો લોકોનો ભોગ લઈ ચૂક્યો છે. એનું પુનરાવર્તન થાય નહીં, તે જોવાની આપણા સૌની સંયુક્ત જવાબદારી બને છે. **આપણે સૌએ તમામ પ્રકારની ઉજવણીઓ હાલ પૂરતી મોકૂફ રાખીને કોરોના સાથેના નવા વેરિયન્ટ સામે જંગ જીતવા સંગઠિત પ્રયાસો કરવા તૈયાર રહેવાનું છે.**

*૩૦૨, મર્લિન અર્હમ્, ૧૧, વિશ્વકુંજ સોસાયટી, નારાયણનગર રોડ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. • મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*


# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા વિજ્ઞાપન માટે દરોની વિગત...

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટિ કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટિ કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટિ કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટિ કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સિંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ :** ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*જરૂરી રકમ "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામે મોકલાવવા વિનંતી.*
*(ઓનલાઈન / ડિજિટલ પેમેન્ટ માટેની જરૂરી વિગત અન્યત્ર આપી છે.)*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## ક્યું મહત્ત્વનું છે : પ્રતિભા કે પ્રયાસ?

'નેચરલ ટેલેન્ટ' વિશે આપણે ત્યાં ઘણા મતમતાંતર છે. પ્રતિભાનું મહત્ત્વ છે કે પ્રયાસ, મહેનત, મહાવરાનું? એવી એક માન્યતા છે કે પ્રતિભા જન્મજાત હોતી નથી પણ પ્રયાસ, મહેનત, મહાવરાથી કેળવી શકાય છે. જો પ્રતિભા વારસામાં મળતી હોત તો દરેક શ્રેષ્ઠ ખેલાડી કે શૈક્ષણિક સ્કોલરનું સંતાન જે તે ક્ષેત્રમાં શ્રેષ્ઠ બનત. પણ આવું હંમેશાં થતું નથી. કોઈ પણ રમત, સ્પર્ધા, પરીક્ષામાં પ્રમુખ ખેલાડી કે ટોપર્સ બનતા પહેલાં તેનું લાંબું પ્રશિક્ષણ જરૂરી હોય છે. આ બાબતમાં કોઈ નાનપણથી શરૂ કરે છે, કોઈ કિશોર અવસ્થાથી પ્રારંભ કરે છે. નાની ઉંમરે રમતમાં શરૂ કરી બેસ્ટ બનનારમાં સચીન તેંડુલકરનું ઉદાહરણ અગ્રીમ સ્થાને છે. તેમની મહેનત, પ્રેકટિસ, હજારો કલાકોની હોય છે. **પ્રતિભા બનાવવાની કે મેળવવાની એક લાંબી મહેનતકશ પ્રક્રિયા છે જેમાં કોઈ શોર્ટકટને અવકાશ નથી.**

રમત-ગમત, સ્પર્ધાના ક્ષેત્રમાં કોઈના આગ્રહ કે દબાણ કરતાં ઈચ્છાથી મહેનત દ્વારા આગળ આવી શકાય છે. આગળ વધવા માટે જે તે ક્ષેત્રનું જ્ઞાન અને અનુભવ આવશ્યક છે. **હેતુલક્ષી પ્રયત્નોથી ક્ષમતા કરતાં ઘણી વખત વિશેષ પામી શકાય છે.** ચડિયાતા ખેલાડી સાથે રમવાથી વિજય ન મળે પણ શીખવાનું ઘણું જ મળે છે. નિષ્ફળતાનો ભય ટાળવાથી અનુભવ મળે છે.

આજે નવી ટેકનોલોજી, નવા સાધનોથી રમત, સ્પર્ધામાં ધાર્યા પરિણામો કે વિક્રમો મળે છે. કેટલીક વખત વડીલો, પ્રશિક્ષકોના પ્રેરણાત્મક બે શબ્દો પણ પરિણામમાં સુધારો લાવે છે. **'ફીડબેક'નું ઘણું મહત્ત્વ છે.** જો કે પ્રતિભાના વધુ પડતા વખાણ અતિવિશ્વાસ પેદા કરે છે અને ખેલાડી સિતારાની જેમ ઝબકી ગુમ થઈ જાય છે. **'કોશિશ કરનેવાલોં કી હાર નહીં હોતી'** સૂત્ર યાદ રાખવાથી પ્રતિભા સ્વયં ખીલે છે. આ બાબતો જીવનના દરેક ક્ષેત્રમાં લાગુ પાડી શકાય છે.

પ્રયત્ન-પ્રયાસ કરવાથી ઉત્તમ પ્રતિભાના સ્વામી થઈ શકાય છે અને પ્રતિભાને ટકાવી રાખવા પણ પ્રયાસ જ કરવો પડે છે.

## પ્રકૃતિનો બોધ

કુદરતના અનેક તત્ત્વો કે એકમો આપણા જીવનને પ્રત્યક્ષ કે પરોક્ષ અસરકર્તા છે. તેનું સતત એટલે કે ૨૪ x ૭ ચાલવું એ આપણો 'સપોર્ટ' છે. માત્ર તે સપોર્ટ જ નહીં, પણ તેની કાર્યશીલતા આપણને બોધરૂપ છે, કંઈક શીખવે છે.

આ પરમ શક્તિ છે, જે સતત ક્રિયાશીલ છે. ધર્મોમાં અવતારોનું અવતરણ તે ક્રિયાશીલતાનું પ્રતીક છે. પોતાની આ શક્તિને પ્રકૃતિ સૂર્ય તરીકે ગણીને આપણને બોધ કે શીખ આપે છે કે પોતાના તેજને સતત પરિભ્રમણમાં રાખીને વહેંચતા રહો તથા પોતાના કાર્યમાં નિયમિત રહો. ધરતી પણ ક્રિયાશીલ રહે. સહન શક્તિ તેનો મહાન ગુણ છે. વાદળો પોતાના વેગથી ચાલે છે. **વાયુ કે પવન ક્યારેય આરામ કરતા નથી. નદીઓ પોતાના રસ્તામાં આવતી બાધાઓ પાર કરીને પોતાની મંજીલ સમુદ્ર સુધી પહોંચે છે.** સમુદ્ર પણ પોતાના પેટાળ સુધી સક્રિય રહીને અનેક જીવોને રક્ષણ આપે છે તથા જીવનોપયોગી થાય છે. તેથી તો આપણે આ સર્વ તત્ત્વોને દેવદેવીઓ ગણીને તેની પ્રસંગોપાત પૂજા - અર્ચના કરીએ છીએ. પ્રકૃતિના આ તમામ સ્વરૂપો આપણને સંદેશો આપે છે કે, કામ કરતા રહો, રોકાશો નહીં!

સંસારમાં દરેકને નાની મોટી સમસ્યા આવે છે. દરેક ક્ષેત્રમાં તે આવે છે. પણ તેનાથી પીછેહઠ ન થાય. વિશાળ દૃષ્ટિથી કુદરતનાં તત્ત્વોની જેમ સમાધાન શોધવા પડે છે. વિદ્યાર્થી, પરીક્ષાર્થીને અભ્યાસ, કસોટી, ઈન્ટરવ્યૂ વગેરેમાં મુશ્કેલી આવે છે. સફળ થવાતું નથી કે રેન્ક મળતો નથી. પણ તેનાથી પ્રયત્નો પડતાં ન મૂકાય કે હારી ન જવાય! કુદરતના તત્ત્વોમાંથી 'આગળ વધવાનો' બોધ લઈ 'કર્મશીલતા' કેળવવી જોઈશે જ!

*"રૂક જાના નહીં, તું કહીં હાર કે...*
*કાંટે પે ચલકે મિલેંગે સાયે બહાર કે..."*

**– ડૉ. પૂજા કોટક**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...

| | |
|---|---|
| એકાઉન્ટ નામ | : શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ |
| **Account Name** | : **Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad** |
| બેંકનું નામ | : કેનેરા બેંક – પાલડી બ્રાંચ, અમદાવાદ |
| **Bank Name** | : **Canara Bank, Paldi Branch, Ahmedabad.** |
| **A/C No. :** | : **70072010016032 • IFSC : CNRB0017007** |

*જ્યારે પણ રકમ મોકલાવવામાં આવે ત્યારે તેની જાણ મેનેજરને વૉટ્સએપ નંબર : ૯૯૨૪૦ ૮૭૬૫૪ પર કરવી જરૂરી છે.*

કચ્છ

# ભૂકંપના બે દાયકા પછીનું કચ્છ



ડૉ. મિહિર એમ. વોરા

કચ્છના એકવીસમી સદીના બે દાયકાની વાત માંડતા જ એક મોટી ભયાવહ ઘટના વચ્ચે આવીને ઊભી રહે છે અને એ છે ભૂકંપ. યોગાનુયોગ કચ્છમાં છેલ્લો ભૂકંપ એકવીસમી સદીની શરૂઆતમાં જ આવ્યો હતો. અનેક જાતની ખુવારી સર્જી નાખનાર ૨૦૦૧ની ૨૬ જાન્યુઆરીના ભૂકંપ પછી કચ્છનો ચહેરો ધરમૂળથી બદલાઈ ગયો છે. એટલે છેલ્લા ૧૫ વર્ષમાં કચ્છમાં આવેલા તમામ બદલાવ આપોઆપ ભૂકંપ સાથે જોડાઈ જાય છે. આ સ્થિતિમાં વિનાશક ભૂકંપને અભિશાપ ગણવો કે આશીર્વાદ, એ ચર્ચાનો વિષય બની રહે છે. એના અનેક કારણો પણ છે. પહેલું કારણ ભૂકંપ પછી જ કચ્છમાં ઔદ્યોગિકીકરણ વિકસ્યું. ઔદ્યોગિકીકરણને કારણે જમીનની કિંમત વધી. પરિણામે અકલ્પનીય આર્થિક પલટો આવ્યો. કચ્છનાં મુખ્ય શહેરોના નકશા બદલાઈ ગયા. સમગ્ર કચ્છમાં માર્ગ અને પરિવહનનો વ્યાપ વધ્યો. માળખાકીય સુવિધાઓ છેક ગામડાંઓ સુધી વિસ્તરી. શ્રમજીવી વર્ગો વેપાર તરફ વળ્યા. **પરંપરાગત વ્યવસાયોને છોડી લોકોએ નવા વ્યવસાય અપનાવ્યા.** સમગ્ર જિલ્લામાં ઇન્ટરનેટનું જાળું પથરાઈ ગયું, જેના પરિણામે સંચાર વ્યવસ્થાના અનેક આડલાભ મળ્યા. જિલ્લાભરમાં નવા અને આધુનિક શૈક્ષણિક સંકુલો ઊભા થયા. કચ્છ યુનિવર્સિટીની રચના થઈ. એથી ઉચ્ચ શિક્ષણની સુવિધા પ્રાપ્ત થઈ. ગુજરાત સરકારની જ્યોતિગ્રામ યોજના થકી ૨૪ કલાક વીજળી મળવાથી ગ્રામ્ય વિસ્તારોમાં ચેતના આવી. આ બધું ભૂકંપ પછી થયું છે. ત્યારે લાગે કે કચ્છમાં વીસમી સદીના ૧૦૦ વર્ષમાં જે ન થઈ શક્યું, એ ફક્ત છેલ્લા ૨૦ વર્ષમાં થયું છે. વિકાસનાં બે પાસાં છે : એક તરફ પ્રગતિ છે તો બીજી તરફ આ પ્રદેશના મૂલ્યનિષ્ઠ જીવનને લાગી ચૂકેલો ઘસારો પણ છે. કોઈ પ્રદેશના પરંપરાગત જીવનમાં અચાનક આંતર બાહ્ય બદલાવ લાવનારા ત્રણ પરિબળો છે : **તકનિકી પરિબળ** (Technology), **આર્થિક પરિબળ** (Economy) અને **શૈક્ષણિક પરિબળ** (Education). આ ત્રણેય પરિબળો એકમેક સાથે જોડાયેલાં છે. જો કે આ ત્રણ પરિબળોમાં શૈક્ષણિક પરિબળની અસર પ્રચ્છન્ન હોય છે. સૌથી પ્રભાવક પરિબળ હોય તો એ છે આર્થિક પાસું. કચ્છમાં આવેલા ફેરફારોની પાછળ સ્પષ્ટરૂપે આર્થિક પરિબળ જ જવાબદાર છે કારણકે જ્યારે આર્થિક સ્તર ઊંચું જાય છે ત્યારે ટેકનોલોજીનો આપોઆપ પ્રવેશ થાય છે. ઊંચું આવેલું આર્થિક સ્તર અનેક ઇચ્છાઓને જન્મ આપે છે. એમાંની એક ઇચ્છા હોય છે સ્વનો વિકાસ કરવાની. સ્વનો વિકાસ શિક્ષણ થકી થાય છે. આ વાત ત્યારે વધુ સારી રીતે સમજાય છે જ્યારે વ્યક્તિ કે સમુદાય આર્થિક રીતે સધ્ધર બને છે. કચ્છમાં શિક્ષણનો વ્યાપ વધવાનું કારણ સમૃદ્ધિ મેળવ્યા પછી પોતાની જાતનો વિકાસ કરવાનું સામૂહિક ચિંતન છે.

કચ્છમાં ૨૦૦૧ પહેલાં મોટાભાગની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ સરકારી હતી. એની સંખ્યામાં વધારો થયો છે. છેલ્લા દસ વર્ષમાં ખાનગી શાળાઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો છે. સ્થિતિ એ છે કે સરકારી શાળાઓમાં સંખ્યા ઘટવા લાગી છે, જ્યારે ખાનગી શાળાઓને સંખ્યાનો કોઈ પ્રશ્ન સતાવતો નથી. વળી શહેરી વિસ્તારની સરકારી પ્રાથમિક શાળાઓમાં મોટાભાગે એવા વર્ગના વિદ્યાર્થીઓ દાખલ થાય છે જેમની આર્થિક સ્થિતિ નબળી છે. એક અર્થમાં સરકારી શાળાઓ અને ખાનગી શાળાઓ વચ્ચે આર્થિક અસમાનતાનો વર્ગભેદ ઊભો થતો દેખાઈ રહ્યો છે. આ સ્થિતિ આવનારા સમયમાં વધુ જોખમી બની શકે છે. છેલ્લા ૨૦ વર્ષમાં સરકારી શાળાઓની ભૌતિક સ્થિતિ અત્યંત સમૃદ્ધ બની છે. વધુ ભણેલા અને તાલીમબધ્ધ શિક્ષકો પ્રાપ્ત થયા છે. એમ છતાં ખાનગી શાળાની સરખામણીમાં સરકારી શાળાના શિક્ષણની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ ઊભો છે.

ઉચ્ચ શિક્ષણની વાત કરીએ તો ૨૦૦૦ની સાલ પહેલા ભુજ, ગાંધીધામ, માંડવી અને આદિપુરમાં જ કોલેજ હતી. હવે છેક દયાપરમાં સરકારે કોલેજ શરૂ કરી દીધી છે. આવનારા વર્ષોમાં અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓને નજીકમાં જ ઉચ્ચ શિક્ષણનો ભરપૂર લાભ મળવાનો છે.

૨૦૦૩થી કચ્છમાં સ્વતંત્ર યુનિવર્સિટીની સ્થાપના થઈ. પરિણામે અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને મોટો ફાયદો થયો છે. યુનિવર્સિટી થકી વિદ્યાર્થીઓને અમદાવાદ પરીક્ષા આપવા જવાની હાડમારીમાંથી મુક્તિ મળી છે. કચ્છમાં સ્થાનિકે ઇજનેરી અને દાક્તરી વિદ્યાનો અભ્યાસ કરવાની તકો પણ છેલ્લા ૧૫ વર્ષમાં મળી છે. જ્યારે કોઈ પ્રદેશમાં વિશેષ યુનિવર્સિટીની રચના થાય છે ત્યારે એની પાસે વિપુલ તકો હોય છે. કચ્છ યુનિવર્સિટી પાસે

પણ તકો છે. એમ છતાં એક દાયકો વીત્યા પછી પણ યુનિવર્સિટીએ કચ્છ વિષયક કોઈ નોંધનીય કાર્ય કર્યું નથી. જો કે કચ્છ યુનિવર્સિટીમાં કુલપતિથી માંડીને પ્રાધ્યાપકોની હંમેશાં ઘટ રહી છે, જે આજની તારીખે પણ યથાવત્ છે. ઉપરાંત છેલ્લા ચારેક વર્ષમાં આ યુનિવર્સિટીના રાજકીય અને વહીવટી વિવાદો પણ છાપે ચડ્યા છે. એકવીસમી સદીના દોઢ દાયકામાં કચ્છના સ્ત્રી શિક્ષણમાં નોંધપાત્ર વધારો અને સુધારો થયો છે એના બે મુખ્ય કારણો છે : એક તો ગુજરાત સરકારે તમામ ગામોમાં પ્રાથમિક શાળા અને પાંચ કિલોમીટરની અંદર હાઈસ્કૂલનું નિર્માણ કર્યું છે, જેણે કન્યાઓને સ્થાનિકે અથવા નજીકમાં શિક્ષણ મેળવવાની તક પૂરી પાડી. બીજું, કચ્છના ગામડાંઓ પાકી સડકોથી જોડાઈ ગયા છે. પરિણામે વાહન વ્યવહારની સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. વળી ૨૦૦૩થી ગુજરાત સરકારે કન્યા કેળવણીની ઝુંબેશ ઉપાડી. જેના કારણે કન્યા કેળવણીનો આંક ઊંચો ચડ્યો. વળી મધ્ય કચ્છ અને પૂર્વ કચ્છમાં વિવિધ જ્ઞાતિઓનાં કન્યા છાત્રાલયો અને નિવાસી શાળાઓ શરૂ થઇ. જેના પરિણામે જે જ્ઞાતિઓમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઓછું હતું એવી જ્ઞાતિઓમાં કન્યા કેળવણીનું પ્રમાણ અસાધારણ વધ્યું છે. વળી કચ્છનું આર્થિક પાસું સબળ બનતાં સામાજિક સંબંધોમાં શિક્ષણની નોંધ લેવાતી થઈ છે. આ કારણે પણ વાલીઓ પોતાની દીકરીઓને શિક્ષણ આપવાનું મહત્ત્વ સમજ્યા છે. આવનારા દસ વર્ષમાં કચ્છમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઘણું ઊંચું જવાની શક્યતાઓ દેખાઈ રહી છે. સરેરાશ છેલ્લા વીસ વર્ષમાં શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ આવી છે. શાળાઓ ઊભી થઈ છે, ઉચ્ચ શિક્ષણની સવલતો વધી છે. સાથે શિક્ષિત બેકારીમાં નોંધપાત્ર વધારો થયો છે. મોંઘી ફી ખર્ચીને, લોન લઇને ભણનારા યુવાનો પાસે ડિગ્રીઓ તો આવી ગઈ છે, પરંતુ સ્થાનિકે રોજગારીની તકો ઓછી હોવાથી નાછુટકે જિલ્લા બહાર જવું પડે છે અથવા સ્થાનિકે પણ ઓછા પગારની નોકરી કરવી પડે છે.

આવનારા વર્ષોમાં શિક્ષિત બેકારોની સંખ્યામાં વધારો થઈ શકે છે. કચ્છનો વિસ્તાર એટલો મોટો છે કે જિલ્લા મથકે બેસી વહીવટ કરવો કોઈ અધિકારી માટે ખૂબ મુશ્કેલ છે. વળી ભુજથી દૂર દૂર આવેલા વિસ્તારોમાં કામ કરતા કર્મચારીઓને વહીવટી કામ માટે ભુજ આવવું મુશ્કેલ તેમજ ખર્ચાળ બની રહે છે. જ્યારે બોર્ડની પરીક્ષાઓ લેવાય છે ત્યારે આ સ્થિતિ સમજમાં આવે છે. **જેમ કચ્છમાં પોલીસના બે જિલ્લા બન્યા એ રીતે કચ્છને બે શૈક્ષણિક જિલ્લામાં વહેંચી નાખવાની તાતી જરૂર છે. આવું થવાથી મોનિટરિંગ અને ગુણવત્તાનો પ્રશ્ન ઉકેલાશે.** ઉપરાંત નાણાં અને સમયની બચત થશે. કેટલીક ઘટનાઓ એવી હોય છે કે વર્ષો વીતે, દાયકાઓ વીતે છતાં પણ એના ઘા ઝટ રૂઝાતા નથી. આજથી એકવીસ વર્ષ પહેલાં કચ્છની ભૂમિ ધણધણી હતી. એવી ધણધણી હતી કે સમગ્ર કચ્છ જિલ્લો જમીનદોસ્ત થઇ ગયો હતો. આ ઘટનાને દોઢ દાયકા કરતાં વધુ સમય પસાર થઇ ગયો છે. ભૂકંપના આટલા વર્ષ પછી કચ્છ કેવું છે. જે સમયે ભૂકંપ આવ્યો, બરાબર તે જ સમયે ઊંચી ઊંચી ઇમારતો પળવારમાં ખળભળી ગઈ હતી, જમીનદોસ્ત થઇ ગઈ હતી. પડું પડું થઈ રહેલી ઇમારતોમાંથી હેમખેમ બહાર આવવા માટે લોકો હવાતિયા મારી રહ્યા હતા. રસ્તા, રસ્તા મટીને કાટમાળમાં ફેરવાઈ ગયા હતા. માત્ર બે મિનિટ ચાલેલા ભૂકંપે કચ્છને કાટમાળમાં ફેરવી દીધું. મંદિર હોય કે મસ્જિદ, ભૂકંપે કોઈ ભેદ પાડ્યા જ નહોતા. જમ ઘર ભાળી ગયા હતા અને લોકો ખુલ્લી જગ્યાએ દોડી ગયા હતા.

એકવીસ વર્ષ પહેલાના ભૂકંપના દશ્યો આજે પણ લોકોના હૈયે ચીતરાયેલા છે. કચ્છની કોઈ પણ ગલીમાં એક પણ એવું ઘર નહીં હોય જે ભૂકંપના આઘાતને ખાળી શક્યું હોય. ભુજના ધનસુખભાઈ ધોળકિયા જે હાલ હયાત નથી. પિતા અને પુત્રના માત્ર બે જણાના સંસારમાં ભૂકંપથી તેમનો એકમાત્ર જુવાનજોધ પુત્ર હિતેન ગુમાવ્યો હતો.

જો કે ધનસુખ ધોળકિયા એવું કામ કરતા ગયા છે કે તેમના દીકરાનું નામ અમર થઇ ગયું છે. દીકરો અને ઘર ગુમાવ્યા પછી એકલા પડી ગયેલા ધનસુખભાઈ પુનર્વસન કેમ્પમાં રહેવા ગયા ત્યારે દીકરાનો ઘા ભૂલવા તેમણે આસપાસના બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ એ વખતે ભુજની કેમ્પમાંથી પસાર થયા ત્યારે તેઓ આ પ્રવૃત્તિ જોઈને એટલા રાજી થયા કે તેમણે ત્યાં શાળા બનાવવાની જાહેરાત કરી. આજે તે સ્થળે 'હિતેન ધોળકિયા વિદ્યાલય' ઊભું છે અને ૭૦૦ બાળકો ભણે છે.

*દુનિયામાં એને શોધ, ઈતિહાસમાં ન જો,*
*ફરતા રહે છે કંઈક પયગંબર કહ્યા વિના.*

'મરીઝ'ના આ શે'રની મહાનતા સમજવી હોય તો તમને કચ્છમાં ઠેર ઠેર વર્તાશે. ભૂકંપમાં ઘર પરિવાર ગુમાવનારા માટે આજે પણ એ ઘટના એવી છે, જાણે કાલે જ બની હોય. ભૂકંપે ભલે કચ્છીઓને હલબલાવી દીધા હોય, પણ એ કપરા સંજોગોએ તેમની માનવતાને વધુ ઉજ્જવળ કરી છે. ભૂકંપના આટલા વર્ષો પછી એ વધુ સારી રીતે સમજાય છે. ભૂકંપની અસર એવી હતી કે ગુજરાતના નકશા પર કચ્છને શોધવું અઘરૂં પડે. કોઈનું ઘર ભોં ભેગું થયું, તો કોઇનો પરિવાર નામશેષ થઈ ગયો. ભૂકંપ પછી તેમની જિંદગી કઈ રીતે પાટે ચડી છે તે જાણવું - સમજવું અગત્યનું બની જાય છે. જેના પરિવારમાં સાત સાત લોકોએ જીવ ગુમાવ્યા, એ ભુજના વેજલાણી પરિવારના હૈયે તો ભૂકંપના ઘા હજી વિસરાયા નથી જ. તેમના પરિવારના બચી ગયેલા મુર્તુઝા અલીના ચહેરા પર ભૂકંપના ઘા આજે પણ જોઈ શકાય છે. પરિવારના સાત જણા ભૂકંપના ખપ્પરમાં હોમાઈ ગયા અને બચી

ગયા માત્ર દાદી અને ૮ મહિનાનો મુર્તુઝા અલી, જે આજે ૨૧ વર્ષનો છે. મુર્તુઝાના ખરા મમ્મી-પપ્પા તેના ફઈ અને ફુઆ છે. ભૂકંપે કેટલીય હરીભરી જિંદગીઓને એકલવાયી કરી દીધી હતી. જેમાંથી લોકો ફરી બેઠા થયા છે. **કેટલાયે એવા લોકો છે જેમના જીવન નિહાળીએ તો જિંદગીની પાઠશાળા સમજતા વાર ન લાગે.** આવું જ એક વ્યક્તિત્વ એટલે હરેશ પારેખ. ભુજની બજારમાં તેમનો ફોટો સ્ટુડિયો છે. ભૂકંપમાં તેમણે પત્ની અને બે બાળકો સહિત સમગ્ર પરિવાર ગુમાવ્યો. પોતાનો એક હાથ પણ ગુમાવ્યો. ફોટોગ્રાફીનો વ્યવસાય એવો છે કે હાથ ગુમાવવો એટલે ધંધો ગુમાવવો. પણ હરેશભાઇ હિંમત હાર્યા નહીં. તેમણે એક હાથે ધંધો ફરી શરૂ કર્યો અને જમાવી દીધો. હરેશભાઈએ ભૂકંપ અગાઉ સ્ટુડિયો ઊભો કર્યો ત્યારે તેમના પત્નીએ ભરપૂર મદદ કરી હતી. બંને સાથે મળીને સ્ટુડિયો ચલાવતા હતા. હવે સ્ટુડિયોમાં તેમના પત્નીની ફક્ત તસવીર છે.

ઇતિહાસ એવું કહે છે કે ભયંકર આપત્તિમાંથી બેઠા થતાં સ્થળ વધારે પ્રગતિ કરે છે. લોકો નવેસરથી વિચારવાનું શરૂ કરે છે. નવા સાહસ શરૂ થાય છે. સાહસની સાથે પ્રગતિના નવા સોપાન શરૂ થાય છે. ભૂકંપ પછી કચ્છે એટલો વિકાસ કર્યો છે કે એવું સહેજેય માની શકાય કે આટલો વિકાસ ભૂકંપ અગાઉ નહોતો થયો. ઉલ્લેખનીય છે કે રીક્ટર સ્કેલ પર ૭.૭ની તીવ્રતા, ૨૨ હજાર લોકોના મોત, ૪ લાખ મકાનો ધ્વસ્ત, ૬ લાખ લોકો બેઘર.

**ભૂકંપે કચ્છને એ ધરી પર લાવી દીધું હતું કે આખો એકડો જ નવેસરથી ઘુંટવો પડે. એના માટે વર્ષોના વર્ષ લાગે. પણ કચ્છ જેનું નામ! જ્યાંની પ્રજામાં ખમીર અને ખંત વણાયેલા છે.** જેણે ભૂંકપના એક દાયકાની અંદર જ કચ્છને ન માત્ર બેઠું કરી દીધું, બલકે ભૂકંપ અગાઉ જે કચ્છ હતું તેના કરતાં પણ વધુ પ્રગતિ કરી છે. કચ્છમાં અનેક સંભાવનાઓ હતી પણ ભૂકંપ અગાઉ તેના પર ધ્યાન નહોતું દેવાયું. ભૂકંપ પછી કચ્છ પ્રત્યે જે સામૂહિક સહાનુભૂતિ જોડાઈ, એને પગલે પ્રગતિના મંડાણ થયા. સિમેન્ટ અને સ્ટીલથી માંડીને અનેક ઉદ્યોગો કચ્છમાં ૨૦૦૧ પછી વિકાસ પામ્યા છે.

**કચ્છ આકર્ષણનું કેન્દ્ર બન્યું હોય તો એમાં પ્રવાસન ઉદ્યોગની મોટી ભૂમિકા છે.** રણોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા રાજ્ય સરકારે તેને વેગ આપ્યો છે. જે કચ્છમાં અગાઉ માત્ર સંશોધકો જ વધુ જોવા મળતા હતા ત્યાં હવે પર્યટકો વધુ જોવા મળે છે. સફેદ રણમાં ઉજવાતો રણોત્સવ જગવિખ્યાત બન્યો છે. તો ભુજના પ્રાગમહેલ, આઇના મહેલ જેવી ઐતિહાસિક ઇમારતો નિહાળવા રોજ પંદરસોથી બે હજાર જેટલા પર્યટકો આવે છે. આટલા પર્યટકો ભૂકંપ અગાઉ આવતા નહોતા. વેકેશનમાં હોટેલ માટે ચાર મહિના અગાઉ એડવાન્સ બુકિંગ થવા માંડ્યા છે. કચ્છમાં આજે જે વિશાળ રસ્તા જોવા મળે છે એ ભૂકંપ અગાઉ નહોતા. ગામડાંઓનું શહેરો સાથેનું અનુસંધાન વધ્યું છે. જેને લીધે ધંધા રોજગાર ઉપરાંત સુખાકારી વધી છે. કચ્છના પરંપરાગત હસ્તકલા ઉદ્યોગ સાથે અનેક સંસ્થાઓ જોડાઈ છે અને કારીગરો વધુ આવક રળતા થયા છે.

ફિનિક્સ પક્ષી રાખમાંથી બેઠું થાય છે એ એક કલ્પના છે, વાસ્તવિક્તા નથી. ભૂકંપમાં જમીનદોસ્ત થયેલું કચ્છ ન માત્ર બેઠું થયું છે, બલકે આગળ વધી રહ્યું છે. આ કલ્પના નથી, વાસ્તવિક્તા છે.

*સંદર્ભ : વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો અને વિવિધ લેખકોના બ્લોગ અને લેખ આધારિત માહિતી*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫,***
***વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### મુખપત્ર "મંગલ મંદિર" પ્રકાશિત કરવા અંગે...

*કેટલાક અનિવાર્ય સંજોગોના કારણે માસિક મુખપત્ર "મંગલ મંદિર"ના કુલ પૃષ્ઠની સંખ્યામાં કાપ મૂકવાનું હોતાં અત્યારે પ્રકાશિત થતી કેટલીક ચાલુ શ્રેણીઓનું પ્રકાશન શક્ય નથી. તે રીતે અન્ય કૃતિઓ / રચનાઓ, લેખન સામગ્રીઓ વગેરેનું મર્યાદિત રીતે પ્રસારણ થશે. સંબંધિત દરેકે આ બાબતની નોંધ લેવા અનુરોધ છે.*

***– તંત્રી મંડળ***


## 'મંગલ મંદિર' – કોઈપણ બાબત સંબંધી સંપર્ક સૂત્ર

*માસિક સામયિક "મંગલ મંદિર" સંબંધી કોઈપણ પ્રશ્નો, પૂછપરછ - તપાસ જેમ કે સામયિકના અંકો ન મળવા, સરનામા-ફેરફાર, વિજ્ઞાપન, લવાજમ, ડિજિટલ માધ્યમની કોઈપણ બાબત, સમાજ દર્પણ અથવા સંસ્થા સમાચારમાં પ્રકાશિત કરવાની કોઈપણ વિગતના સંદર્ભમાં મો. નંબર ૮૫૧૧૩ ૭૨૨૮૮) અથવા તો સમાજ કાર્યાલયના નંબર : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ / ૨ / ૩ / ૪ મારફત 'મંગલ મંદિર' વિભાગનો સંપર્ક કરવા અનુરોધ છે.*

***– તંત્રી મંડળ***

શ્રદ્ધા

# આત્મવિશ્વાસ



હરીશ પંડ્યા

માણસે જીવનમાં સફળતા મેળવવા માટે જેટલાં કર્મશીલ બનવું જોઈએ તો સાથે સાથે આત્મવિશ્વાસ પણ એટલો જ કેળવવો જોઈએ.

માણસ કર્મ કરે પણ એના મનમાં સતત નિષ્ફળતા મળવા અંગેની આશંકા રહેતી હોય તો એનું કર્મ કરવામાં ધ્યાન અવશ્ય સાબિત થવાનું જ. એના મનમાં સતત સફળતા મળવા અંગે અવઢવ રહેવાની. એનું મન ડગુમગું થતું રહેવાનું અને પરિણામે કાર્યમાં સાંગોપાંગ સફળતા મેળવવાની એની મહેચ્છા અધૂરી રહી જવાની.

આત્મવિશ્વાસના અભાવ વિશે આપણે રોજબરોજની જિંદગીમાં જોવા મળતાં અનેક ઉદાહરણોને ટાંકી શકીએ. વિદ્યાર્થીને પરીક્ષામાં સતાવતો પ્રશ્ન એના માતા-પિતાને પણ ચિંતિત કરતો હોય છે. પેપર અઘરું તો નહીં હોય ને, પરીક્ષામાં પાસ તો થવાશે ને? સારા ટકા મળશે કે નહીં? — આ બધાં પ્રશ્નોની ભરમારમાં અટવાતો વિદ્યાર્થી એક ધ્યાન બનીને વિષયનું વાંચન પણ કરી શકતો નથી અને ઘણીવાર તો જે તે વિષયના સહેલા અને યાદ રહેલા જવાબો પણ ભૂલી જતો હોય છે.

તો, નોકરી માટે મૌખિક ઈન્ટરવ્યૂ આપવા જતો યુવાન પણ ચિંતાનો ભોગ બનતો જોવા મળે છે. લેખિતમાં કેવા પ્રશ્નો આવ્યા હશે? અભ્યાસને સ્પર્શતા પ્રશ્નો પૂછશે કે સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછશે? નોકરી માટે પસંદગી થશે કે નહીં? — આ પ્રકારના તેના મગજમાં જાગતા પ્રશ્નોની એના મૌખિક ઈન્ટરવ્યૂ પર નકારાત્મક અસર પાડી શકે છે અને એનું હાજરજવાબીપણું પણ જતું રહે છે. વિવિધ ક્ષેત્રનાં પસંદગી મેળામાં પણ ઉમેદવારનો આત્મવિશ્વાસ ડગમગતો જોવા મળે છે.

તો, આજે કોઈપણ નવા ધંધામાં પ્રવેશતા પહેલાં માણસ શંકા - આશંકાનો ભોગ બનતો જોવા મળે છે. એક ધંધો શરૂ કર્યા પછી એ બંધ કરીને બીજાં નવા ધંધામાં ઝંપલાવતો જોવા મળે છે. જો કે, આ માટે બજારની માંગ અને બદલાતી પરિસ્થિતિ પણ કારણભૂત હોઈ શકે છે. હરીફાઈ પણ પૂરજોશમાં ચાલતી હોય છે.

શરૂઆતમાં ભલે થોડી ખોટ જાય પણ ધીમે ધીમે ગ્રાહકો વધતા જાય, એમ સફળતા મળતી જાય છે.

તો વિદ્યાર્થી વર્ગને પણ આ વાત લાગુ પડી શકે છે. **પરીક્ષામાં નાપાસ થવાથી હતાશ થવાને બદલે વધારે ખંતથી અને આત્મવિશ્વાસથી મહેનત કરવાથી સફળતા મળે જ છે.**


આજે એવા ઘણા દૃષ્ટાંતો આપી શકાય કે જેમાં માણસને પ્રથમ પ્રયાસે નિષ્ફળતા મળી હોય પણ પછીથી એના ચરણોમાં સફળતા, કાર્યમાં આત્મવિશ્વાસ, જિંદગીને નવા રૂપ-રંગે સજાવતા હોય છે.

**એથી જ કહ્યું છે ને કે નિષ્ફળતા એ સફળતાનું પ્રથમ પગથિયું છે. આ પ્રથમ પગથિયે અટકી જવાનું નથી, પરંતુ આત્મવિશ્વાસ કેળવીને વધારે ખંતથી મહેનત કરવાની છે.**

આત્મવિશ્વાસ ધરાવનાર, પોતાની જાતમાં શ્રદ્ધા ધરાવનાર માણસને ક્યારેય કાર્યમાં નિષ્ફળતા મળતી નથી.

*ડી-૧, ત્રિલોચન સોસાયટી,*
*ઘોઘા જકાત નાકા પાસે, રિંગ રોડ,*
*સુભાષનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧. • મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*





સ્વર્ગ

# અંધશ્રદ્ધા



હરજીવન રંગપરિયા

શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી ભેદરેખા છે. પૂરતી જાગૃતિ રાખવામાં ન આવે તો નબળા મનનાં વ્યક્તિની શ્રદ્ધાને અંધશ્રદ્ધામાં ફેરવાતા વાર નથી લાગતી. અંધશ્રદ્ધાળુ વ્યક્તિમાં તાર્કિક રીતે વિચારવાની શક્તિ જતી રહે છે. તેનો આત્મવિશ્વાસ ક્ષીણ થતાં તે ભાગ્યે જ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી વિચારી શકે છે. તેમાં પણ જો આવી વ્યક્તિ કોઈ લેભાગુ, લંપટ ધર્મગુરુની જાળમાં ફસાય તો અંશ્રધ્દ્ધાનાં મૂળિયા તેના મનમાં ઊંડા ઉતરી જાય છે. "ગુરુની વાતો પર અવિશ્વાસ કે શંકા કરવી એ મહાપાપ છે" તેવું તેના મનમાં દૃઢીકરણ થઈ જાય છે. ગુરુમાં તેને દૈવી શક્તિનાં દર્શન થાય છે. તે ગુરુને ભગવાન માની તેની ભક્તિ કરતો રહે છે. ધાર્મિક ભીરુતા તેના મન પર કબજો જમાવી લે છે. તેનું મન તથા હૃદય કાલ્પનિક ભયથી ફફડતું રહે છે. ગુરુની આજ્ઞાનું તે આંધળું અનુસરણ કરવા લાગે છે. ગુરુની વાતો પર સહેજેય શંકા કરવાથી પોતે પાયમાલ થઈ જશે ને મોટી આફતમાં ફસાઈ જશે તેવા ભયથી પીડાતો રહે છે. **આવો અંધશ્રદ્ધાળુ વ્યક્તિ જીવતું મડદું બની જાય છે. આવી અંધશ્રદ્ધા, એ માનસિક રોગ છે, જેને સારવારની જરૂર પડે છે.**

વર્ષોથી આપણા દેશમાં ગુરુ પરંપરા છે. **પહેલાના ગુરુઓ લેભાગુ કે લંપટ નહોતા.** તેઓ ભક્તોનું હિત જોતા, સાચા ઉપદેશ આપી ભક્તોના જીવનને સુધારતા. ગુરુને કોઈ લાભ ખાટવાની વૃત્તિ નહોતી. ભક્તોને તેની માનસિક તથા શારીરિક યાતનાઓમાંથી ઉગારતા. તેને સાચા આધ્યાત્મિક રસ્તે દોરી, માનસિક શાંતિનો અહેસાસ કરાવતા. તેનું મન નિર્વિકાર થતાં તેની માનસિક - શારીરિક યાતનાઓ દૂર થતી.

જ્યારે આજે લેભાગુ ગુરુઓનો પાર નથી. ઠેરઠેર પોતાનાં સંપ્રદાયો સ્થાપી ભક્તોનાં મનમાં અંધશ્રદ્ધા ભરી તેમનું શોષણ કરતા રહે છે. આવા ગુરુઓને અનુયાયીઓની સંખ્યા વધારવામાં, ધનદોલત ભેગી કરવામાં તથા પોતાનું સામ્રાજ્ય વિસ્તારવામાં જ રસ હોય છે. પોતાના વિશેની જાતજાતની ચમત્કારની વાતો ફેલાવી ધર્મભીરુ પ્રજામાં ભગવાન બની પૂજાતા રહે છે. મોહિત થયેલાં ભક્તો ગુરુની લંપટતા અને પાપલીલા બહાર આવે તો પણ સ્વીકારતા નથી. તેઓનો ગુરુ પ્રત્યેનો ભક્તિભાવ ઓસરતો નથી. આવા ગુરુઓને જેલની સજા થાય તો પણ જેલના દરવાજે ભક્તો સાષ્ટાંગ દંડવત્ કરતા રહે છે. આવા બાબાઓની પાપલીલા બેરોકટોક ચાલતી રહે છે. તેઓની પાપલીલા અટકાવવાના દેશમાં ભાગ્યે જ કોઈ કાયદા છે. **ધર્મભીરુ લોકોનું શોષણ થતું રહે છે. ભોળી ભાળી સ્ત્રીઓનું યૌનશોષણ ચાલતું રહે છે.**

ઉલટાના આવા લેભાગુ ધર્મગુરુઓ ટી.વી. તથા અખબારોમાં "લોકોનાં દરેક પ્રકારના દુઃખ દર્દ દૂર કરવાની" લોભામણી જાહેરાતો આપતા રહે છે. અંધશ્રદ્ધા ફેલાવતી સિરિઅલો વિવિધ ટી.વી. ચેનલો પર બેરોકટોક ચાલતી રહે છે. રાજકીય નેતાઓ, અભિનેતાઓ તથા ઉદ્યોગપતિઓ પણ આવા ધર્મગુરુને સાષ્ટાંગ દંડવત્ કરતા જોવા મળે છે. તેઓ પણ આવા ધર્મ ગુરુઓને શ્રદ્ધાથી ભજતા રહે છે. આવા વાતાવરણમાં ભોળી, અભણ, ગરીબ તથા દુઃખી પ્રજાને આવા લંપટ ગુરુની પકડમાંથી છોડાવવાનાં કાયદા ઘડાવાની શક્યતા જ નથી.

રાજકારણીઓ, વેપારીઓ કે ઉદ્યોગપતિઓએ પોતાના ધંધાનાં વિકાસ માટે જાહેરાતો આપવી પડે છે, માર્કેટિંગ કરવું પડે છે. જ્યારે આવા લેભાગુ ગુરુઓને ભક્તો શોધવા નથી જવું પડતું. ભક્તો જ તેમને શોધતા આવે છે. તેઓના ઉત્સવો, પ્રવચનો ને કથાઓમાં ભક્તોની ભીડ ઉભરાતી રહે છે. ભક્તો ભાવવિભોર થઈ અંધશ્રદ્ધામાં ડૂબતા રહે છે. ગુરુનાં ચરણમાં સર્વસ્વ ધરતા રહે છે. આપણા સમાજમાં ગરીબ, અભણ, વિવિધ યાતનાઓથી પીડાતા દુઃખીજનોનો કોઈ પાર નથી. લેભાગુ ગુરુ તેના ચમત્કાર તથા પ્રભાવથી પોતાના દુઃખ દર્દ દૂર કરી દેશે તેવી અપેક્ષાથી તેમનાં શરણે જાય છે. **ગુરુ તેમની લાચાર સ્થિતિનો ભરપૂર લાભ લઈ શારીરિક તથા આર્થિક શોષણ કરે છે. આવા ગુરુઓ સ્ત્રીઓનું યૌનશોષણ કરે છે, હત્યાઓ કરાવે છે, જાતજાતની અસામાજિક તથા ગેરકાનૂની પ્રવૃત્તિઓ કરે છે.**

દુષ્કાળ, ધરતીકંપ, વાવાઝોડું, અતિવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિને "પાપનો ભાર" વધવાનું કારણ માનવું એ પણ અંધશ્રદ્ધા જ છે. માણસને અસ્પૃશ્ય ગણી તેનાથી દૂર રહેવાની માનસિકતા પણ અંધશ્રદ્ધાનું જ પરિણામ છે. આવા અંધશ્રદ્ધાળુ લોકો બિલાડી આડી ઉતરે તો પણ તેને અપશુકન માને છે. વિધવા સ્ત્રીને ઘરની ચાર દીવાલ વચ્ચે પૂરી પારાવાર યાતના આપે છે. ગંભીર માંદગીમાં ડોક્ટર પાસે જવાને બદલે દોરા ધાગા કરે છે કે કોઈ ભુવાને શરણે જાય છે. ભગવાનને ખુશ કરવા નિર્દોષ પશુઓનો ભોગ ધરે છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૮ ઉપર)

હકીકત

# લાગણીનાં તળ



એમ. ડી. સોલંકી

વસંતભાઈ બપોરના બે વાગે બેઠકરૂમમાં સોફા પર બેસીને સુખડનો હાર પહેરાવેલ એમના ધર્મપત્ની રમીલાબેનના દીવાલ પર ગોઠવેલા ફોટા સામે જોઈને સહેજ ઓશિયાળા બની ગયા હતા. આજે રમીલાબેનની પ્રથમ માસિક પુણ્યતિથિ હોવાથી સગા-સંબંધીઓથી ઉભરાયેલું ઘર હમણાં જ ખાલી થયું હતું. શાશ્વત અને શ્વેતા જરૂરી કામ અંગે થોડીવાર પહેલા જ બહાર ગયા હોવાથી એકલા બેઠેલા વસંતભાઈ કંઈક ગંભીર બનીને ફોટા સામે જોઈ રહ્યા અને થોડીવાર પછી તો આયખાની ઉત્તરાવસ્થાએ એમની નજર સમક્ષ ભૂતકાળનો એ સમય સજીવન બનીને ઊભરી આવ્યો.

ગામડાંમાં રહેતા વસંતભાઈના પિતાએ એમની આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાંય મુશ્કેલી વેઠીને એમને ભણાવ્યા અને પ્રાથમિક શિક્ષકની નોકરી મેળવી જીવનભર નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી. વસંતભાઈનો દીકરો શાશ્વત ભણવામાં ખૂબ જ હોંશિયાર હતો. એટલે એને શહેરની હોસ્ટેલમાં ભણવા મૂકીને સારું શિક્ષણ અપાવ્યું. પરિણામે શાશ્વત ડોક્ટર બની ગયો. ખોબા જેવડા ગુંદાસર ગામમાં સૌપ્રથમ ડોક્ટર બનવાનું માન શાશ્વતને મળ્યું. ઘર, કુટુંબ, સમાજ અને ગામમાં આનંદની લહેર પ્રસરી ગઈ હતી.

ડોક્ટર તરીકેની નોકરીની શરૂઆતમાં શાશ્વત સરકારી હોસ્પિટલમાં જોડાયો. છ-એક મહિના પછી ઘર-કુટુંબ અને સમાજમાં એના લગ્નની વાત ચર્ચાવા લાગી. સમાજમાંથી ડોક્ટર શાશ્વત માટે અનેક કન્યાઓના માંગા આવતા હતા. વસંતભાઈ અને રમીલાબેને પણ શાશ્વત માટે યોગ્ય કન્યાની પસંદગી કરવાનું શરૂ કર્યું હતું. કુટુંબ કે સગા-સંબંધીઓ કોઈ કન્યાની વાત લાવે તો બંને પતિ-પત્ની એમની રીતે તપાસ કરી લેતા હતા.

રવિવારના દિવસે ઘરના સૌ સભ્યો બપોરે જમ્યા પછી બેઠકરૂમમાં બેઠા હતા ત્યારે મોટીબેનની ઉપસ્થિતિમાં શાશ્વતે કહ્યું – 'પપ્પા, મમ્મી, તમે મારા લગ્ન માટે યોગ્ય કન્યાની પસંદગી માટે પ્રયત્નો કરી રહ્યા છો ત્યારે તમને એક વાત કહેવી છે. મારી સાથે જ અભ્યાસ કરતી એક ગ્રેજ્યુએટ યુવતીને મેં પસંદ કરી લીધી છે. એનું નામ શ્વેતા છે. હા, પણ એ યુવતી પરજ્ઞાતિની છે. જો તમે હા પાડો તો...'

'ના, ના... શાશ્વત... એવી પરજ્ઞાતિની છોકરી સાથે લગ્ન કરીને એને આપણા ઘરમાં લવાય જ નહીં. અરે, આખાય સમાજમાં આપણી ખોટી વાતો થાય.' પપ્પા વસંતભાઈ બોલી ઉઠ્યા.

'અને ભાઈ, તમે તો ડોક્ટર છો. એટલે તમને તો સમાજમાંથી એક કહેતા એક્યાસી કન્યાઓ મળી રહેશે. થોડી ધીરજ રાખવી પડશે. એમ કાંઈ આપણો સમાજ મૂકીને અન્ય સમાજમાંથી છોકરી ના લવાય.' મોટીબેને એમનો મત રજૂ કરતા કહ્યું.

'શાશ્વત, બેટા, બીજી જ્ઞાતિની છોકરીને આપણા માટે કોણ જાણે કેવી લાગણી હોય? એ હંમેશાં આપણાથી અળગી જ રહે. એનો ભરોસો બહુ કરાય જ નહીં. તારા લગ્ન તો આપણા સમાજની છોકરી સાથે જ કરવાના છે.' રમીલાબેન એમનો નિર્ણય જાહેર કરતા બોલ્યા.

'પણ મમ્મી, હવે તો જમાનો આખોય બદલાઈ ગયો છે. બદલાતા સમયની સાથે તાલ મિલાવવા આપણે પણ થોડુંક તો બદલાવું જ પડે. અને આજની આ એકવીસમી સદીમાં પોતાની જ્ઞાતિ કે પરજ્ઞાતિ એવો કોઈ ભેદ જ રહ્યો નથી. બસ, જ્યાં પોતાનું મન મળે, રસ-રૂચિ, સ્વભાવ, પસંદગી અને નાપસંદગી અનુકૂળ આવી જાય તો પછી પરજ્ઞાતિમાંય લગ્ન કરવામાં કોઈ જ વાંધો નથી. અને મમ્મી, હું શ્વેતાને ત્રણ વર્ષથી ઓળખું છું. એટલે **મને સંપૂર્ણ વિશ્વાસ છે કે એના મળતાવડાં સ્વભાવને કારણે લગ્ન પછી શ્વેતા આપણા ઘર-કુટુંબ અને સમાજમાં દૂધમાં સાકરની જેમ ભળી જશે.' મમ્મી-પપ્પાને વિશ્વાસ બંધાવતા શાશ્વતે કહ્યું.**

ઘરમાં પરજ્ઞાતિની કન્યાની પસંદગી કરવા બાબતે ચર્ચાઓ ચાલતી જ રહી. શાશ્વત એની વાત પર મક્કમ હતો. એટલે આખરે વસંતભાઈ અને રમીલાબેને નમતું જોખ્યું! એમણે એકના એક દીકરાની વાત સ્વિકારી લીધી. આમ છતાંય અંદરખાને તો એમના મનમાં પરજ્ઞાતિની યુવતીની પસંદગી બાબતે થોડો અંદેશો તો રહ્યો જ હતો.

શ્વેતા પરણીને શાશ્વતના ઘેર આવી ત્યારે સૌએ એને હૃદય પૂર્વકનો આવકારો આપ્યો. શરૂઆતના દિવસોમાં એને અહીંનું વાતાવરણ થોડું પરાયું લાગતું હતું. શાશ્વતે ઘરમાં મમ્મી-પપ્પા અને મોટીબેનના સ્વભાવ વિશે માહિતગાર કરાવતા કહેલું – 'શ્વેતા, આમ તો એ બધાય ઉદાર દિલના જ છે. એમની સાથે

સમજણપૂર્વક વ્યવહાર કરીશ તો એ સૌ ખુશ થઈ જશે અને પછી તો બીજો કોઈ પ્રશ્ન જ નહીં રહે. બસ, થોડી ધીરજ રાખવી પડશે.'

તેજીને તો ટકોર જ પૂરતી હોય તેમ શ્વેતાએ એના સાસુ-સસરા, મોટી બેન વગેરેના સ્વભાવ, પસંદગી-નાપસંદગી, ભોજનમાં એમને ગમતી વાનગીઓ, રસ, રૂચિ વગેરેનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો અને પછી તો એનું કામ ખૂબ જ સરળ બની ગયું. **બે મહિનાના સમયગાળામાં તો ઘરમાં સૌના દિલ એણે જીતી લીધા.** રોજ વહેલી સવારે સાસુ-સસરા જાગે ત્યારે જયશ્રીકૃષ્ણ બોલીને એમને વંદન કરે. એમના સ્નાન માટે ગરમ-ઠંડા પાણીની વ્યવસ્થા કરે. મમ્મી રમીલાબેન દેવસેવાથી પરવારીને બેઠકરૂમમાં આવે ત્યારે સૌના માટે ચા, નાસ્તો અથવા ગરમાગરમ ફુલકા રોટલી હાજર હોય. સાસુ-સસરાની રસ-રૂચિ મુજબનું જમવાનું સવાર-સાંજ બનવા લાગ્યું. વસંતભાઈ અને રમીલાબેન નવાઈભરી નજરે આ બધું અનુભવી રહ્યા હતા. બંને વડીલો ખુશ રહેવા લાગ્યા. દીકરા-વહુ પ્રત્યેનો એમના દિલમાં રહેલો પૂર્વગ્રહ ધીમે ધીમે બરફનું ચોસલું ઓગળે તેમ ઓગળવા માંડ્યો હતો.

ઘરની આર્થિક સ્થિતિને વધારે સારી કરવા શ્વેતા પણ નોકરી કરવા જતી. સવારમાં નોકરી પર જતા પહેલાં એ રમીલાબેનને પૂછી લેતી – 'મમ્મી, બજારમાંથી કરિયાણાની કોઈ વસ્તુ કે શાકભાજી લાવવાના હોય તો મને કહી દેજો. સાંજે ઘેર આવતા હું લેતી આવીશ.'

શ્વેતા ક્યારેક સસરા વસંતભાઈને પણ પૂછી લેતી – 'પપ્પા, આજે સવારે દાળ-ભાત બનાવ્યા હતા – 'તમને ભાવ્યા ને?' તો રમીલાબેનને પણ કહેતી – 'મમ્મી, મારા હાથે ઘરના કે રસોઈના કામકાજમાં કોઈ ભૂલ કે ખામી તમને જણાય તો મને ટકોર કરી દેજો. તમારી ટકોરથી મારી ભૂલ સુધરી જશે. અને હા, વેકેશનમાં મોટા બેન અને ભાણેજ અહીં આવવાના છે. તો એમના માટે સાડી-કપડાં કાલે બજારમાંથી લઇ આવી. બીજું કે મમ્મી, અમે બંને કાલે રજાના દિવસે તિબેટિયન માર્કેટમાં ગયા હતા. શિયાળાની ઋતુ શરૂ થઇ ગઈ છે એટલે પપ્પા અને તમારા માટે ગરમ સ્વેટર લાવ્યા છીએ. તમારી અનુકૂળતાએ પહેરી જોજો. તમને પસંદ ના પડે તો કહેજો, બદલાવી લાવીશું.'

શ્વેતાની આવી વર્તણુંક જોઈને રમીલાબેનના મનમાં થતું – 'શ્વેતા ભલે પરજ્ઞાતિની હોય પણ એના મા-બાપે ખૂબ જ સારા સંસ્કાર આપેલા છે. કોઈ વાતનું એને કહેવાપણું છે જ નહીં.'

શાશ્વત, શ્વેતા અને પપ્પા-મમ્મી સૌ આનંદભરી જિંદગી જીવી રહ્યા હતા. વસંતભાઈ કે રમીલાબેનને શ્વેતા માટે કોઈ જ ફરિયાદ નહોતી. **શ્વેતા એમની બીજી દીકરી બની ગઈ હોય એમ રમીલાબેન એના પર વહાલ વરસાવતા હતા.** એમ માનો કે બંને સાસુ-વહુ મટીને મા-દીકરી બની ગયા હતા!

સામાજિક પ્રસંગોમાં રમીલાબેન એમની દીકરા-વહુ શ્વેતાને પણ સાથે લઇ જતા. એના વાણી, વ્યવહાર અને વર્તનથી પરીચિત થયા પછી સમાજમાં વાતો ચર્ચાતી – 'રમીલાબેનની પુત્રવધૂ ભલે પરજ્ઞાતિની હોય પણ ખૂબ જ વ્યવહારુ અને સમજણી છે. રમીલાબેન નસીબદાર છે. એટલે જ તેમને આવી ઘરરખ્ખુ અને મળતાવડાં સ્વભાવની વહુ મળી છે. શ્વેતા નોકરી કરે છે તોય સરસ રીતે ઘર પણ સંભાળે છે. ખાસ તો એનામાં કોઈ જાતનો રજમાત્ર અહમ છે જ નહીં અને એટલે જ તો શ્વેતા એમના ઘરની લાખેણી વહુ બની ગઈ છે. **દરેક પુત્રવધૂ શ્વેતા પાસેથી સમજણ મેળવે તો એમના ઘર પણ સ્વર્ગ સમાન બની જાય.'**

એક સાંજે શ્વેતાએ કહ્યું, 'મમ્મી, આવતીકાલે સવારે આપણે સૌએ બહારગામ જવાનું છે. એટલે વહેલા ઊઠીને તમે તથા પપ્પા તૈયાર થઇ જજો. સવારે પરવારીને રમીલાબેનને મનગમતા ચુરમાના લાડુ અને વિવિધ નાસ્તાના ડબ્બા ભરાયા. મોટીબેન, જમાઇ તથા વેવાઇ-વેવાણ સાથે સૌ ગાડીમાં ગોઠવાયા. ગાડી હાઈવે પર પૂરપાટ દોડતી હતી ત્યારે રમીલાબેન પૂછતા હતા – 'અરે! તમે અમને કહો તો ખરા કે આપણે બધા ક્યાં જઈ રહ્યા છીએ?' ત્યારે શાશ્વતે કહ્યું, 'મમ્મી, આજે તમને સૌને સરપ્રાઇઝ આપવાની છે. એટલે હું તો બીજું વધારે કહી શકું નહીં.' ચોટીલા, રાજકોટ અને ગોંડલ પછી સૌ જલારામ બાપાના સ્થાનક વીરપુરમાં આવી ગયા. ત્યારે શ્વેતાએ કહ્યું, 'મમ્મી, એક વખત તમે કોઈની સાથે ફોન પર વાત કરતા હતા ત્યારે તમે વીરપુરના જલારામના દર્શને જવાની ઈચ્છા દર્શાવી હતી. આજે આપણે વીરપુર આવી ગયા છીએ. પપ્પા સાથે તમે સૌ ઈષ્ટદેવના દર્શન મન ભરીને કરી લ્યો.' શ્વેતાની આવી વાત સાંભળીને સૌના ચહેરા મલકી ગયા. રમીલાબેનની તો આંખો જ વરસી પડી.

સાંજે સૌ ઘેર પરત આવ્યા ત્યારે બેઠકરૂમની દીવાલ પર રંગીન કલરના ફુગ્ગા, હેપ્પી બર્થ ડે લખેલું તોરણ તથા ટેબલ પર સુંદર મજાની રંગીન કેક જોઇને સૌ અસમંજસમાં મૂકાઈ ગયા. ત્યારે શાશ્વતે ખુલાસો કરતા કહ્યું, 'આજે અમારા પપ્પાનો જન્મદિવસ છે. એટલે આ બધી પૂર્વતૈયારી શ્વેતાએ જ કરી છે. અમારા સૌ તરફથી પપ્પા, તમારો જન્મદિવસ તમને મુબારક!'

'મારો જન્મ દિવસ યાદ રાખીને મને મુબારકબાદી પાઠવનાર તમારા સૌનો આભાર.' ગદ્ગદ્ થઇને વસંતભાઈ બોલ્યા.

રાત્રે જમ્યા પછી વસંતભાઈ એમના પત્નીને કહેતા હતા – 'રમીલા, આપણે જેવું ધારતા હતા એનાથી તો આ સાવ ઊલટું જ થયું! પરજ્ઞાતિની શ્વેતા તો ખૂબ જ સંસ્કારી નીવડી. આપણા બધા જ પૂર્વાનુમાન સાવ ખોટા જ સાબિત થયા, બરાબરને?'

મહિનાઓ, ઋતુઓ અને વરસો પસાર થતા રહ્યા. વસંતભાઈ અને રમીલાબેન હવે ઉંમરની ઉત્તરાવસ્થા તરફ પ્રયાણ કરી રહ્યા હતા. આખોય પરિવાર શાંતિભર્યું જીવન વ્યતીત કરી રહ્યો હતો. એવામાં એક દિવસ રમીલાબેનને ચક્કર આવવાથી તે ગબડી પડ્યા. તાબડતોબ એમને હોસ્પિટલમાં એડમિટ કરી દીધા. જુદા જુદા રિપોર્ટ અને પરીક્ષણો પછી ડોક્ટરોએ નિદાન કરતા કહ્યું, 'એમની બંને કિડની ડેમેજ થઇ ગઈ છે.' બે-એક મહિનાની સારવાર પછી રમીલાબેનની તબિયત થોડા સુધારા પર આવી.

રમીલાબેન, પોતાની કિડનીની તકલીફના કારણે ડાયાલિસિસ તથા અન્ય શારીરિક, માનસિક તકલીફોને માત્ર ને માત્ર દ્રઢ મનોબળથી અવગણીને જીવન જીવી રહ્યા હતા. સગી દીકરી એની પોતાની જનેતાની જેવી સેવાચાકરી કરે એટલી રમીલાબેનની સારવાર શ્વેતાએ મનમાં કોઈપણ જાતના ઉદ્વેગ કે કંટાળ્યા વગર હસતા મુખે કરી. આ માટે ઘર, કુટુંબ કે સમાજમાં શ્વેતાની કોઈ સરાહના કરે ત્યારે એ સામેથી કહેતી, **'એવું કંઈ નથી. હું તો માત્ર મારી ફરજ બજાવું છું. મારા સાસુ મને એમની દીકરી જેવું અને જેટલું વહાલ કરતા હોય તો પછી મારે પણ એમની દીકરી બનીને જ ફરજ અદા કરવી જોઈએ.'**

આખરે એક દિવસ રમીલાબેને આ દુનિયામાંથી વિદાય લીધી. એમના અવસાનથી ઘર-કુટુંબમાં સૌ ગમગીન બની ગયા. શ્વેતા ચોધાર આંસુએ રડી પડી. આ સમયે વસંતભાઈના મનમાં વિચાર આવ્યો કે પુત્રવધૂ શ્વેતાએ સગી દીકરી બનીને રમીલાબેનની સેવાચાકરી કરી છે. રમીલાબેનની જિંદગીના અંતિમ સમયે પણ શ્વેતા જ એમની પાસે હતી. તો પછી અંતિમવિધિ પણ શ્વેતાના હાથે જ કરાવવી જોઈએ. સ્મશાનમાં રમીલાબેનને મુખાગ્નિ પણ શ્વેતા આપે તો એ વધારે ઉચિત ગણાશે. વસંતભાઈના આવા નિર્ણયને ઘર-કુટુંબ અને સમાજના વડીલોએ ઉમંગભેર આવકાર્યો. સસરા વસંતભાઈ, પતિ શાશ્વત, પૌત્ર અને કૌટુંબિક વડીલોની ઉપસ્થિતિમાં સ્મશાને જઇને શ્વેતાએ સાસુ રમીલાબેનના નશ્વર દેહને મુખાગ્નિ આપીને તમામ વિધિ પૂરી કરી. સમાજમાં એક ઉત્તમ અને વ્યવહારુ ઉદાહરણ પૂરું પાડ્યું.

ભૂતકાળના દિવસોમાં પહોંચીને પાછા વળેલા વસંતભાઈ શૂન્યમનસ્ક બનીને સોફા પર બેસી રહ્યા.

થોડીવાર પછી સ્વસ્થ બનેલા વસંતભાઈ સોફા પરથી ઊભા થઈને ધીમા પગલે દીવાલ પર ગોઠવેલા દિવંગત રમીલાબેનના ફોટાની નજીક જઈને સજળ નયને મનોમન બોલ્યા, 'રમીલા, જેને આપણે પરજ્ઞાતિની ગણતા હતા એ શ્વેતાએ દીકરા શાશ્વત સાથે આપણા સૌના વિશ્વાસને કાયમ કર્યો છે. તારી માંદગીમાં એણે જીવ રેડીને તારી સેવા-ચાકરી કરી છે. એટલું જ નહીં, નોકરી કરતી હોવા છતાંય એણે સફળતાપૂર્વક જરાય અહમ્ રાખ્યા સિવાય આપણા ઘરનું સંચાલન કર્યું છે. ત્યારે એક વાત કહેવાનું મન થઇ આવે છે – કૂવા, વાવ, તળાવ કે પછી નદીના નીરની ઊંડાઈનું તળ આધુનિક ઉપકરણોથી તરત મેળવી શકાય છે પરંતુ સ્ત્રીના હૃદયમાં કુદરતે મૂકેલા અને અસ્ખલિત, અહર્નિશ અને અમાપ રીતે વહેતા લાગણીના તળનું ઊંડાણ માપવા ગમે તેટલાં આધુનિક ઉપકરણો પણ અસમર્થ નીવડે એ પણ એક સત્ય હકીકત છે.'

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## મનની વાત

**(અનુસંધાન : પાના નં. – ૧૬ ઉપરથી ચાલુ)**

શકાય? આ માટેના કેટલાક સૂચનોનો આપણે આજથી જ અમલ જાતે કરીએ અને કરાવીએ, તો મને લાગે છે કે આપણે સાચા અર્થમાં જાગૃત અને જવાબદાર નાગરિક આપણી જાતને કહેવડાવવા માટે લાયક બની શકીશું.

સૌપ્રથમ ઘરમાંથી બહાર નીકળતી વેળાએ પોલીસ ૧૦૦૦ રૂપિયાનો દંડ કરે અને આપણે ભરવો પડે એ માટે માસ્કને શોભા પૂરતો દાઢીને પહેરાવીએ એ રીતે ન પહેરતાં યોગ્ય રીતે નાક અને મોં પૂરેપૂરું ઢંકાય તેમ પહેરવાનું આજથી ચાલુ કરીએ.

એકબીજાને ગળે વળગીને કે હાથ મેળવીને મળ્યા તો જ મજા પડી જાય એ રીતે મળવાને બદલે દૂરથી જ નમસ્કાર કરી આપણે મળ્યાની ખુશી દર્શાવીએ.


હાથને વારંવાર યોગ્ય રીતે સાબુથી ધોતા રહીએ.

રજાઓ મળી એટલે ફરવા નીકળી પડ્યા એના બદલે સમજીને હરવા ફરવામાં ને રખડવામાં થોડો સંયમ રાખીએ. કદાચ એક કે બે વર્ષ ફોરેન ટુર જો આપણે નહીં કરીએ તો કંઈ આપણે કંજુસ કે ઓર્થોડોક્સ નહીં લાગીએ એ વાત સમજીએ.

લગ્નો કે અન્ય સાંસારિક, સામાજિક કે ધાર્મિક પ્રસંગો બહુ ઠાઠમાઠથી મોટાપાયે ન ઉજવીએ તો આપણે કંજુસ મારવાડી નહીં ગણાઈએ એવું સૌ સાથે મળીને વિચારીએ.

અને અંતે **"પહેલું સુખ તે જાતે નરવા"**ની વાત હૃદયસ્થ કરી, આપણી તંદુરસ્તી જાળવવા, રોગપ્રતિકારક શક્તિ વધારવા આજથી જ કૃતનિશ્ચયી બનીને પ્રયાસ કરીએ, તો મને લાગે છે કે ૨૦૨૨નું વર્ષ આપણે સાચા અર્થમાં સારી રીતે જીવી શકીશું.

*એ-૫, પ્રિયા પાર્ક, બેંક ઓફ ઇન્ડિયાની પાછળ,*
*ઇલોરા પાર્ક, વડોદરા-૩૯૦ ૦૨૩.*
*મો. ૯૪૨૯૩ ૨૩૫૬૭*



સંકલ્પ

# મનની વાત



ડૉ. અલ્કા એસ. શાહ

આપણા વડાપ્રધાનશ્રી અવારનવાર "મન કી બાત" આકાશવાણી દ્વારા રજૂ કરતા રહે છે. આપણે પણ હોંશે હોંશે એને અનુસરીએ કે ન અનુસરીએ પણ સાંભળીએ છીએ તો જરૂર જ. તો આજે મનેય મારા મનની વાત તમારા સૌની સાથે વહેંચવાનું મન થઈ ગયું છે.

*થોડા સમય પહેલા સરસ વાંચેલું :*

"મારું હૈયું પ્રભુ કરે ચિંતા ઘણી,

*તમે સમજાવો એને હે ચિંતામણિ!*
*વીતેલો સમય ભલે જેવો ગયો...*

*હવે રાખો "ઉદય"ને તમારો ગણી*
*મારું અણગમતું કંઈ થાય છે,*
*એમાં મારું ભલું થાય છે*

*તારું ધાર્યું બધું થાય છે,*
*મને આજે એ સમજાય છે.*

*ના હું કોઈનો ગર્વ લઉં,*
*તારા વિશ્વાસે જ જીવાય છે."*

જ્યારે ૨૦૦૧ની શરૂઆતે ૨૬ જાન્યુઆરીના દિવસે સવારમાં આપણે સૌએ ભીષણ ભૂંકપ અનુભવેલ, ત્યારથી માંડીને આજ દિન સુધી સૌ એ વાત યાદ કરવા જ નથી ઇચ્છતા. એમ જ થાય કે ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧નો એ દિવસ કાળની ગર્તામાં ક્યાંક વિલીન થઈ જાય! એવી જ રીતે બધા એવું જ માને છે કે વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧નો સમયગાળો પણ જાણે કેલેન્ડરમાંથી ભૂંસાઇ જશે પણ સ્મૃતિપટ પર એ અણગમતી યાદો બનીને સચવાઈ રહેશે.

એક પ્રકારની સ્થગિતતા આ સમય દરમિયાન આવી ગયેલી બધાએ અનુભવી જ છે. લોકડાઉનના એ સમયમાં એક જ પ્રકારની રગશિયા ગાડા જેવી ધીમે ધીમે ચાલતી જિંદગીના પસાર થતા એ ભયજનક દિવસો અને **"કદાચ કાલનો સૂરજ આમાંથી મુક્તિ અપાવતો ઉગશે જ"** એવી શ્રદ્ધામાં વીતતા સમયમાં ઝોલા ખાતા આપણે સૌ એવા બેબાકળા બની ગયેલા કે 'હવે શું કરીશું?'ની ચિંતામાં જ સતત જીવતા હતા.

**ભૂતકાળને ભૂલી, આગળ વધવાની વાત તો જાણે સાવ ભૂલાઈ ગઈ હોય એમ આપણે સૌ ફરી આ ૨૦૨૨ના પ્રારંભે વર્તવા લાગ્યા છીએ.**

ઉત્સવપ્રિય આપણે તહેવારો અને લગ્નગાળાની સીઝનમાં મુક્ત મને મહાલવા લાગ્યા અને 'કાળમુખો કોરોના તો હવે ગયો જ સમજોને! હવે તો આપણે વેક્સિનના બબ્બે ડોઝ પણ લઈ લીધા છે. હવે આપણે રાજ્જા!' એવું બધા એકમેકને કહીને આશ્વાસન આપતા રહ્યા. અને ફરી આપણો એ વિજયનાદ પોકળ પુરવાર થાય એવા દિવસો આવીને ઊભા રહ્યા. આપણે તો ઊંઘતા ઝડપાઈ ગયા હોઈએ એવું અનુભવ્યું!!

**વેક્સિનના બબ્બે ડોઝ લીધા પછી પણ ઘણા લોકો ફરી કોરોનાની ત્રીજી લહેરની લપેટમાં આવી ગયા.** એક નાનકડા વાયરસે જાણે સમગ્ર માનવજાતને બાનમાં લઇ લીધી હોય એમ આખું વિશ્વ એની ભયાનકતાના ભયના ઓથારમાં થરથરે છે. અલબત્ત, કેટલાક વીરલા એવા પણ છે કે જે 'કોરોના કી ઐસીતૈસી'ના ખ્વાબમાં હજુય મુક્ત બનીને મહાલે છે.

**આપણા વડીલો કહેતા, 'ભૂતકાળ તમને કંઇક શીખવે છે.' એ વાત આજે બધાએ સમજવી જરૂરી છે.** આપણે છેલ્લા બે વર્ષોમાં મૃત્યુને બહુ નજીકથી જોયું છે. આપણા ઘણા સાજાસમા ને તંદુરસ્ત સ્વજનો જે કોરોનાની લપેટમાં આવી ગયેલા, તેમને ગુમાવ્યા પણ છે. તો વળી કેટલાકે ક્વોરન્ટાઇન પીરિયડમાં મૃત્યુને બહુ નજીકથી અનુભવ્યું પણ છે. તો આ બધામાંથી આપણે કંઈ શીખી ન શકીએ?

હળવું, મળવું ને મોજમજા કરવી એ સૌને ગમે છે પણ અત્યારના સમયમાં એ જ મજા પછી સજા સ્વરૂપ બની જાય તો કેટલું આકરું લાગે છે એ કેમ કોઈ નથી સમજતું? અતિરેકની અનુભૂતિ જ્યારે સમજાય ત્યારે ઘણું મોડું ન થઈ જાય એ માટે અત્યારથી જ જાગૃત થઇ જવાની જરૂર છે એવું નથી લાગતું?

આપણા સૌ ફ્રન્ટલાઇન વર્કર્સ પોતાની જાનને જોખમમાં રાખીને કોરોનાથી સૌને બચાવવા મેદાને પડ્યા છે. આખરે તો એ લોકો પણ કોઈના વહાલસોયા માતા-પિતા, પુત્ર-પુત્રી કે પતિ કે પત્ની હશે જ. તો એમને નજર સામે રાખી, એમની જગ્યાએ આપણી જાતને મૂકી, નવેસરથી જીવનશૈલીમાં બદલાવ ન લાવી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૫ ઉપર)

વંદના

# મોભીના મૂલ



પ્રભુદત્ત ભટ્ટ

માનવી સામાજિક પ્રાણી છે — એ વૈશ્વિક વાસ્તવિક્તા સર્વવિદિત છે. માનવીને એના અસ્તિત્વના આરંભકાળથી એકબીજા વિના ચાલ્યું નથી. પ્રાદુર્ભાવ કાળથી આગળ જતાં જતાં સમૂહના સુયોગ્ય સંચાલન માટે સૌપ્રથમ "લગ્ન સંસ્થા" અસ્તિત્વમાં આવી. એના ફળસ્વરૂપ વિધવિધ પ્રદેશ, કાળ, આવશ્યક્તા અને અનુકૂળતા અનુસાર સંબંધોની હારમાળા પણ રચાતી ગઈ. આ લગ્નસંસ્થાનું પ્રાથમિક અને મુળભૂત સંચાલન પરિવાર ઉપર અવલંબિત છે અને માતા-પિતા એ પરિવારના મુખ્ય સંવાહક, સંવર્ધક અને સંરક્ષક તરીકે ફરજ અદા કરે છે.

વિશ્વના મહદ્ અંશે બધા જ દેશ - પ્રદેશો અને ધર્મ તથા સામાજિક વ્યવસ્થાઓએ પિતૃસત્તાક પરિવારને સ્વીકાર્યો છે, જે અદ્યાપિ વિદ્યમાન છે. આ કારણે પરિવારથી માંડી સઘળા એકમો, ક્ષેત્રો, વિભાગો પુરુષસત્તાક જ રહ્યાં છે... જો કે વહેતા કાલ પ્રવાહમાં એમાં સુચારુ પરિવર્તન પણ આવી રહ્યું છે, એ સ્વીકારવું રહ્યું.

**પરિવાર હોય એટલે મા ની મહત્તા, મમતા અને માધુર્યની તોલે કોઈ ન આવે.** વિશ્વ સાહિત્ય એની ગુણગાથાઓથી ભર્યુંભર્યું છે અને મા ના પ્રેમની પાવનગંગા માનવીથી માંડી પશુપંખી, પ્રાણી તથા કીટક સુધી નિરંતર અને અસ્ખલિત વહેતી રહે છે.

પણ... પરિવાર તો શું કોઈપણ સંસ્થા, સમાજ, રાજ્ય કે રાષ્ટ્ર એના અગ્રીમ મોભીના ખડતલ ખભા કે છપ્પનિયા છાતી વિના આગળ ઉપર કાઠુંય ન કાઢી શકે કે ન તો એના અસ્તિત્વ પણ ટકાવી શકે. **આવા મોભીને સૌએ અદકેરા અહોભાવથી આદર સન્માન આપી તથા એમને અનુસરીને ગૌરવને વર્ધિત કરવું જોઈએ.** એમાં જ અનુગામી પેઢી અને વારસોનું સાચું હિત પ્રત્યક્ષ સ્વરુપે જળવાયેલું હોય છે.

**પિતા, એ પરિવારનો મોભ છે અને પરિવાર એ જીવંત ઘર છે.** જો કોઈ ઘરનો મોભ એના સુયોગ્ય સ્થાનેથી હટે તો આખું ઘર, આખો પરિવાર કડડભૂસ થઇને પડે એ અનુભવજન્ય બાબત છે. પિતા એટલે પારિવારિક વર્તુળના મધ્યબિંદુમાંથી પસાર થતો વ્યાસ. જે પરિઘના દરેક બિંદુને સ્પર્શી શકે. આવા મોભી પિતાનું મૂલ્ય પણ અમૂલ્ય છે. એ પરિવારની સમગ્રતાના દ્યોતક હોય છે. **પુરુષાર્થ, સમજ, શાલીનતા, લાગણી, સંરક્ષણ, જતન, પોષણ જેવી કૈં કેટલીયે પારિવારિક કાવડો એના એકલાના ખભે ટીંગાયેલી હોય છે.** સૌએ એમાં ખિસકોલી વૃત્તિથી સહાયભૂત બનવું જોઈએ અને જો એમ થાય તો આ મોભીનું મહાકાર્ય ઉજળું ઉજળું થઈ જાય.

પિતા, એ એવું વટવૃક્ષ છે જેની છાંય હેઠળ સૌને વિરામની જ અનુભૂતિ થાય. કઠિન પરિસ્થિતિમાં એ સબળ સારથી છે જેના આધારે વિજય પ્રાપ્ત થઇ શકે. પરિવાર સામે આવતી મુશ્કેલીઓ સામે બાથ ભીડવાની તાકાત પણ આ મોભી એવા પિતાની પાસેથી જ મળતી હોય છે! પિતાના અનુભવ ભાથાના તીર, એ યુધ્ધ જીતવાના પ્રેરકબળ બની રહે છે. એ જ રીતે એમની હામ - હિંમત, એ ઘાવ ઝીલવાના ટાણે બખ્તરની ગરજ પણ સારે છે.

**પિતાના પરસેવાની સુગંધને જે જાણી શકે, તે જ એની મધુરપને પામી શકે અને માણી શકે. પિતા એ સફરજન સમાન નહીં પણ શ્રીફળ સમાન છે.** એના ફળત્વને પામવા બહારના રૂક્ષત્વને ત્યજી અંદર સુધી જવું પડે તો જ એની મીઠાશ માણી શકાય. પિતા, ભલે ને કોટ્યાધિપતિ હોય કે છાપરીમાં રહેતો હોય ગરીબ માણસ — પણ એ બંનેમાં પરિવાર માટે એકસરખી લાગણી વહેતી હોય છે. પિતા એટલે પરિવારની ભીંતે ખોડાયેલી એવી ખીંટી છે, જેણે હથોડીના ઘા પણ સહેવા પડે અને ભાર પણ ઉંચકતા રહેવું પડે. આવા પિતા — આવા મોભીના કર્તૃત્વને મા ની સરખામણીમાં કદી ઊણું તો ન જ આંકી શકાય.

સ્થુળ સ્વરુપે ઘરનો મોભ એટલે શું એ તો દાયકાઓ પૂર્વે લાકડાંના સ્ટ્રક્ચર હેઠળ બનતાં ઘર માટે ખારવા - ખલાસી અને કારીગરોની કુનેહ, આવડત અને જહેમતથી સ્થાપિત થતા મોભને જોયો હોય તે જ જાણી શકે. હવે તો આવી ઘટનાઓ નજરોનજર જોવી પણ દુર્લભ બનતી જાય છે. એ મજબૂત મોભની માન મર્યાદા અને પવિત્રતા જાળવવા એને વસ્ત્રાભિધાન અને પૂજન અર્ચન સહિત સ્થાપિત કરવામાં આવતા. એ પછી આખા ઘરનો ભાર અને આકાર એના ઉપર અવલંબિત થઈ જાય છે. આવી જ ભાવના અને લાગણી ઘરના, દેશના કે પછી દરેક

સંસ્થાના મોભીઓ માટે એકસરખી રીતે વણાયેલી રહે તો તે સર્વજન હિતાય અને સર્વજન સુખાય ફલિત થાય છે.

મોભી જો મુલાયમ રહે તો એના આશ્રિતોની મજબૂતાઇ પણ ક્ષીણ થઇ જાય છે. **સાંપ્રત સમયમાં કઠિન પરિસ્થિતિ સામે સંઘર્ષ કરવાની સ્વયંશક્તિ કેળવવી હોય તો એના પદાર્થપાઠ મજબૂત મોભી એવા પિતા પાસેથી જ શીખી શકાય.**

મોભીના મૂલ વર્ણવતી આટઆટલી વાતોથી આપણા પરિવારો કે સમાજ કાંઈ છેક આંધળો કે બહેરો નથી. તેમ છતાં પ્રવર્તી રહેલ કેટલીક કટુ વાસ્તવિક્તાઓ પરત્વ નજર નાખવી આવશ્યક છે. મોભી સમાન પિતા તરફથી સ્થૂળ સ્વરુપે મળતી અસ્ક્યામતો, મિલ્કતો અને અનામતો ઉપર આધાર રાખી જીવનારા કેટલાય નઠારા સંતાનો એમને હડધૂત કરી દે છે. એમની ઉંમર – અવસ્થા અને શારીરિક સ્થિતિ પરત્વે દુર્લક્ષ પણ સેવે છે. એમના યોગદાનને વિસારે પાડી અપમાન, તિરસ્કાર અને નફરતની લહાણી કરતા હોય છે. આવા જ કારણોસર દુર્ઘટનાભર્યા મોતને સ્વીકારનાર મોભીઓના – પિતાઓના સમાચારોથી અખબારો ભર્યા પડ્યા હોય છે. આવા સમયે મન ગ્લાનિ અનુભવે છે. આપણે ઇચ્છીએ કે સંતાનો ભલે આવા મોભી પિતાઓનું સન્માન કે ગૌરવ ન જાળવી શકે તો છોરુ – કછોરું ગણી માફ કરી શકાય પણ એથી વિપરીત વર્તન કે આચરણ કરે તો તે ક્ષમ્ય ન જ ગણાય.

કેટલીક કાવ્ય પંક્તિઓમાં પણ આવી જ ભાવના વ્યક્ત થાય છે :

★ *સહુ સ્વજનને સુખડાં પાવા,*
*સાથ સાથ દુ:ખડા દૂર કરવા*
*સદા મથે એ માણસ – પિતા!*

★ *બળે ખુદ એ ધૂપ થઈને,*
*નિજત્વને વિખરાવી દેવા*
*સદા મથે એ માણસ – પિતા!*

★ *સહુના પૂરા કરે ઓરતા,*
*અતીતની વાતોમાં વહેતા*
*સંસ્કારોની સરવાણીને*
*સદા સીંચે એ માણસ – પિતા!*

સંક્ષિપ્તમાં એટલું તો સૌએ જાણવું જ રહ્યું કે આપણી નજર સમક્ષ જીવતા જાગતા મોભ સરીખા પિતાનું મહત્ત્વ, માન, મર્યાદા અને ગૌરવ જળવાય એમાં જ સૌનું સાફલ્ય સમાહિત થઇ જાય છે.

*એએ-૧૭, સાંઇકૃપા બંગ્લોઝ, રાજરત્ન સોસાયટી નજીક,*
*ઝાડેશ્વર, ભરૂચ - ૩૯૨ ૦૧૧.*
*મો. ૯૯૨૫૦ ૯૩૪૩૮, ૯૪૨૭૧ ૧૫૦૫૩*

## અંધશ્રદ્ધા

**(અનુસંધાન : પાના નં. – ૧૨ ઉપરથી ચાલુ)**

અતિ ધાર્મિકતાવાળા અસંખ્ય ધાર્મિક સ્થાનકો ધરાવતા ધાર્મિક ક્રિયાકાંડ કરતા આપણા દેશમાં જ ગરીબાઈ, ભૂખમરો, માંદગી, કૂપોષણ, સ્ત્રીઓનું શોષણ, અપ્રામાણિકતા તથા અકાળે અવસાનના પુષ્કળ બનાવો બને છે. જ્યારે **યુરોપનાં ને દુનિયાનાં અન્ય વિકસિત દેશો આપણાં જેવા ધાર્મિક વાતાવરણમાં માનતા ન હોવા છતાં ખૂબ જ સુખી છે.** આપણા દેશ જેવી કોઈ વિકટ સમસ્યાઓ નથી. બધી ભૌતિક સુખ સગવડો ભોગવે છે, પ્રામાણિકતા છે. કોઈ કોઈનું શોષણ નથી કરતા. માનવતાવાદી છે. સારવાર વગર કે ભૂખમરાથી ભાગ્યે જ કોઈનું મૃત્યુ થાય છે. શુદ્ધ હવા, પાણી તથા ખોરાક મળે છે. રોટી, કપડા તથા મકાનની સગવડોથી કોઈ વંચિત નથી. આપણા જેવા ભ્રષ્ટાચાર કે કામચોરી નથી. **અસાધ્ય રોગમાં અંધશ્રદ્ધા રાખી, આપણે તેને દૈવી શક્તિ ગણી, પૂજા કરી. જ્યારે તેઓએ સંશોધનો કરી દવાઓ શોધી, માનવને રોગમુક્ત કર્યો.**

પાપ-પુણ્યની માન્યતા વિકસિત કરવાનો આપણા ઋષિમુનિઓનો હેતુ અગાઉનાં હિંસક તથા અસંસ્કારી મનુષ્યને સારા કર્મો કરવા તરફ વાળવાનો છે. આજનાં વિકસિત, સુસંસ્કૃત તથા વૈજ્ઞાનિક શોધોથી માનવ જીવનને સ્વર્ગનું સુખ આપતા જમાનામાં આવી માન્યતાઓનું ઔચિત્ય નથી. વૈજ્ઞાનિકોએ આધુનિક ટેકનોલોજી વિકસાવી માનવજાતને ધરતીકંપ, અતિવૃષ્ટિ, સુનામી તથા દુષ્કાળ જેવી કુદરતી આફતોમાંથી બચાવી છે. **આપણે આવા ડોક્ટરો તથા વૈજ્ઞાનિકોને નમસ્કાર કરી માન સન્માન આપવાની જરૂર છે, લેભાગુ લંપટ ધર્મ ગુરુઓને નહીં.**

**લોકોની ધર્મશ્રદ્ધા તોડવાની જરૂર નથી પરંતુ લેભાગુ ધર્મ ગુરુઓની જાળમાંથી લોકોને બચાવવાની વાત છે. સમાજે જાગૃત થવું પડશે. ટી.વી. અખબારોને અંધશ્રદ્ધા ફેલાવતા અટકાવવા પડશે.** અંધશ્રદ્ધા નિર્મૂળ કરતી સામાજિક સંસ્થાઓએ લોકોની માન્યતાઓને બદલાવવી પડશે. લેભાગુ ધર્મ ગુરુઓની લંપટ લીલા બહાર આવે તે પહેલાં જ આવા ધર્મ ગુરુઓની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવી પડશે. સરકારે તે માટે યોગ્ય કાયદા ઘડવા પડશે. દુનિયામાં કોઈ સમાજને ધર્મ વગર ચાલવાનું નથી કારણકે માણસની દરેક પ્રવૃત્તિ ધર્મ સાથે સંકળાયેલી છે. સાચો ધર્મ લોકોમાં શ્રદ્ધા જન્માવી, ભક્તોને માનસિક શાંતિ આપે છે. વિવિધ યાતનામાંથી છોડાવે છે. **દયાનંદ સરસ્વતી, વિવેકાનંદ, ગાંધીજી જેવા સમાજ સુધારકોની તાતી જરૂરત છે.** આ માટે સમાજનાં વિવિધ સંગઠનોએ જહેમત ઉઠાવવી પડશે. ને તો જ ભૌતિક સગવડોથી ભરેલી આ દુનિયામાં સાચું સ્વર્ગ ઉતરી આવશે.

*"સિધ્ધિ વિનાયક", પ્લોટ નં. ૪૫/બી,*
*શેરી નં.-૧, નટરાજ નગર, ધોળકિયા સ્કૂલ સામે,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ. ● મો. ૮૯૦૫૦ ૮૮૭૨૭*

કથા ચરિત્ર – (૨)

# મને ગમતું પાત્ર....



પ્રો. કે.જે. સુવાગિયા

મને એક પ્રશ્ન એવો પૂછાયો કે, પૌરાણિક પાત્રોમાંથી આપને ગમતું પાત્ર કયું છે? શા માટે?

તો, એનો ત્યારે જે જવાબ આપ્યો હતો તે અહીં પ્રસ્તુત કરું છું : કોઈ એક બે નહીં, ઘણા બધા પાત્રો છે, જેને હું મારા ગમતા પાત્રો કહી શકું! એ બધા જ પૌરાણિક પાત્રો વિશે જેટલું જાણીએ તેટલું ઓછું છે. એમાં પણ પૌરાણિક સ્ત્રી પાત્રો કે જે દેવો, મહર્ષિઓ, યોદ્ધાઓ, યક્ષો, ગંધર્વો, રાક્ષસોની માતા, પત્ની, પુત્રી, બહેન વગેરે હતી, તેમના વિશે આપણે જો વિસ્તારથી જાણીએ તો ઘણા બધા આપણાં ગમતાં પાત્રોની હારમાં ગોઠવાઈ શકે!

પણ, આજે મારે અહીં એક પાત્ર વિશે ખાસ કહેવું છે, જેના પ્રત્યે મારો ખાસ પક્ષપાત છે, વિશેષ અનુરાગ છે. એ છે 'કૃષ્ણ!'

કૃષ્ણને આપણે ખૂબ હળવાશથી લીધો છે. જો કે એમાં કશું ખોટું પણ નથી, કારણકે કૃષ્ણનું ચરિત્ર જ એવું છે! એનું સ્મરણ થતાં જ આપણે હળવાં ફૂલ થઇ જઈએ છીએ!

*એના મુખ પર મલપતું હાસ્ય હળવું છે!*<br>
*એની નાચતી આંખોમાં કાજલ હળવું છે!*<br>
*એના માથે ધરેલું તો મોરપીચ્છ હળવું છે!*<br>
*એના અંગે જે ધર્યું તે પીતાંબર હળવું છે!*

*એના અધરે ધરી તે વાંસળી હળવી છે!*<br>
*ને વાંસળીથી વહેતા સૂર પણ હળવા છે!*<br>
*યમુના કિનારે કદંબ છાંયડી હળવી છે!*<br>
*ને યમુનાનાં વહેતાં નીર પણ હળવા છે!*

*ખભે કામળી ને હાથે છડી હળવી છે!*<br>
*કાંડે કડાં ને કાને કડી હળવી છે!*<br>
*આંગળીએ વેઢ ધર્યા રત્નજડિત છે!*<br>
*પગે છડાં ને નીચે મોજડી હળવી છે!*

**કૃષ્ણનાં આવા હળવા, કોમળ, સુંદર, કામણગારા સ્વરૂપની કલ્પના કોઈને પણ ચિંતામુક્ત અને હળવા કરી દેવા સમર્થ છે!** કૃષ્ણ દરેકને પોતાના ઈચ્છિત સ્વરૂપે મળે છે. તે પુત્ર, મિત્ર, ભ્રાતા, સખા, સાથી, રસિક, પ્રેમી, પાલક, રક્ષક, ઉધ્ધારક, સંહારક, માર્ગદર્શક, શિષ્ય, ગુરુ, યોગી, ભોગી, ત્યાગી, યોદ્ધા, રાજા, રાજનીતિજ્ઞ, કૂટનીતિજ્ઞ અને સર્વજ્ઞ છે...

...ને તેમ છતાં તે આપણને સરળ, સહેલો અને સાદો લાગે છે! ...કારણકે તે ઋષિમુનિઓને નહીં, વ્રજવાસીઓને પ્રાપ્ય છે! ...કારણકે તે કર્મકાંડને નહીં, ભોળાભાવને પ્રાપ્ય છે! ...કારણકે તે જ્ઞાનને નહીં, પ્રેમને પ્રાપ્ય છે!

કૃષ્ણ જેટલો જ્ઞાનથી સમજાય છે એથી વિશેષ ભક્તિથી સમજાય છે અને જેટલો ભક્તિથી સમજાય છે એથી વધારે પ્રેમથી સમજાય છે! ખરું પૂછો તો કૃષ્ણને પામવો સહેલો છે, પરંતુ તેને સમજવો મુશ્કેલ છે. તેથી જ તો કૃષ્ણ અગમ છે, ઊંડો છે, અઘરો છે, અટપટો છે! પણ આપણને તો એ – મનમોહક, મુરલીધર, શ્યામસુંદર, ગોપાલ, ગોવિંદ, मधुराधिपतेरखिलम् मधुरम् જ પ્રાપ્ય છે.

કૃષ્ણના અહોભાવમાંથી બહાર આવી અને એને તટસ્થતાથી જોવા જઈએ તો, 'કૃષ્ણ' કોઈ વ્યક્તિ ચરિત્ર, કોઈ મહાપુરુષ, કોઈ અવતારી કે દૈવી શક્તિ કે કોઈ ભગવાન વગેરે નથી! **'કૃષ્ણ' એ ભારતીય સંસ્કૃતિની એક મહાન વૈચારિક સંસ્થા છે!**

**ભારતીય સંસ્કૃતિના સંવનન, સંવર્ધન, સંરક્ષણથી માંડી ચિંતન સુધીની તમામ પ્રક્રિયામાં કૃષ્ણ સંકળાયેલો છે!**

**'यदा यदा ही धर्मस्य ग्लानिर्भवति भारत'** ત્યારે ધર્મનાં ઉત્થાન માટે તે સદેહે જરૂર આવશે, કિન્તુ સૂક્ષ્મ દેહે તો તે હંમેશાં ભારતીયતામાં વ્યાપ્ત છે.

એટલે જ કહી શકાય કે, ભારતીયતાનાં કણકણમાં કૃષ્ણ વસે છે! ભારતીયતાનાં શ્વાસોચ્છ્વાસમાં કૃષ્ણ શ્વસે છે! ભારતીયતાની નસનસમાં કૃષ્ણ રક્ત બનીને વહે છે! કૃષ્ણ વગરના ભારતની કલ્પના અશક્ય છે. કારણકે, ભારત, કૃષ્ણનો સ્થૂળ દેહ છે, ને કૃષ્ણ, ભારતનો સૂક્ષ્મ પ્રાણ છે!

તેથી વર્તમાન સંદર્ભે ખાસ, જો કૃષ્ણને સમજી લઇએ તો જગતની વર્તમાન અને આગામી તમામ સમસ્યાઓનું નિરાકરણ આવી જાય! વ્યક્તિગત રીતે પણ જો કૃષ્ણમય રહીએ તો દુઃખ-દર્દ, વિષાદ, અવસાદથી કોશો દૂર રહીએ!!

*આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજ*<br>
*જૈન મંદિર પાસે, બોરસદ, જિ. આણંદ.*<br>
*મો. ૯૯૭૯૦ ૮૪૧૦૭*

ગુલશન

# "દિલની જબાન"

## સ્વર-શબ્દની સામ્રાજ્ઞી : અંજના ગોસ્વામી

મણકો-૧૫



ચંદ્રકાંત પટેલ 'સરલ'



**અંજના ગોસ્વામી**
૩૦૧, શિવધારા ફ્લેટ્સ,
તખતેશ્વર તળેટી,
વાઘાવાડી રોડ, ભાવનગર.
**મો. ૯૮૭૯૬ ૦૦૬૦૧**

*છેલ્લા ઘણા સમયથી જેમના ગીતો - ગઝલોએ સોશિયલ મીડિયા, ટી.વી. ચેનલોમાં તરખાટ મચાવ્યો છે, જેમના શબ્દોએ લોકોને ઘેલા કર્યા છે, યુવાન હૈયાના દિલ ડોલાવ્યા છે અને એને સાંભળીને **U.S.A.** વિદેશી કંપની **HIMTAM** એ જેમના ત્રણ ગીતોનું ફિલ્માંકન કર્યું છે તથા બોલીવુડના પ્રસિદ્ધ ગઝલ ગાયક મનહર ઉધાસે પોતાના ૩૫મા આલ્બમ "અફલાતુન"માં જેમની ગઝલને સ્વર આપીને સમાવેશ કર્યો છે, એવા ભાવનગરના નવોન્મેષ યુવા કવયિત્રી એટલે અંજના ગોસ્વામી. તેમનું ઉપનામ છે 'અંજુમ આનંદ.'*

*ભરૂચ જિલ્લાના 'કરગટ' ગામે જન્મેલા અંજના ગોસ્વામીને નિષ્ક્રિય થઈને બેસવું ગમતું નથી. **B.Com.** થયા બાદ **L.L.B.** નો અભ્યાસ કર્યો અને અભ્યાસ દરમિયાન જ શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવી. ત્યાંથી આગળ વધી સિટી યુનિયન બેંકમાં બેન્કર તરીકે જોડાયા અને બાર વર્ષ સેવા આપી. આ દરમિયાન ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના વતની ડૉ. આનંદ ગોસ્વામી સાથે લગ્ન કરી ભાવનગરમાં સ્થાયી થયા. ડૉ. આનંદ ગોસ્વામી સાહેબ ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર છે.*

*ફેશન ડિઝાઈનિંગનો શોખ હતો, આવડત હતી એટલે પોતાનું બૂટીક શરૂ કર્યું. એમાંય સફળતા અને ઍવોર્ડ મળ્યા. નાનપણથી ગાવાનો શોખ હતો અને એ શોખને જીવંત રાખવા સંગીત ક્ષેત્રે પ્રવેશ્યા અને સારા ગાયક તરીકે ઉભરી આવ્યા.*

*બે બાળકો – દીકરી 'મહેક' અને દીકરો 'ક્રિશિવ'ના જન્મ પછી તેમણે સુરતના સુપ્રસિદ્ધ કવિ એવા શ્રી કિરણસિંહ ચૌહાણ પાસેથી અપ્રત્યક્ષ રીતે વોટ્સએપના માધ્યમથી છંદો વિધાનનું ઓનલાઈન શિક્ષણ મેળવ્યું ને આજે આપણે જોઈએ છીએ કે જે સર્જકે પચાસ વર્ષની સાહિત્ય સાધના પછી પણ જે પ્રગતિ નથી કરી એવી પ્રગતિ અંજનાબહેને ત્રણ વર્ષ જેવા સાવ ટૂંકા ગાળામાં કરી સાહિત્ય જગતમાં બહુ મોટું સ્થાન હસ્તગત કર્યું છે.*

*મોરારિબાપુને ઉદ્દેશીને લખાયેલી તેમની ગઝલથી પ્રેરાઈને દેવભૂમિ દ્વારકાની 'નવગુજરાત સંગીત વિદ્યાપીઠ - ભાટિયા' દ્વારા કવયિત્રીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું ને કવયિત્રીની ગઝલને સંગીતની દુનિયા ચેનલમાં સ્થાન અપાયું. ઓલ ઈન્ડિયા રેડિયો, આકાશવાણી - અમદાવાદ અને ભાવનગર, ગુજરાતી ટી.વી. ચેનલો, જાહેર મુશાયરા આદિમાં તેમના ગીતો - ગઝલો સતત વહી રહ્યા છે. ગુજરાતમાં સાહિત્યિક મેગેઝિનો કુમાર, કવિલોક, કવિતા, શબ્દસૃષ્ટિ, શબ્દસર, ધબક, તાદર્થ્ય વગેરે જેવા અતિ પ્રખ્યાત સામયિકોમાં તેમની ગઝલો સ્થાન પામી રહી છે **અને હવે તેઓ 'મંગલ મંદિર' સુધી પહોંચ્યા છે. 'મંગલ મંદિર' કવયિત્રીને હંમેશાં આવકારશે.***

*કવયિત્રી હાલ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન લેડિઝ ક્લબનાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી રહ્યા છે અને સૌમ્ય ચેરિટેબલ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે જોડાઈને સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યાં છે. કવયિત્રીનું સર્જન કાર્ય અને સેવાકીય કાર્ય ઊંચાઈ પામતું રહે એવી શુભ કામનાઓ.*

***– તંત્રી મંડળ***

ગઝલ - કાવ્ય ક્ષેત્રે ટૂંકા ગાળામાં મહાસિદ્ધિ હાંસલ કરી ઊંચા શિખરે પહોંચનાર જો કોઇ કવયિત્રી હોય તો તે અંજના ગોસ્વામી એક જ છે. ગુજરાતના અતિ શ્રેષ્ઠ ગણાતા કવિ - લેખકોએ તેમનાં લખાણથી પ્રભાવિત થઇ તેને ઊંચા શિખરે બેસાડી દીધી છે.

આમેય ‘ગોસ્વામીઓ’માં વિદ્વતા છલકતી જ હોય છે. આ મારો જાત અનુભવ છે. આજના સમયના તેજસ્વી કલાકારો - હરદ્વાર ગોસ્વામી, સંજય ગોસ્વામી, અશોકપુરી ગોસ્વામી, ડૉ. પૂર્વી ગોસ્વામી, મનોજ ગોસ્વામી અને અંજના ગોસ્વામી વગેરે તેનાં ઉદાહરણ છે. ખુદ ઈન્દ્રદેવ ગોસાવી (ગોસ્વામી) હતો. સંત તુલસીદાસ ગોસ્વામી હતા.

*ગોસાવ્યા યાતિકુળ શ્રેષ્ઠ માની ।*
*તયાસી ઉત્તમ નાહી યાતિ કોણાહી ॥*
*તોચિ એક બહુ પૂજ્ય શુચિ ।*
*ત્યાચી પુરાણે ભાટ ઝાલી ॥*

ગોસાવ્યા એટલે ગોસ્વામી. ગોસ્વામીઓને હું જાતિમાં શ્રેષ્ઠ ગણું છું. તેમના જેવી ઉત્તમ જાતિ બીજી કોઈ નથી. તેઓ ખૂબ જ પવિત્ર અને પૂજ્ય છે. એટલા માટે જ તેઓની કીર્તિ પુરાણોએ પણ ગાઈ છે.

અંજના ગોસ્વામીનું એક જ પુસ્તક ‘યાદ કર’ પ્રગટ થયું છે. એક જ પુસ્તકે તેને શિખરે ચડાવી દીધી છે. તેમના આ ગઝલ સંગ્રહમાં ભાષાની સાદગી અને અભિવ્યક્તિની જે છટા છે, જે શૈલી છે તે નવું જ પ્રતિબિંબ પાડે છે અને એના કારણે જ આ સંગ્રહ ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યો છે. **કવયિત્રીએ ભાષાને નવું સ્વરૂપ નથી આપ્યું, પણ વ્યવહારની ભાષા વાપરી, એ ભાષામાંથી નવા જ સંકેતો ઉપજાવ્યા છે.**

કવયિત્રીની ગઝલોનો પ્રમુખ રંગ તો પ્રેમનો, તગઝ્ઝુલનો જ છે પરંતુ તેને વ્યક્ત કરવાની જુદી શૈલી તેમની પ્રતિભાનાં દર્શન કરાવે છે. પ્રત્યેક શે’રમાં પારદર્શિતા અને ચોટ લાવવા તેણીએ પોતાનો સાહજિક ગુણ આગળ કરી સાંગોપાંગ ઉત્કૃષ્ટ સર્જન કર્યું છે, ને ગઝલને નવો મિજાજ આપ્યો છે.

***છે મજબૂરી મારી ઘણી ને ઘણાયે છે બંધન,***
***જો પાછી વળી ના શકું તો મને માફ કરજે.***

આ શે’રની અરૂઝની દૃષ્ટિએ – લગાગા – બહેર મુતકારિબ મુસમ્મન સાલિમની છે. **લગાગાના પાંચ આવર્તનની બેત** લાંબી કે ટૂંકી નહીં છતાં મધુર બની છે. કવયિત્રી એ વાત બરાબર સમજે છે કે, ગઝલને સફળતાના પાયદાને પહોંચાડવી હોય તો તેના પાયા તરીકે કાફિયા - રદીફ મજબૂત હોવા જોઈએ અને તે સુયોગ્ય રીતે અને અનોખી રીતે મૂકાવા જોઈએ. તો જ શે’રમાં મિજાજ અને મસ્તી આવે. જુઓ આ શે’ર :

***ઈશારે કહ્યું એણે કે તું ગમે છે,***
***ને મેં પણ કીધું કે મારી હા છે.***

કવિ - વિવેચક ડૉ. દેવ યોગી કહે છે કે, જ્યારે પ્રેમનો અનુભવ થાય છે ત્યારે તેની રેખા કોઈ દોરી શકતું નથી. પ્રેમી એક મીઠી બેહોશીમાં સરકી જાય છે. પરંતુ એના હોઠ પર કવિતા જાગતી રહે છે. પ્રેમીના દિલમાં તાપ અને સંતાપ હોય તો પણ તે બીજાને હરકત કરવા માંગતો નથી. જાતે જ બળવા માંગે છે.

*અંજના ગોસ્વામીનો આવો જ શે’ર જુઓ :*

***ઘણું શીખી લીધું મેં તો સળગતાં લાકડાં પાસે,***
***બધાને હૂંફ આપીને મજાથી રોજ બળવાનું.***

કવયિત્રીનો ગઝલ સંગ્રહ ‘યાદ કર’માંથી પસાર થતાં તેમની ગઝલોમાંના મોટાભાગના શે’રોમાં વાસ્તવિક અનુભવોનું સ્પષ્ટ ચિત્ર અંકિત થતું જોઈ શકાય છે. જાણે કે કવયિત્રી ઘટતી કે ઘટેલી ઘટનાઓને શબ્દદેહ આપી વર્તમાન સમયની અનુભૂતિ કરાવે છે.

કવયિત્રીની અનોખી અભિવ્યક્તિ કેટલી લાજવાબ છે? જુઓ :

***માળિયું આ મનનું મેં ખાલી કર્યું છે આખરે,***
***એક પણ વસ્તુ નકામી લાવવા નહીં દઉં હવે.***

‘મનનું માળિયું’ માળ એટલે મેડો. ગામડાંઓમાં માલ ભરવા માટે ઘરમાં ‘માળિયા’ કરાતા હોય છે. તેમાં ઘણી બધી વસ્તુઓ સંઘરાઇને પડી રહે છે. અહીં કવયિત્રી પોતાના મનમાં કરેલા માળિયાની વાત કરે છે ને કહે છે કે, મેં મારા મનના માળિયામાં જે કાંઈ ભર્યું હતું તેને ખાલી કરી દીધું છે. હવે એક પણ બેફિઝુલ, નકામા વિચારને લાવવા નહીં દઉં, કે એમાં કોઇને પ્રવેશવા નહીં દઉં.

શબ્દો દ્વારા વિચારોના વર્તુળને વ્યાપક બનાવનારાઓની અસર જન-સમાજ પર સામાન્યતઃ ઘણી પડે છે, પરંતુ તેનો કસ કાઢતાં પ્રતીત થાય છે કે સર્જકોમાં વિચારોનું ઊંડાણ અને અનુભવ કેટલા છે? જેટલું ઊંડાણ અને અનુભવ સાથે જેટલું વાસ્તવિક અનુસંધાન, તેટલી વ્યાપકતામાં તથા ટકાઉપણામાં તેની અસર વધુ જણાય છે.

આપણા વિદ્વાનો પણ કહે છે કે, જે તાકાત મુત્સદ્દીઓની ચાણક્યતામાં નથી, જે તાકાત સમ્રાટની શમશેરમાં નથી કે સરમુખત્યારની નિર્દયતામાં નથી, તેથી અધિક સામર્થ્ય સાહિત્યકારની કલમમાં છે.

અહીં કવયિત્રીએ સાહિત્યનું ફલક ખુલ્લું, મુક્ત કર્યું છે. બંધિયાર જીવન નથી બનાવ્યું. મોટી ઉડાન ભરી છે અને દરેક

ક્ષેત્રો સર કર્યા છે. તે ક્યાંય અટવાઈ નથી. પ્રગતિની હર દિશા ખોલવા માટે એ જરૂરી પણ છે.

આપણી ઉર્દુ ભાષાના મહાન શાયર ઈકબાલ પણ કહે છે:

*ઈન શાખો-ગુલોમેં ઉલઝકર ન રહના,*
*તેરે વાસતે આસમાં ઔર ભી હૈ.*

શાયર કહે છે કે જીવનને આગળ ધપાવવા, વધારે ઊંચાઈઓ સર કરવા, આંખો અને પાંખોને ખોલવી જરૂરી છે. આ સામાન્ય ડાળીઓ અને ફૂલોમાં અટવાઈને રહી જવાનું નથી. વિશાળ આકાશનો વિસ્તાર તારી રાહ જુએ છે. ચેતનાને બંધ રાખી ન શકાય.

શાયરા પણ ક્યાં નાસીપાસ થાય એમ છે. તે જવાબ આપે છે :

*દૂર છે મંઝિલ અને રસ્તાય દુષ્કર છે ઘણા,*
*પણ હજી સાબૂત છે પગ, ક્યાં છે કોઈ ગમ મને?*

— આટલું કહી લીધા પછી તે શાયર ઈકબાલની સલાહ - સૂચનને સ્વીકારે છે, સ્વાગત કરે છે અને અડગ બનીને હિંમતથી કહે છે :

*પ્રજ્વલિત તું રાખ ખુદમાં શક્યતાની જ્યોતને,*
*ધારણા તું કર કે હું જે પણ વિચારું, થઈ જશે.*

કવયિત્રીની અભિવ્યક્તિની આવી શક્તિએ જ તેને સ્ટાર બનાવી છે, જબરદસ્ત નામ અને ઊંચાઈ અપાવી છે. તેણી કહે છે કે મારા માટે કવિતા એટલે હૃદયની ઊર્મિઓને, સંવેદનાઓને વ્યાપક બનાવવી. હું કવિતાના વિષયને પ્રાધાન્ય નથી આપતી, પરંતુ શબ્દ અવતરણ લોકોના હૃદયને સ્પર્શી જવું જોઈએ. મારું સર્જન જમીન સાથે, હૃદય સાથે જોડાયેલું હોવું જોઈએ. હું જ્યારે લખવાનો પ્રયત્ન કરું છું ત્યારે મારો આત્મા મને અંદરથી ધક્કો મારતો હોય એવું લાગે છે.

હા, સાચી વાત છે અંજનાબહેનની. આત્માના ધક્કા સિવાય હૃદયંગમ સર્જન સંભવ ન બને. જો કવયિત્રીને આત્માએ ધક્કો લગાવ્યો ન હોત તો એમણે ત્રણ વર્ષ જેવા ટૂંકા સમયમાં આભ આંબ્યું ન હોત! હા! એ પણ ખરું છે કે જેમ પુરુષની પ્રગતિ પાછળ સ્ત્રીનો હાથ હોય છે, તેમ સ્ત્રીની પ્રગતિ પાછળ પણ પરોક્ષ રીતે પુરુષનો સહયોગ હોય જ છે. એ વિના બંને સફળતા હાંસલ ન કરે. આ કવયિત્રીની સફળતા તેમના પતિ ડૉ. આનંદભાઈ ગોસ્વામીના સહયોગને આભારી છે, એમ કવયિત્રી પોતે સ્વીકારે છે.

**વિષય અને ભાવસ્પંદન જ્યારે અભિવ્યક્તિનું કલારૂપ ધારણ કરે છે, ત્યારે જ કવિતા નિર્માણ પામે છે, એ તો બરાબર પરંતુ લખવા ખાતર લખવું એનો કોઇ મીનિંગ નથી. લખ્યા પછી એ લખાણ બીજાના હૃદયમાં ઊતરી તેને નવી દિશા બતાવતું, નવું જીવન દેદીપ્યમાન કરતું હોવું જોઇએ.**

કવયિત્રીના કાવ્યગુરુ કિરણસિંહ ચૌહાણ પણ કહે છે :

*કૈંક સોંસરવું ઊતરવું જોઈએ,*
*માત્ર લખવું એટલું કાફી નથી.*

કવયિત્રીની 'યાદ કર' શીર્ષકવાળી ગઝલ સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી રહી છે. આ ગઝલને મનહર ઉધાસે ગાઈ છે ને પોતાના આલબમમાં સંગ્રહિત કરી છે. દાંપત્ય જીવનને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ ગઝલમાં રજૂ થયેલા હૃદયના ભાવ સંવેદનો ઘણા જ ઋજુ આલેખાયા છે.

*આ ગઝલના ત્રણ શે'ર જુઓ :*

*તેં કહ્યું'તું મને એ બધું યાદ કર,*
*આપણી વચ્ચે જે પણ હતું યાદ કર.*

*જિંદગી થઈ'તી જેના થકી તરબતર,*
*તું કમોસમનું એ માવઠું યાદ કર.*

*ને સમજ આમ તો બહુ હતી બેઉમાં,*
*તો પછી ક્યાં પડ્યું વાંકું? તું યાદ કર.*

તેમના પ્રત્યેક શે'રમાં લયનું લઢણ છે. સરળ - સીધા શબ્દોમાંથી મયૂરના સુકોમળ ગહેકાટ જેવા નાદ ઉઠે છે. ગઝલમાં અનિવાર્ય એવી સહજ વાણીનાં, સૌંદર્યના વિધવિધ આયામો એણે આત્મસાત્ કર્યા હોવાનું ફલિત થાય છે. એ વિના આટલી સફળતા ન આવે. **એમણે શબ્દ પસંદગીમાં પણ ચીવટ રાખી છે. ગઝલ ભાર વહન ન કરી શકે તેવા શબ્દ વાપર્યા નથી.**

**ગઝલ એટલે પ્રેમની વાત - ગુફ્તેગૂ. બે પ્રેમીઓના મિલન - વિરહની ગઝલમાં જો પ્રેમની વાત ન આવે તો એ ગઝલ કહેવાય જ નહીં. ગઝલમાં પ્રેમ-તત્ત્વ ઉમેરાવું જ જોઈએ.** કારણકે ગઝલ એ પ્રેમની જ વાહક છે. ગઝલ શબ્દનો અર્થ જ 'પ્રેમ' થાય છે. એ પ્રેમ પછી ગમે તે સ્વરૂપે પ્રગટ થતો હોય, પણ પ્રગટ થવો અનિવાર્ય બની જાય છે.

હિંદી - ઉર્દુ ભાષાના શાયર 'નિદા ફાજલી'નો પ્રેમ વિષયક એક બહુ જાણીતો શે'ર જુઓ :

*તું ઈસ તરહ સે મેરી જિંદગીમેં સામિલ હૈ,*
*જહાં ભી જાઉં યહ લગતા હૈ તેરી મહેફિલ હૈ.*

શું નિદા ફાજલી સાહેબ જ પોતાની પ્રેમિકાને સર્વવ્યાપી બનાવી શકે? બીજા કોઈ નહીં? આ કવયિત્રીએ તો મનના માણીગરના આગમન સાથે જ સહારાનું દઝાડતું રણ પણ

ગુલશનમાં કન્વર્ઝન થતું કલ્પ્યું છે. પ્રેમની આથી મોટી શક્તિ કઈ હોય?

કવયિત્રીનો આ શે'ર નિદા ફાજલીના શે'ર સાથે ટકરાય છે :

*ખુશ છું કે આ રાહમાં કોઈ નવી વ્યક્તિ મળી,*
*રણ જુઓ ઉપવન થયું, આપના આવ્યા પછી.*

પ્રત્યેક સર્જક પ્રથમ પૂજા માતા સરસ્વતીની કરતો હોય છે. પરંતુ અંજનાબેન ગણપતિને જ સાથે રાખે છે. **ગણપતિને સાથે રાખીને લખનારાઓ ગુજરાતમાં ત્રણ જ છે. પ્રથમ ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' (જામનગર), બીજા આ લખનાર ચંદ્રકાંત પટેલ 'સરલ' (માણાવદર) અને ત્રીજા અંજનાબેન ગોસ્વામી 'અંજુમ આનંદ' (ભાવનગર).** અને આ ત્રણેને ગણપતિએ જ્ઞાનદાતા, માનદાતા અને નામદાતા બનાવ્યા જ છે. ગણપતિની પૂજા વગર વિદ્યા કે જ્ઞાન ન મળે.

*કવયિત્રીના થોડાક ચુનંદા શે'રો આ રહ્યા :*

*સો વિરોધીઓની સામે હું લડત આપી શકું,*
*પણ કોઈ અંગત જો એમાં જઈ ભળે, અઘરું પડે.*

★

*એક પૂરી જો કરો ત્યાં બીજી ઊભી થાય છે,*
*બાળકોની જીદ પણ બહુ માનવા જેવી નથી.*

★

*છે વિચારો તો ગગન જેવા અડીખમ તે છતાં,*
*જો પડે ત્યાં ગાબડું તો સાચવી લેજે મને.*

હીરા-માણેક-રત્નો જેવા અતિ મૂલ્યવાન શે'ર કવયિત્રીની કલમમાંથી કાયમ વરસતા રહે એવી શુભકામના.

*અંતે મારો એક શે'ર રજૂ કરું છું :*

*રત્નો વિશે એ શું જાણે, જે કિનારે બેઠા,*
*દરિયે ડૂબ્યા એ જ મોતી અવનવા લઈ આવ્યા.*

*(બુદ્ધિ પ્રકાશ)* *– ચંદ્રકાંત પટેલ 'સરલ'*

*"સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે, બાગ દરવાજા,*
*માણાવદર-૩૬૨ ૬૩૦ (જિ. જુનાગઢ)*
*મો. ૮૭૩૫ ૯૦ ૨૪૨૪*

## સોશિયલ ડિસ્ટન્સ

"બાપુ, તમારે ત્યાં લગ્નમાં જોરદાર સોશિયલ ડિસ્ટન્સ હતું હોં...!"

*બાપુ :* અંદરો અંદર ભળતું (બનતું) નો હોય એવાને જ તેડાવ્યા હતા.

## નારી ગૌરવ ગાથા : ડૉ. હિરક પટેલ

**(અનુસંધાન : પાના નં. – ૨૪ ઉપરથી ચાલુ)**

અંતિમ શ્વાસ પણ પોતાની દીકરી હેપ્પીના ખોળામાં લીધો. તેમની ઈચ્છાને માન આપી તેમનો અગ્નિદાહ દીકરીના હસ્તે કરમસદના સ્મશાનગૃહમાં સંપૂર્ણ ગાયત્રી વિધિથી કરવામાં આવ્યો. તમામ ક્રિયાકર્મ જેવા કે અસ્થિ વિસર્જન અને અંત્યેષ્ટીની તમામ વિધિ ડૉ. હિરક પટેલે પોતાના સ્વહસ્તે કરી. તેમજ પોતાની દીદી અને પિતાજીને પણ કપરા સમયમાં સાંત્વના આપવાનું કપરું કાર્ય પણ સંભાળ્યું.

**આવી દીકરાથી પણ સવાયી નાની એવી લાગતી દીકરી એવી હેપ્પીએ મોટેરાઓને પણ પ્રેરણા આપે તેવી નીડરતા અને હિંમતથી તરુલતાબેનની જે મરણોત્તર વિધિ કરી છે, તે ખરેખર સમાજને એક પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડે છે.** આમ, દીકરીઓને પ્રેરણારૂપ હેપ્પી સમગ્ર જીવન દરમિયાન હેપ્પી જ રહે, એવી પ્રભુ પ્રાર્થના.

સમગ્ર વિશ્વના નવસર્જન માટે પૂ. ગુરુદેવને દિવ્ય આત્માઓની જરૂર છે અને તેથી જ તો આપણને ગુરુદેવના ભરોસે મૂકી તરુબેન પોતે ગુરુદેવના કાર્યમાં સહભાગી થવા સ્વેચ્છાએ ગુરુદેવ પાસે પહોંચી ગયા છે.


***તણખો :*** દીકરીની તમામ જરૂરિયાતો પૂરી પાડજો કારણકે લગ્ન બાદ તેની કોઈ જરૂરિયાતો હોતી જ નથી.

*"નિર્મળ સ્મિત", ૧૧, શિવશક્તિ સોસાયટી,*
*મંગળપુરા રોડ, ગણેશ સર્કલ પાસે, આણંદ.*
*મો. ૯૪૨૬૪ ૬૭૭૯૦*



નારી ગૌરવગાથા – ૧૧

# દીકરી જ્યારે દીકરો બને છે : ડૉ. હિરક પટેલ



વિપિન પંડ્યા



ડૉ. હિરક પટેલ

આજે સમગ્ર દેશમાં "બેટી બચાવો, બેટી પઢાઓ" અભિયાન ચાલે છે અને તેના ભાગરૂપે દીકરીના જન્મને વધાવવાની વાત કરવામાં આવે છે, તે યથાર્થ જ છે ને! કારણકે દીકરી, એ TENSION આપવા નહીં, પરંતુ દસ દીકરાઓ (TEN SONS) કરતાં પણ વધુ જવાબદારી નિભાવવા સક્ષમ હોય છે. માત્ર એટલું જ નહીં, પરંતુ દીકરી મા-બાપના અંતિમ શ્વાસ સુધી હાથ અને સાથ આપનારી હોય છે, જેનું જીવંત પ્રમાણ આપનાર બીજું કોઈ નહીં પરંતુ ઓડની દીકરી ડૉ. હિરક પટેલ.

**આજે સમાજે અને શિક્ષણે અભૂતપૂર્વ ક્રાંતિ કરી છે.** આજથી થોડા સમય પૂર્વે દીકરીના જન્મથી વ્યથિત થતા મા-બાપ આજે દીકરીના જન્મને ઉત્સવની જેમ વધાવે છે અને તેના ઉછેરમાં જરા પણ ભેદભાવ રાખ્યા સિવાય કોઈ જ કમી રાખતા નથી. આજે બહુસંખ્ય યુગલો પોતાને ત્યાં પુત્રી હોય તેવી ઇચ્છા ધરાવે છે અને દીકરા કરતાં વિશેષ વહાલ દીકરીને કરે છે કારણકે તે જાણે છે કે ગમે તેવા કપરા સંજોગોમાં અને સંકટો વચ્ચે કદાચ દીકરો પાછો પડશે, પરંતુ દીકરી આખરી ક્ષણ સુધી સાથ અને સહારો આપશે, પણ પાછી તો નહીં જ પડે.

વીરસદના વતની અને ઓડના પુત્રવધૂ ડૉ. તરુલતાબેન પટેલ. જેઓએ આજથી લગભગ પિસ્તાળીસ વર્ષો પહેલાં રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય ઍવોર્ડ મેળવી પોતાના સમાજનું તેમજ નારીજાતિનું ગૌરવ વધાર્યું હતું. ગુજરાતની અગ્રગણ્ય છોકરીઓની વ્યાયામ કોલેજમાં ચાલીસ વર્ષ સુધી શરૂઆતમાં શિક્ષિકા તરીકે અને ત્યારબાદ આચાર્યા તરીકે ફરજ બજાવી હતી. જિંદગીમાં મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરતા કરતા તેઓએ આ ક્ષેત્રે બબ્બે માસ્ટર ડિગ્રી ઉપરાંત પીએચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો હતો. આમ, પોતે સ્ત્રી સશક્તિકરણનું ઉમદા પ્રતીક તેમજ વિદ્યાર્થિનીઓ માટે પ્રેરણારૂપ તો હતા જ. તો પછી તેમની પોતાની પુત્રી કઈ રીતે પાછી પડે! તેમના સંસારમાં બે દીકરીઓ અને એક દીકરો હતો. જેમાં દીકરો મિશાલ જન્મથી જ અપંગ હતો, જે તેર વર્ષની નાની વયે સંસાર છોડીને ચાલ્યો ગયો. જ્યારે મોટી દીકરી આશકા,જે ફાર્મસીમાં માસ્ટર ડિગ્રી મેળવી હાલ યુ.કે.માં સ્થાયી થયેલ છે. નાની દીકરી ડૉ. હિરક પટેલ, જેને લાડથી 'હેપ્પી' કહી બોલાવતા, **તે આજે એમ.ડી.એસ. સુધીનો અભ્યાસ કરી ધર્મસિંહ ડેન્ટલ કોલેજ - નડિયાદમાં સેવા આપે છે.**

હવે નિવૃત્તિ બાદ કરમસદમાં સ્થાયી થયેલ પરિવારનું ધ્યાન રાખવાની સમગ્ર જવાબદારી હિરકના શિરે હતી. કોરોનાની મહામારીમાં જરાયે વિચલિત થયા વિના કે ડર રાખ્યા વિના પોતાની નોકરીની સાથે સાથે છેલ્લા એક વર્ષથી સતત કેન્સર સામે જંગ લડતી પોતાની વહાલસોયી માતાની નિઃસ્વાર્થ સેવા તે કરતી હતી.

દીકરી હેપ્પી તો માતાના કાળજાનો કટકો હતો. માર્ચ ૨૦૨૦માં પ્રથમ લોકડાઉન હતું ત્યારે હિરક કોલેજના છેલ્લા વર્ષમાં હતી. પોતાની માતા બીમાર છે, તે સમાચાર મળતાની સાથે જ વિપરીત સંજોગોમાં એક્ટિવા ઉપર ગાંધીનગરથી કરમસદ આવી પહોંચી. સતત તેની સેવા ચાકરીથી તરુબેન સ્વસ્થ થઈ ગયા. બધું જ નવ દસ મહિના સુધી સુંદર રીતે ચાલતું હતું ત્યાં જ ફરીથી જ્યારે તરુબેનની તબિયત બગડી અને જિંદગીના અંતિમ પડાવ પર હોય તેમ લાગતા જ લોકડાઉનના સતત ભય વચ્ચે મોટી દીકરી આશકા પટેલ તાત્કાલિક માતાને મળવા અને માતા સાથેની અંતિમ પળોને પોતાના જીવનના સંસ્મરણોમાં સામેલ કરવા પોતાના નાનકડા પુત્રને છોડીને યુ.કે.થી આવી પહોંચી. તેને મળીને તરુબેને પણ એક વિશિષ્ટ સંતોષની લાગણી અનુભવી.

પિસ્તાળીસ વર્ષોથી ગાયત્રીના ઉપાસના કરતા તરુબેન અવારનવાર હરિદ્વાર અનુષ્ઠાન કરવા માટે જતા. હિમાલય સ્થિત મુન્સિયારી ચેતના કેન્દ્રમાં જ્યારે ગાયત્રી સાધનાની શરૂઆત થઈ, તો તેમાં સૌપ્રથમ સાધના માટે જવાનું ગૌરવ તેમણે પ્રાપ્ત કર્યું હતું. અંતિમ સમયમાં નવરાત્રીનું સંપૂર્ણ અનુષ્ઠાન માત્ર પાણી લઈને તેમણે સંપન્ન કર્યું. નવરાત્રીના અંતિમ દિવસે પુર્ણાહૂતિ કરીને અંતે ચૈત્ર સુદ અગિયારસના શુભ દિને તેમણે

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૩ ઉપર)

સ્વાસ્થ્ય

# મને વારંવાર માથાનો દુખાવો (માઇગ્રેન) થાય છે : ભાગ-૬

## સારવાર – ૨





ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખોમાં આપણે જોયું કે વારંવાર માઈગ્રેન / માથાના દુઃખાવા / લાંબાગાળાના માથાના દુઃખાવાના કિસ્સાઓમાં યોગ્ય નિદાન પણ ખૂબ જ અગત્યનું છે. જેથી યોગ્ય સારવાર થઈ શકે. નિદાન પ્રમાણે સારવારમાં અલગ અલગ પ્રકારની દવાઓ અપાય છે.

મનની વૈજ્ઞાનિક તપાસ (MSE – Mental Status Examination) તથા માથાના દુઃખાવાની વૈજ્ઞાનિક પદ્ધતિની વ્યવસ્થિત નોંધ (Scientific Headache Diary) પરથી વારંવાર થતા માથાના દુઃખાવામાં (૧) મનના આંતરિક પરિબળો તથા (૨) બાહ્ય પરિબળો શું અને કેટલો ભાગ ભજવે છે એ જાણી તથા સમજી શકાય છે. દર્દી તથા પરિવારજનોને પણ આ સમજણ મળે છે. આ માહિતી કાઉન્સેલિંગમાં ખૂબ જ મદદરૂપ થાય છે.

ગયા લેખ ભાગ-૫ માં આપણે દવાઓની સારવાર વિશે વૈજ્ઞાનિક માહિતી મેળવી. સ્નાયુઓમાં સંકોચાવાથી થતા માથાના દુઃખાવામાં તથા માઈગ્રેનના દુઃખાવા માટે અલગ અલગ પ્રકારની દવાઓ વપરાય છે. એટલે યોગ્ય નિદાન અત્યંત અગત્યનું છે.

આ લેખમાં આપણે જાણીએ કે માનસિક સ્ટ્રેસથી માથાના દુઃખાવા પર થતી અસર કેવી રીતે નાબૂદ કરી શકાય.

- **માનસિક સ્ટ્રેસ અને શારીરિક દુઃખાવો :**

શારીરિક દુઃખાવો જે ચાર મહિના કે તેથી વધારે સમયથી હોય છે તેવા કિસ્સાઓમાં રિસર્ચ થતા સાબિત થયેલ છે કે માનસિક સ્ટ્રેસનો હિસ્સો ૮૦% જેટલો હોય છે. શારીરિક દુઃખાવો અવયવમાં શારીરિક કારણોથી શરૂ થાય છે પરંતુ માનસિક સ્ટ્રેસના કારણે દુઃખાવો લાંબા સમય સુધી રહે છે. આવા કિસ્સાઓમાં શારીરિક સારવાર (દર્દનાશક દવાઓ) સાથે માનસિક સ્ટ્રેસને કાબૂમાં લાવવાની સારવાર કરવામાં આવે તો શારીરિક દુઃખાવામાં જલ્દી અને સંપૂર્ણ રાહત મળે છે.

આપણે સૌ જાણીએ છીએ કે માનસિક સ્ટ્રેસને લીધે શરીરમાં કેમિકલ ઉત્પન્ન થાય છે. જેની અસર બ્રેઈનમાં દુઃખાવાના કેન્દ્રો (Pain perception Centres) પર થાય છે. માનસિક સ્ટ્રેસ વધતાં આ કેમિકલ્સનું પ્રમાણ વધે છે જેની નકારાત્મક અસર બ્રેઈનમાં આવેલા દુઃખાવાના કેન્દ્રો પર થાય છે. આથી દુઃખાવાનું પ્રમાણ વધી જાય છે. માનસિક સ્ટ્રેસ ઓછી કરવાની સારવારથી આ કેમિકલ્સ ઓછા થાય છે અને શારીરિક દુઃખાવામાં રાહત મળે છે.

માથાના દુઃખાવા માટે અપાતી સ્પેસિફિક દવાઓ (Pain killers) સાથે માનસિક સ્ટ્રેસ દૂર કરવા માટેની સારવાર સાથે શરૂ કરવી હિતાવહ છે. જેમાં (૧) દવાઓ, (૨) માનસિક શિથિલતા તથા (૩) કાઉન્સેલિંગ મુખ્ય છે.

**૧. દવાઓ :**

માનસિક સ્ટ્રેસને લીધે બ્રેઈનમાં આવેલા મનના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ તથા અન્ય અવયવો) રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સ) વધઘટ થાય છે. આની અસર સ્નાયુઓ પર થતા (અ) માથાનો દુઃખાવો શરૂ થાય છે અને / અથવા (બ) માથાનો દુઃખાવો વધે છે.

એન્ટિ એન્ક્ઝાઈટી દવાઓ દ્વારા આ નકારાત્મક રાસાયણિક ફેરફારો નોર્મલ થાય છે. જેથી દર્દીને માથાના દુઃખાવામાં નોંધપાત્ર રાહત મળે છે. માનસિક સ્ટ્રેસનો સામનો કરવાની ઉર્જા વધે છે, આત્મવિશ્વાસ વધે છે, માનસિક ઈમ્યુનિટિ વધે છે.

**૨. માનસિક શિથિલતા (Mental Relaxation) :**

માનસિક શિથિલતા મેળવવા સક્રિય પ્રયાસ કરવો જોઈએ. દરરોજ નિયમિત એની પ્રેક્ટિસ કરવી જરૂરી છે. દિવસના રોજિંદા કાર્યમાં માનસિક શિથિલતા માટે ચોક્કસ સમય ફાળવવો જરૂરી છે.

સંશોધન દ્વારા પુરવાર થયું છે કે યોગ્ય માનસિક શિથિલતાથી મગજના જ્ઞાનતંતુઓમાં હકારાત્મક રાસાયણિક ફેરફારો થાય છે. માનસિક સ્ટ્રેસની શરીર પર અસર નહિવત થાય છે તથા માથાના દુઃખાવામાં નોંધપાત્ર રાહત મળે છે.

યોગ, વિપશ્યના, મેડિટેશન, ધ્યાન, પ્રાણાયામ વગેરે માનસિક શિથિલતા મેળવવાની અલગ અલગ પદ્ધતિઓ છે. આમાંની કોઈપણ એક અથવા વધારે પદ્ધતિઓ નિયમિત રીતે, દરરોજ એકચિત્તે ધ્યાનથી થવી જોઈએ.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૭ ઉપર)

નિજાનંદ

# કોરોનાકાળની સફળ સુસ્વાસ્થ્ય યાત્રા અને પ્લેટિનમ જયંતીએ મારી જીવનશૈલી....

જગદીશચંદ્ર ચં. છાયા
'શ્રેયસ'

*કહું છું જવાનીને પાછી ના આવે કે*
*('ગળપણ' જેવાં) ઘડપણનું સુખ મને ફાવી ગયું છે*
*મનને ના ગમતું (૨) ઘડપણનું 'ડહાપણ' પણ 'શ્રેયસ',*
*'વય', તારી સમજણ વધી રહી છે!*

છેલ્લા બે વર્ષ કોરોનાકાળ હતો એ દષ્ટિએ આ રોગગ્રસ્ત સમયગાળા દરમિયાન મારી તબિયત હેતુ એકવાર પણ મને દવાખાને જવું પડ્યું નથી તેમ કોઈ જ રિપોર્ટ કરાવવો પડ્યો નથી એ હકીકત સ્વયં વિશેષતા પ્રગટ કરે છે.

છેલ્લા બે વર્ષની સફળ સુસ્વાસ્થ્ય યાત્રાની ગાથા ટૂંકમાં લખું તો હું સતત પ્રવૃત્તિમય રહું છું એટલે ખોટા વિચારો મારા પર હાવી થઈ શકતા નથી. વિશ્વભરના વિદ્વાન લેખકો, સંશોધકોના અભ્યાસપ્રદ લેખો મારા માનસિક સ્વાસ્થ્ય માટે આશીર્વાદરૂપ છે. **હું આજીવન વિદ્યાર્થી હોઈ, મને આ વાંચન ગમે છે. એ દ્વારા હું સતત ભણતો રહું છું, જ્ઞાનવૃદ્ધિ કરતો રહું છું. આમ કરવાથી ૨૪ કલાક ઓછા પડે છે.** અર્થાત્ સમય કેમ પસાર કરવો એ સમસ્યા મને નડતી જ નથી. ઉલટું, અહીં તો સમય ઓછો પડે છે. વિશેષમાં હાટકેશ સેવામંડળ દ્વારા આધ્યાત્મિક, શૈક્ષણિક સાથે સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ કરવાની તક મળે છે. અહીં જ્ઞાતિભેદ વગર સેવા પ્રવૃત્તિઓ થાય છે. એ સંસ્થા દ્વારા વિવિધ પરીક્ષાઓ યોજાતી હોઈ, બાળકો સાથે ફરી સીધો સંપર્ક થઇ રહ્યો છે. એ રીતે મારું શિક્ષકત્વ પુનઃ જીવંત બની ગયું છે. આ પ્રવૃત્તિઓ મને ગમે છે. અલબત્ત, હું અનુકૂળતા મુજબ એમાં સામેલ થાઉં છું. પણ નિજાનંદમાં મસ્ત રહેવું એ મોટું રહસ્ય છે.

મેં મારી તાસીર નક્કી કરી લીધી હોઈ, ખાટું મને બિલકુલ ફાવતું ન હોઈ, ખાતો નથી. ગળ્યું પણ ઓછું. બાકી બધા સ્વાદ પ્રમાણસર. ઉજાગરા નથી કરતો. રાત્રે ૧૦.૩૦ વાગે નિંદ્રાદેવીના શરણે જાઉં ને સવારે ૬ વાગે ઉઠું. બપોરે પણ એકાદ કલાક વામકુક્ષીની આદત ખરી. બહુ વોકિંગ મને અનુકૂળ નથી આવતું. જયારથી માફકસર થોડું વોકિંગ કરું છું ત્યારથી તબિયત સ્વસ્થ રહે છે. ખાવામાં કોઈ જ પરેજી નથી રાખતો પણ તબિયત સારી રહે એ માટે કાળજી રાખું છું. **એક એલોપથી ગોળીથી બી.પી. નોર્મલ રહે છે. જેને આધુનિક તબીબી વિજ્ઞાનનો ચમત્કાર માનું છું.** નિત્ય સવારે દૂધમાં હળદર, ચામાં સુંઠ અને રાત્રે પલાળેલી થોડી મેથી બીજા દિવસે સવારે લઉં છું. ભોજનમાં એક કળી લસણની હોય જ. **સ્વસ્થ રહેવા તબિયતને અનુકૂળ ભોજન, સાતથી આઠ કલાક ઊંઘ બહુ જરૂરી છે.** એકટાણું કે ઉપવાસ મને અનુકૂળ નથી આવતા. નિયમિત મિતાહારથી પાચન સમસ્યા પણ હવે રહી નથી. એટલે માફકસર બધું જ ખાઉં છું. હોટલમાં પણ ક્યારેક જવાનું થાય ત્યારે પંજાબી, મન્ચુરિયન, ઢોસા... જેવી વાનગીઓનો સ્વાદ માણું છું. બાળકો બહારગામ જાય ત્યારે દેશી જમણ જમીએ. ભયડકું, રગડ, રોટલા, કઢી, ખીચડી. બાકી દરરોજ તો ઘરમાં જે વિવિધ વાનગીઓ બને એ યોગ્ય માત્રામાં આરોગું છું. આમ નોર્મલ રહેવાથી પાચન સારું થતું હોવાનો મારો અનુભવ છે.

દરેક માટે આ રીત અનુકૂળ ન હોય એ સ્વાભાવિક છે. આ અનુભવ ફક્ત મારા માટે છે. અહીં પ્રચાર કે આત્મશ્રદ્ધાનો હેતુ નથી. વાસ્તવમાં, **દરેક વ્યક્તિ પોતાની તાસીર જાણીને પોતાની આગવી જીવનશૈલી જાતે જ ઘડી શકે એવો હેતુ છે.** અગાઉ 'આ ખાઈશ તો હેરાન થઈશ' એવા નકારાત્મક વિચારથી પાચનની ઘણી સમસ્યાઓ ભોગવી છે, ઘણી દવાઓ પણ ખાધી છે. હવે વરિષ્ઠ વયે નોર્મલ રીતનો અમલ કરતાં એ બધી સમસ્યાઓથી છુટકારો મળ્યો છે.

વિશેષ નિજાનંદ માટે ઘરમાં પૌત્ર પૌત્રી સાથે રમવાનો, વાતો કરવાનો આનંદ લઉં છું. એમને ભણાવવાની પણ મજા માણું છું. બાકી ટી.વી., કોમ્પ્યુટર અને મોબાઈલમાં તો મનોરંજન અને જ્ઞાનનો ખજાનો છુપાયો છે. **આજીવન ભણતા રહેવાની મજા જ જુદી છે.** ઘરમાં બે ટી.વી. હોઈ, બાળકો પોતાની મરજી મુજબ જોઈ શકે, અમે અમારી પસંદગી મુજબ જોઈએ. આજે ઘરે ઘરે મોબાઈલ તો વ્યક્તિગત જ હોય છે. એટલે દરેક પોતાની મસ્તીમાં વ્યસ્ત રહે. અમે ઝઘડા, ખટપટવાળી શ્રેણીઓ જોવાનું ટાળીને ઘરમાં હળવાશ રહે એવી નિર્દોષ મનોરંજન આપતી શ્રેણીઓ જોવાનું પસંદ કરીએ છીએ. **આનંદમાં ઇશ્વરનાં દર્શન કરીએ તો પ્રશ્નો ઉદ્‌ભવે જ નહીં ને સૌ આનંદ માણી શકે. દરેક વરિષ્ઠના હાથમાં માળા સાથે સ્માર્ટ મોબાઇલ પણ હોવો જોઇએ** એવું એક વરિષ્ઠ નાગરિક તરીકેના અનુભવે આગ્રહપૂર્વક લખું છું. જી,

એક પણ વરિષ્ઠ નાગરિક સ્માર્ટ મોબાઇલથી વંચિત ન રહે એમ હું માનું છું. **જેમ મન પરોવાયેલું રહેશે તેમ મન સ્વસ્થ રહેશે તો તન પણ સ્વસ્થ રહેશે.** કોઈ પણ સમૂહ ઉપરાંત કોઈ પણ વ્યક્તિની બોડી લેંગ્વેજ, પ્રતિભા, વાણીના પ્રભાવમાં અંજાઇ ન જવું. નહિતર આપણી મૌલિક વિચારશક્તિ ખોઈ બેસશું. પરપ્રકાશિત થઈ જઈશું તો કદાચ મિત્રો, પરિવાર, સમાજ સાથે ખોટા મતભેદો સર્જાશે. કોઈ પ્રત્યે દુર્ભાવ, દ્વેષ પેદા ન થાય કે કોઈ પ્રત્યે ખોટી ગ્રંથિ બંધાઈ ન જાય એ માટે સતર્ક રહેવું ખૂબ જરૂરી છે. ગ્રંથિમુક્ત રહેવાથી પણ મન હળવું રહે છે. મન દુરસ્ત રહેશે, તો તેનાથી રોગ પ્રતિકારક શક્તિ સ્વયં પેદા થાય છે. કહોને, મનની સકારાત્મક્તા એન્ટિબોડિ રચે છે. મન પ્રફુલ્લ રહે એવા પ્રયાસો રોગને દૂર રાખે છે.

કબૂલ, કે હું ધ્યાન ધરતો નથી પણ સૌનું ધ્યાન રાખવા મથું છું. અગાઉ લેબોરેટરીમાં દર મહિને વિવિધ રિપોર્ટ કરાવતો. એમાં થોડી વધ-ઘટ જણાય તો ક્યારેક રાજીપો તો ક્યારેક અપસેટ થવાનો વારો આવતો. છેવટે મેં જાતે જ તારણ કાઢ્યું કે અપસેટ થવાય એવા કારણો જ દૂર કરવા. અનેક રિપોર્ટસના આધારે શરીરની કાળજી કેવી રીતે લેવી જોઈએ એ નક્કી કરી શક્યો છું. હવે પ્લેટિનમ જયંતીએ મારી જાતે જ પોતાની કાળજી લેતાં શીખી ગયો છું.

તન સાથે મન દુરસ્ત રાખવું અત્યંત જરૂરી છે. **એ માટે કોઈનું અહિત કરવું નહીં. સેવા પ્રવૃત્તિઓમાં જોડાઈ, શક્ય પ્રયત્ને કોઈને ઉપયોગી થવું.** ગરીબ વસતિમાં જઈને ત્યાંના બાળકોને ખુશ કરવાથી સાક્ષાત ભગવાન દેખાય છે. વાનગીમાં ઉપર કાચુ મીઠું કે ખાંડ લેતો નથી. અથાણું, મુરબ્બો, ગોળ કેરી... ક્યારેક જ લઉં. કચુંબર, ડુંગળી ગમે. કેળું પણ અવારનવાર ખરું.

**અનુભવના નિચોડરૂપે લખું તો બધી સમસ્યાઓનું મૂળ નિજાનંદની મસ્તીમય પ્રવૃત્તિઓમાં રહેલું છે** એવી મારી દ્રઢ માન્યતા છે. નિરામય જીવન જીવવું સૌને ગમે એટલે પોતાનું ધ્યાન રાખીએ તો ઘરનાં અન્યોને પણ રાહત રહે. બાકી, અમરપટ્ટો લખાવીને કોઈ નથી આવ્યું. વધતી ઉંમર કોઇને છોડતી નથી, એ સમજણ સાથે માનસિક સજ્જ થઇને સુસ્વાસ્થ્યની સાધના કરવી રહી.

*વરિષ્ઠ વ્યક્તિ કેવો હોય?*

*જ્ઞાનમાં સતત વૃદ્ધિ ના કરે એ વૃદ્ધ,*
*અન્યમાં દોષો જુએ એ ડોસો;*
*વડ જેવી છાયા આપે એ વડીલ,*
*ઘરેડને વળગી રહે એ ઘરડો.*

*E-mail : jagdishchandra.chhaya@yahoo.in*

## મને વારંવાર માથાનો દુ:ખાવો (માઇગ્રેન) થાય છે

**(અનુસંધાન : પાના નં. – ૨૫ ઉપરથી ચાલુ)**

**૩. કાઉન્સેલિંગ - મનોવિશ્લેષણ (Counselling) :**

દર્દીના વ્યક્તિત્વ, વલણ, લાગણીશીલતા, સંવેદનશીલતા, અપેક્ષાઓ વગેરે વ્યક્તિત્વના પાસા પર ધ્યાન કેન્દ્રિત કરી સમભાવપૂર્વક (Empathetically) વર્તમાન સમયની સમસ્યાઓ પર નિખાલસપણે દર્દી સાથે ચર્ચા કરવામાં આવે છે.

કાઉન્સેલિંગની અલગ અલગ પદ્ધતિઓ છે જેવી કે (૧) કોગ્નિટિવ બિહેવિયર થેરાપી (Cognitive Behaviour Therapy), (૨) ઇન્ટર પર્સનલ થેરાપી (Inter Personal Therapy), (૩) એસર્ટિવ થેરાપી (Assertive Therapy).

દર્દીની જરૂરિયાત પ્રમાણે એક અથવા વધારે પ્રકારની પદ્ધતિનો ઉપયોગ કરાય છે. માથાના દુ:ખાવાની વૈજ્ઞાનિક પદ્ધતિની નોંધ પરની માહિતી કાઉન્સેલિંગ માટે અત્યંત ઉપયોગી નીવડે છે.

આદર્શવાદી અભિગમ જતો કરી વ્યવહારુ (પ્રેક્ટિકલ) અભિગમ - વલણ અપનાવી માનસિક સમસ્યાનો ઉકેલ લાવવા બાબત ચર્ચા કરાય છે. દર્દી જાતે નિર્ણય કરે છે. **મનોચિકિત્સક નિર્ણય લેવામાં મદદ કરે છે. મનોચિકિત્સક દર્દી માટે નિર્ણય કરતાં નથી.** દર્દી નિર્ણયનો અમલ કરે છે. મનથી યોગ્ય બાંધછોડ કરે છે. જેથી સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ થાય છે. હકારાત્મક પ્રતિભાવ તથા સકારાત્મક પ્રતિક્રિયાથી માનસિક શાંતિ મળે છે, સ્ટ્રેસ નાબૂદ થાય છે તથા દુ:ખાવા પર કાબૂ મેળવાય છે.

- **સારાંશ :**

૧. માઇગ્રેન તથા લાંબાગાળાના વારંવાર થતા માથાના દુ:ખાવામાં માનસિક સ્ટ્રેસ મહત્ત્વનો ભાગ ભજવે છે.
૨. યોગ્ય નિદાન માટે મનની વૈજ્ઞાનિક તપાસ તથા માથાના દુ:ખાવાની વૈજ્ઞાનિક પદ્ધતિની નોંધ મહત્ત્વની છે.
૩. દર્દનાશક દવાઓની સારવાર તાત્કાલિક રાહત આપે છે.
૪. લાંબાગાળાની રાહત માટે માનસિક સ્ટ્રેસ ઓછું કરવાની સારવાર કરવી જરૂરી છે.
૫. ઉપરોક્ત સારવારના અપેક્ષિત પરિણામો મળે છે.

***(સંપૂર્ણ)***

*ફોન : (૦૨૨) ૨૫૦૧૯૦૦૧*
*E-mail : drmanilalgada@yahoo.com*
*E-mail : diptishah999@yahoo.co.in*

*અગ્નિ, સ્ત્રી, દેવી, દેવતા, ગુરુ અને મા-બાપનું કદી અપમાન કરશો નહીં.*

લઘુકથા

# લઘુકથા : હકારાત્મક વિચાર

★ માતાના નામે હતી તે જગ્યા પોતાના નામે કરી લેવાની ઈચ્છાથી બંને ભાઈઓ મા પોતાના ઘરે રહે, તે બાબતને લઈને ઝઘડવા લાગ્યા. તેઓએ મા ને પૂછ્યું તો મા એ કહ્યું, હું જે ત્રણ ગોળીઓ લઉં છું, તેના નામ જે બતાવી આપે, તેના ઘરે હું જઈશ. બંને ભાઈઓ નીચું જોઈ ગયા.

★ ભણવા માટે દૂર ગયેલા દીકરાએ માતાને પત્ર લખ્યો કે, અહિંયા મારા જમવાની સારી સગવડ છે, તું ચિંતા કરીશ નહીં. પત્ર વાંચીને માએ એક વખતનું ભોજન બંધ કર્યું કેમકે પત્રના અંતમાં પુત્રનાં આંસુથી શાહી બગડેલી હતી.

★ દાદાની લાકડી પકડીને દાદાને લઈ જતા પૌત્રને જોઈ લોકો બોલ્યા, જોજે, ધીમે ધીમે... દાદા પડી ન જાય. દાદા હસીને બોલ્યા, હું કાંઈ પડતો હોઉં? મારી પાસે તો બે લાકડીઓ છે.

★ કેરીનાં ઝાડ પર ચઢીને કેરીને ચોરતા છોકરાંઓને રખેવાળે લાકડી મારી અને તેને બીવડાવવા માટે થોડીવાર માટે ઝાડના થડ સાથે બાંધી દીધા. કોણ જાણે કેમ, એ ઝાડને ફરી કદીયે ફળ આવ્યા નહિ!

★ ઓફિસથી થાકેલા પિતાએ આવીને દાદીના પગ દબાવ્યા. તે જોઈને રાત્રે દીકરીએ પિતાજીની પીઠ પર માલીશ કર્યું. આ જોઈને દાદી બોલ્યા, થાળીમાંથી વાટકીમાં અને વાટકીમાંથી થાળીમાં!!

★ પિતાજીના ગયા પછી સંપત્તિની વહેંચણી કર્યા બાદ ઘરડી મા ને પોતાના ઘરે લઈ જતી દીકરી બોલી, 'હું ખૂબ નસીબદાર છું. મારા ભાગે તો જીવન આવ્યું છે!'

★ ગઈકાલે મારો છોકરો મને કહે, પિતાજી, હું તમને છોડીને ક્યારેય નહીં જાઉં કેમકે તમે પણ કદી દાદા-દાદીને છોડીને ગયા નથી. આ સાંભળીને મને મારા વડીલોની મિલ્કત મળી ગયાનો આનંદ થયો!


★ તેના પતિના મિત્ર હોસ્પિટલમાં મળવા આવ્યા. જતા જતા પરાણે ૫,૦૦૦/- રૂપિયા તેના હાથમાં આપ્યા અને કહ્યું, લગ્નમાં બહેનને દક્ષિણા આપવાની રહી ગઈ હતી. તે દિવસે મળેલી બધી ભેટોમાં આ શ્રેષ્ઠ હતી.

★ આજે ઓફિસથી છૂટીને ભેળ ખાવાની બહુ ઈચ્છા હતી. પણ સાસુજીને મંદિર જવાનું મોડું થાય તેથી ઘરે જલ્દી પહોંચી ગઈ. જઈને જેવી રસોડામાં ગઈ તો સાસુજીએ કહ્યું, ચાલ જલ્દી કર, હાથ પગ ધોઈ લે. કેરી નાખીને ભેળ બનાવી છે. ઘણા દિવસથી મને ખાવાનું મન હતું!

★ સાંજના સમયે સુમતિબેન માળા ફેરવતા હતા. ત્યાં છોકરો નોકરીએથી ઘરે આવ્યો. તેની સાથે મોગરાના ફૂલની સુગંધ આવી. તેને થયું આજે વહુ મોગરાનો ગજરો હમણા માથામાં નાખી આવશે. પણ ત્યાં તો તેણે જોયું કે કૃષ્ણ ભગવાન માટે થાળીમાં મોગરાના ફૂલ હતા. ભગવાન પણ ગાલમાં હસતા હતા.

***હકારાત્મક વિચાર, હકારાત્મક કથાઓ વધારે ને વધારે લોકો સુધી પહોંચવી જોઈએ.***





નોલેજ બૅંક

# ગુજરાતી સાહિત્ય નોલેજ બૅંક – (૯)

**(વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી)**



રમેશ પટેલ, લેખક-કવિશ્રી

- ‘તથાપિ’ – ત્રિમાસિકના તંત્રી - સંપાદક કોણ છે? (જયેશ ભોગાયતા)
- ‘અભિવ્યક્તિ’ – ગઝલ સંગ્રહના કવિ કોણ છે? (કિશોર જીકાદરા)
- ‘ચારુલતા’, ‘નીલ ગગનનો તારો’ નવલકથા કયા સર્જકની છે? (યશવંત ‘કડીકર’)
- ‘અરમાન’ અને ‘ઉદ્ગાર ઊર્મિના’ – કાવ્ય સંગ્રહના કવિ કોણ? (ભરત કવિ)
- ‘ચંદ્ર - તારા - વૃક્ષ - વાદળ’ નિબંધ સંગ્રહના લેખિકા કોણ છે? (કુન્દનિકા કાપડીઆ)
- ‘નિશાચક્ર’ નવલકથાના લેખક કોણ છે? (કિશોર જાદવ)
- ‘શિખંડી’ અને ‘પ્રયાંશુ’ – નવલકથાના લેખક કોણ? (જયંત ગાડીત)
- ‘કંકુના સૂરજ’ નવલકથાના લેખક કોણ? (ચંપક ગાંધી ‘સુણસી’)
- ફીણ મોજાં અને ‘નદીને મળ્યા પછી’ કાવ્યસંગ્રહ કયા કવિના છે? (હર્ષદ ચંદારાણા)
- ‘અમારા બા’ – ચરિત્ર સાહિત્યના લેખિકા કોણ છે? (ઉષા ગૌરીશંકર જોશી)
- ‘કેસરિયા ટશરનું આકાશ’ કાવ્ય સંગ્રહના કવિ કોણ? (મધુકાન્ત કલ્પિત)
- પ્રથમ ગઝલ સંગ્રહ ‘તરન્નુમ’ કયા કવિનો છે? (ડૉ. મુકુલ ચોક્સી)
- ‘પેનોરમા’ – મોનો ઈમેજ કાવ્ય સંગ્રહ કયા કવિનો છે? (મધુ કોઠારી)
- ‘જંતર મંતર’, ‘રાતરાણી’, ‘જન્મટીપ’ અને ‘ખતરનાક’ નવલકથાઓ કોની છે? (એચ. એન. ગોલીબાર)
- ‘કૂવો’ નવલકથાના સર્જક કોણ છે? (અશોકપુરી ગોસ્વામી)
- ‘જળ બિલ્લોરી’ અને ‘અરુંધતીનો તારો’ કાવ્ય સંગ્રહના કવયિત્રી કોણ છે? (ઉષા ઉપાધ્યાય)
- ‘ગઝલ વિશ્વ’ના પરામર્શક કોણ કોણ હતા? (જલન માતરી અને રાજેશ વ્યાસ ‘મિસ્કીન’)
- ‘ત્યાં મારું ઘર હતું!’ નિબંધ સંગ્રહ કોનો છે? (વિનેશ અંતાણી)
- ‘કિશોરસિંહ સોલંકી : શબ્દ અને સર્જક’ના સંપાદક કોણ છે? (નિસર્ગ આહીર)
- ‘સંવેદનાના સૂર’, ‘આમાં ક્યાંક તમે છો’, ‘શાયદ આકાશ ચૂપ છે...’ ગ્રંથોના લેખક કોણ છે? (નસીર ઇસ્માઇલી ‘ઝુબીન’)
- ‘મુદ્રાંકન’ – કાવ્ય અનિયતકાલીન માસિકના સંપાદક કોણ? (હર્ષદ ચંદારાણા)
- નરસિંહ મહેતા કયું વાદ્ય વગાડતા હતા? (કરતાલ)
- ‘એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલાં પૂજે દેવ’ – પંક્તિ કોની છે? (અખો)
- કયા કવિ જન્મથી અંધ હતા? (પ્રીતમ)
- ‘વૈતાલ પચ્ચીસી’ ગ્રંથના લેખક કોણ છે? (શામળ ભટ્ટ)
- બાપુસાહેબ ગાયકવાડની સમાધિ ક્યાં આવેલી છે? (વિરમગામ)
- ‘અરણ્ય પર્વ’ની રચના કયા સાહિત્યકારની છે? (નાકર)
- ગુજરાતી ગઝલના પિતા તરીકે કોણ જાણીતું છે? (બાલાશંકર કંથારિયા)
- નર્મદને ‘અર્વાચીનોમાં આદ્ય’ એવું કોણે કહ્યું હતું? (કનૈયાલાલ મુનશી)
- ‘શ્વાસ’ અને ‘કોરો કેનવાસ’ નવલિકા સંગ્રહ કયા સર્જકનો છે? (નટવર આહલપરા)

*‘પ્રાંજલ’, ૩૦, આનંદ વાટિકા સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯. • મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

**હાઇકુ**

ખંડેર ખર્યું
પ્રાચીન વિચારમાં
કંઈ દટાયું.

સાચી ઘટના
દટાઇ ગઈ છે ને
નવા કુસુમે.

સંસ્કારના
આભૂષણથી દીપે
હવે માનવી!

સુનામી ગઈ
ડરે હવે માનવી
કુદરતથી...

*દિલીપ આચાર્ય ‘દિલકશ’ - ભુજ • મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

કારકિર્દી

# સિવિલ સર્વિસમાં રાજ્યોની ફાળવણી કેવી રીતે કરવામાં આવે છે?




હીરેન દવે

ભારતીય સિવિલ સેવાઓ પૈકી આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ.ને અખિલ ભારતીય સેવાઓ તરીકે ઓળખવામાં આવે છે. **ભારત દેશ એક સમવાયતંત્રી દેશ છે. એટલે કે તેમાં બે સરકારો છે. સંઘની સરકાર અને રાજ્યની સરકાર.** આ બંને સરકારો પોતપોતાની જવાબદારીઓ પૂર્ણ કરવા પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની નિમણુંક કરે છે. આમ, બંને સરકારો પાસે અલાયદુ મહેકમ છે. જેને તેઓ પરીક્ષા યોજી સ્વાયત્ત રીતે ભરતી કરે છે, તાલીમ આપે છે અને જે તે કામગીરી / ઉત્તરદાયિત્વ સોંપે છે. **પણ ભારતમાં માત્ર ત્રણ સેવાઓ એવી છે કે જે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર એમ બંને સરકારોને સેવા પ્રદાન કરવાની તક પ્રાપ્ત કરે છે. આથી તેને 'ઓલ ઇન્ડિયા સર્વિસ' કહે છે.** દરેક 'ઓલ ઇન્ડિયા સર્વિસ'ના અધિકારીને કોઈ એક 'સ્ટેટ કેડર' ફાળવવામાં આવે છે. તે પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન તે રાજ્યમાં વિવિધ પોસ્ટ પર ફરજ બજાવી શકે છે અને પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન) અંતર્ગત કેન્દ્ર સરકારમાં ચોક્કસ કાર્યકાળ માટે ફરજ બજાવી શકે. યુ.પી.એસ.સી. પરીક્ષા પાસ કર્યા બાદ પોતાના પસંદગીના રાજ્યની કેડર મેળવવા દરેક પ્રોબેશનર અધિકારીની મહેચ્છા હોય છે. આ પ્રોબેશનર્સને જે તે રાજ્યોની કેડરની ફાળવણી માટે સરકારની કેડર પોલીસી કેવી છે તે સમજવાનો પ્રયત્ન કરીએ.

આ માટે ૨૦૧૭થી અમલી વર્તમાન કેડર પોલીસી હેઠળ દેશને ૫ ઝોનમાં વહેંચવામાં આવેલ છે. ઝોન-૧ માં ઉત્તર ભારત, ઝોન-૨ માં પૂર્વ ભારત, ઝોન-૩ માં પશ્ચિમ ભારત, ઝોન-૪ માં ઉત્તર-પૂર્વ ભારત અને ઝોન-૫ માં દક્ષિણ ભારતના રાજ્યોની કેડરનો સમાવેશ કરવામાં આવેલ છે. પ્રત્યેક કેન્ડિડેટ જ્યારે યુ.પી.એસ.સી. પ્રીલિમ કસોટી પાસ થાય ત્યારબાદ ડીટેઈલ એપ્લિકેશન ફોર્મમાં તેની પાસે પ્રેફરન્સનું લિસ્ટ માંગવામાં આવે છે. જેમાં તેણે ઝોનની પ્રાયોરિટી અને પ્રત્યેક ઝોનમાં રાજ્યો - કેડરની પ્રાયોરિટી ભરવાની હોય છે. સૌથી પહેલા ઝોનનો પ્રેફરન્સ આપવાનો હોય છે. પ્રત્યેક ઝોનમાં રાજ્યોને પસંદગી ક્રમ ત્યારબાદ આપવાનો હોય છે. દરેક ઉમેદવારને પોતાના ઘરની પાસે રહીને જોબ કરવું વધુ સગવડભર્યું પડે આથી પોતાના રાજ્યની કેડર = હોમ કેડરને મોટાભાગે સૌ પ્રથમ પ્રાયોરિટી આપતા હોય છે. પ્રથમ પસંદગીના ઝોનમાં પ્રથમ પસંદગીનું રાજ્ય એ હોમ સ્ટેટની કેડર હોય છે. જેમ કે ગુજરાતમાંથી યુ.પી.એસ.સી. આપનાર ઉમેદવાર પશ્ચિમ ભારતમાંથી આવે છે. આથી તેના માટે ઝોન-૩ પ્રથમ પસંદગી હોય તે સાધારણ બાબત છે. ઝોન-૩ માં છત્તીસગઢ, ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ રાજ્યો છે. આ રાજ્યો પૈકી ગુજરાત હોમ કેડર હોઈ પ્રથમ પ્રેફરન્સ તેને મળે. ત્યારબાદ દ્વિતીય ક્રમે મહારાષ્ટ્ર, ત્રીજા ક્રમે મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ સૌથી દૂર હોઈ તેને ચોથા ક્રમે મોટાભાગે પસંદ કરવામાં આવે છે.

આમ, દરેક ઝોન અને તેમાંના રાજ્યોને પ્રેફરન્સ આપવાનો હોય છે. ઓનલાઈન સિસ્ટમમાં પ્રત્યેક ઝોનમાં પ્રથમ પ્રાયોરિટીના રાજ્યોની સૂચિ પસંદ કર્યા બાદ પ્રત્યેક ઝોનમાં દ્વિતીય પ્રાયોરિટીની કેડર પસંદ થઇ શકે છે. ત્યારબાદ પ્રત્યેક ઝોનમાં તૃતીય પસંદગીના રાજ્યો પસંદ કરી શકાય છે. પણ એક ઝોનમાં દરેક રાજ્યોને પ્રાયોરિટી આપી ત્યારબાદ બીજા ઝોનમાં જઈ શકાતું નથી.

જો કેન્ડિડેટ કોઈ રાજ્ય કે ઝોનને પ્રેફરન્સ આપ્યા વગર ખાલી રાખવા માંગે તો તે પણ રાખી, ફોર્મ સબમિટ કરી શકે છે. પ્રથમ પ્રાયોરિટીમાં હોમ સ્ટેટ સિવાયનું સ્ટેટ પસંદ કરવા માંગે તો તે પણ પસંદ કરી શકે છે. અહીં, નોંધપાત્ર બાબત એ છે કે ડિટેઇલ એપ્લિકેશન ફોર્મમાં આપેલ સર્વિસ પ્રાયોરિટી કે કેડર પ્રાયોરિટી ત્યારબાદ બદલી શકાતા નથી. મોટાભાગના વિદ્યાર્થીઓ જ્યારે સિવિલ સર્વિસની તૈયારી શરૂ કરે છે ત્યારે તેમને આઈ.એ.એસ., આઈ.પી.એસ. એવી એકાદ-બે પ્રખ્યાત સેવાઓનો જ પરિચય હોય છે. કલેક્ટર કે એસ.પી.ના પાવરથી અંજાઈને તૈયારી શરૂ કરનાર સરેરાશ ઉમેદવાર બીજી સર્વિસ વિશે કે કેડર એલોકેશનની આંટીઘૂંટીથી પરિચિત હોતો નથી. આથી પ્રીલિમ પરીક્ષા પાસ થયા બાદ ભરવાનું ડી.એ.એફ. પૂરી જાણકારી વગર ભરે છે અને તેમાં ભૂલો કરી બેસે છે. ત્યારે તેના રેન્ક પ્રમાણે મળવાપાત્ર શ્રેષ્ઠ રાજ્ય કે સર્વિસ ગુમાવી બેસે છે. ■



બાળ વિભાગ

# ભગવાન જોડે રમું છું

(બાળ નાટક)



રમેશ પટેલ, લેખક-કવિશ્રી

## પાત્રો

૧. ઈવા (સાતેક વર્ષની બાળા)
૨. અર્વા (પાંચેક વર્ષની બાળા)
૩. દાદા (પડોશમાં રહેતા સંશોધક-વૈજ્ઞાનિક ૬૦થી ૬૫ વર્ષની વયના વૃદ્ધ)

(દાદાની પ્રયોગશાળા)

(સવારનો સમય છે. ઘરની આગળનો ઓરડો છે. ફલેશબેકમાં રેડિયો પર ભજનનું કર્ણપ્રિય સંગીત રેલાઈ રહ્યું છે.)

## દૃશ્ય-૧

(ઈવા બોલને ઉપર ઉછાળતી... ઉછાળતી... સ્ટેજ ઉપર આવે છે. અર્વા દોડતી દોડતી સ્ટેજ પર પ્રવેશે છે.)

અર્વા : ઈવા મને પણ બોલ રમવા આપને?

ઈવા : ના (ફરી બોલ ઉપર ઉછાળી હાથમાં ઝીલે છે.)

અર્વા : તું તો સાવ એકલપેટી-મુંજી છે. એકલી એકલી રમે છે તે!

ઈવા : હું ક્યાં એકલી એકલી રમું છું?

અર્વા : અહીં તો કોઈ તારી ફ્રેન્ડ જણાતી નથી.

ઈવા : (ઈવા ચિડાઈને બોલી.) ભગવાન આમ થોડા દેખાય? એ તો ઊંચે આકાશમાં રહે છે. તે દિવસે પપ્પા ન'તા કહેતા કે ભગવાન તો ઊંચે આકાશમાં રહે છે. હું બૉલ આકાશ તરફ ઊંચે ફેંકું છું અને ભગવાન એને નીચે જમીન પર મારા તરફ ફેંકે છે.

અર્વા : (જીભ કાઢીને ચાળા પાડતા બોલી) સાવ જ બબૂચક છે તું!

ઈવા : તું જ બબૂચક છે... પપ્પા કાંઈ જૂઠું થોડું કહેતા હશે? ભગવાન ઉપરથી દડો નહીં ફેંકે તો બોલ કેવી રીતે નીચે આવે? મોટી અક્કલની પૂંછડી હોય તો જવાબ આપ. (પડકાર ફેંકતા ઈવા બોલી)

(અર્વા વિચારમાં પડી ગઈ. ઉપર ફેંકેલો બોલ એની મેળે નીચે કેવી રીતે આવે? કદાચ ઈવાની વાત સાચી પણ હોય... અર્વા લમણે આંગળી મૂકે છે.)

અર્વા : મારા મગજમાં પણ વાત ઉતરતી નથી. એના કરતાં ચાલ, દાદા પાસે જઈને ખુલાસો મેળવી લઈએ... દાદા વૈજ્ઞાનિક છે એટલે ઝટ દઈને ઉકેલ શોધી આપશે! (... આમ અર્વાએ મૂંઝવણમાંથી રસ્તો કાઢ્યો.)

(ઈવાને અર્વાની વાત ગળે ઉતરી. એણે બોલ હાથમાં લઈ લીધો. બંને જણા બાજુના બંગલામાં દાદાને ત્યાં દાખલ થયા. દાદા હાથમાં કસનળી તરફ જોતા હતા. એક બીકરમાં રંગીન દ્રાવણ હતું.)

(દાદાનો રુઆબ પણ જોવા જેવો! માથે જથરવથર જટિયાં... ધોળી ફગફગતી દાઢી. લાંબો અસ્ત્રી વગરનો પેન્ટ-પટ્ટાથી કમરે કસીને બાંધેલો... ચશ્માં જાડા કાચના... ખમીસ પર રસાયણના ડાઘાઓ. દાદા તો કામમાં મશગૂલ. ઈવાએ પાછળથી જઈ દાદાને 'હા...ઉ' કરીને ચમકાવી દીધા.)

## દૃશ્ય-૨

દાદા : ખડખડાટ નાના બાળકની જેમ હસે છે.

(ઈવાએ બોલ પાછળ હાથમાં સંતાડી રાખ્યો હતો. તે દાદાની ચકોર આંખે જોઈ લીધો. ઝાપટ મારી બોલ સરકાવી લીધો. બોલ પ્રયોગશાળાની ફરસ પર દડબડી ગયો. ઈવાએ દોડીને બોલને પકડી લીધો.)

દાદા : શું છે ટાબરિયાંઓ... સવારની પોરમાં આ તરફ...

ઈવા : દાદા... અર્વા ભગવાન વિશે ગમે તેમ બોલે છે. (ઈવાએ દાદાને ફરિયાદ કરતા કહ્યું.)

દાદા : કયો ભગવાન? પેલો ભગવાન મિસ્ત્રી! મારે ત્યાં સુથારીકામ કરી ગયો હતો, તેના વિશે?

ઈવા : ના, ભગવાન વિશે... ઈશ્વર વિશે – ઉપર રહે છે તે ભગવાન. (છત તરફ આંગળી ચીંધીને બોલી.)

દાદા : ફરી મોટેથી હસી પડ્યા.

(હાથમાંની કસનળી બાજુમાં મૂકી દીધી દાદાએ. તેઓ ખુરશીમાં ગોઠવાયા. ઈવા-અર્વા બંને એમની આજુબાજુ ઊભા રહી ગયા.)

અર્વા : ના દાદા, હું કંઈ ભગવાન વિશે બૂરું નથી બોલી. ઈવા કહે છે કે હું ભગવાન સાથે દડાથી રમું છું. એ કેવી રીતે બને?

ઈવા : કેમ નહીં બને? નહીં તો ઉપર ફેંકેલો બોલ નીચે કેવી રીતે આવે? કંઈ સમજણ પડતી નથી. પપ્પાએ કહ્યું છે કે ઈશ્વર ઊંચે ઊંચે આકાશમાં રહે છે. આપણને દેખાય નહીં, પણ એ હંમેશાં આપણી દેખરેખ રાખ્યા કરે! (છાતી ફુલાવી ગર્વથી આકાશ સામે આંગળી ચીંધીને બોલી.)

દાદા : અર્વા... ઈવાની વાત સાચી છે અને તુંય સાચી છે. **ભગવાન તો નહીં, પણ ભગવાને મૂકેલ અચરજભર્યા બળને લીધે ઉપર ફેંકેલો બોલ એની મેળે નીચે આવે છે. એ બળનું નામ છે : ગુરુત્વાકર્ષણ બળ.** પૃથ્વીના મધ્યમાં એ બળનું કેન્દ્ર છે. તે બળને લીધે ઊંચે ફેંકેલી વસ્તુ ભોંય પર નીચે તરત જ પટકાય છે.

આપણે જેમ જેમ ઊંચે જઈએ તેમ તેમ બળ વસ્તુના પ્રમાણમાં ઓછું લાગે છે.

તમને ખબર હશે કે ચંદ્ર પર ગયેલા અવકાશયાત્રીઓ (નીલ આર્મસ્ટ્રોંગ, એલવીન એલડ્રીન) સહેજ ચાલતા, હલતા તો મોટો કૂદકો માર્યો હોય તેવું તમને લાગતું હતું. કારણ ચંદ્ર પર પૃથ્વી કરતાં સાડા તેર ગણું ગુરુત્વાકર્ષણ બળ ઓછું હોય છે.

પૃથ્વી પર લાગતા આ બળને લીધે દડો - બોલ આકર્ષાઈને પાછો જમીન પર પટકાય છે. આ બળ ઈશ્વરની એક અજાયબી છે. માટે એક રીતે કહીએ કે ઈવા ભગવાન સાથે રમતી હતી તે કાંઈ ખોટી નથી, શું સમજી અર્વા?

અર્વા : હા દાદા... મને યાદ આવ્યું કે મારા શિક્ષકે **ન્યૂટન**ની એવી વાત મને કરી હતી. ઝાડ પરથી સફરજન નીચે પડતું જોઈ ન્યૂટન નામના વૈજ્ઞાનિકે ખૂબ ખૂબ વિચાર કરી સંશોધન કરી આ ગુરુત્વાકર્ષણ બળ શોધી કાઢ્યું હતું. કેમ સાચું છે ને, દાદા?

દાદા : પણ ન્યૂટન ઈવા જેવડો નાનો ન હતો. તેથી તેણે સફરજન નીચે પડતું જોઈ ઈવાની જેમ શેખચલ્લી વિચાર કરવાને બદલે (હસે છે અને દાદાએ ઈવાના માથા પર વહાલથી ટપલી મારી.)

...જાઓ ટેણિયાઓ, રમો હવે. મને મારું કામ કરવા દો. ઈવા જા. હવે અર્વાને પણ રમાડજે. ભગવાન સાથે રમું છું એમ માની ફુલાઈશ નહીં (દાદાએ હસતાં હસતાં ઈવાના હાથમાંથી બોલ લઈ ઉપર ઉછાળી હાથમાં ઝીલવા લાગ્યા.)

(ઈવાએ બોલ હાથમાં લઈ ઉપર તરફ ઉછાળતા ઉછાળતા સ્ટેજ પરથી બંને નેપથ્યે સરકી ગયા.)

(પડદો પડે છે.)

('જ્યોર્તિધર'માં પ્રકટ અને શાળામાં ભજવાયેલ નાટક)

***"સૂરજ રજા પર જાય છે!" – બાળ નાટ્ય સંગ્રહમાંથી સાભાર***

***'પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯. ● મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫***

## કવિતા

ઘણી ફૂટપાથ પર ફાટેલું પહેરણ સાંધનારા છે,
અસલમાં કોઈની ભાંગી તૂટી ક્ષણ સાંધનારા છે.

અમુક એવા હુન્નરમંદો મળે છે કોઈ કોઈને,
જઈ ભૂતકાળમાં બિસમાર પ્રકરણ સાંધનારા છે.

અમારો તાંતણો ક્યારેય જોડાયો નહીં પાછો,
અહિંયા તો ઘણા લોખંડને પણ સાંધનારા છે.

તમે ઈલાજ માટે એમને મોકો નથી આપ્યો,
નહિંતર કેટલા તલવારથી વ્રણ સાંધનારા છે.

મને વચમાં મૂક્યો, રાખ્યો ન કોઈ એકની બાજુ,
અમુક જણ વીંધનારા છે, અમુક જણ સાંધનારા છે.

ત્વચાનું આવરણ ચીરી, ઊડી છે ઊંઘ આંખોથી,
સુંવાળા હાથથી શું કોઈ પાંપણ સાંધનારા છે.

## લઘુ કાવ્યો

ભીંતે
ઝૂલતું કેલેન્ડર
દીવાલ પરનું
થીગડું.

અંધકારના
કેરમ બોર્ડ પર
ચંદ્રના સ્ટ્રાઈકર વડે
તારાઓની કૂકરીઓ
જોડે રમવા આવી –
રાત!

***રમેશ પટેલ - સુરત***
***મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫***

## ઘડતર થયું

સાવ સૂકી આંખમાં ઝરમર થયું,
વાદળું ઘનઘોર જ્યાં ભીતર થયું.

જ્યાં અમે રહીએ અમારું ઘર થયું,
પ્રેમનું આમ જ શરૂ ભણતર થયું.

સાતમે પડદેય શંકા ક્યાં હતી?
તોય શાને અંતરે અંતર થયું?

એટલો વિશ્વાસ મૂક્યો કે પછી,
જે થયું તે અધ્ધરો-અધ્ધર થયું.

એમની સમજણ ન ખોટી હોય પણ –
મેં કહેલું તેનું ભાષાંતર થયું.

પેટ ચોળીને પીડા ઊભી કરી,
એટલે આ લાંબુ - લપસીંદર થયું.

ઠોકરોને લઉં સ્વીકારી સ્નેહથી,
કેમ કે એના થકી ઘડતર થયું.

*ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

## થાકી ગયાં

સાંભળી સંવાદ થાકી ગયાં,
રોજનો વિખવાદ થાકી ગયાં.

એકબીજાની દલીલો પછી,
જામતો અવસાદ થાકી ગયાં.

હરઘડી ઘરબહાર ક્યાંથી જવું,
વસવસો બરબાદ થાકી ગયાં.

જાગતાં તકલીફ સૂતા દુઃખી,
ઊછળે ફરિયાદ થાકી ગયાં.

વાત ખોટી જાય વધતી સતત,
વ્યર્થશો ઉન્માદ થાકી ગયાં.

રોજનો કકળાટ ક્યાં છે પ્રગતિ,
થાય ક્યાં આબાદ થાકી ગયાં.

બેઉ છે કોરા વરસતો રહે
દૂરનો વરસાદ થાકી ગયાં.

કેમ લખવી ગઝલ છંદોલયે
ક્યાં મળે ઉસ્તાદ થાકી ગયાં.

*ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' - જામનગર*
*મો. ૯૫૧૦૧ ૨૯૪૧૯*

ગઝલ / કાવ્ય સૃષ્ટિ

## અજ્ઞાત અનાદિ

કોણ જાણે, હું કોણ છું,
મને શોધનાર માટે એક પ્રશ્ન છું.
વાણી પણ છું, મૌન પણ છું,
આશ પણ છું, નિરાશ પણ છું,
પરંતુ એક અથાગ પ્રયાસ પણ છું
હર્ષમાં છું, સંઘર્ષમાં છું,
સાહસમાં પણ ભરપૂર છું.
હું કર્મ છું, હું સાધના છું,
યાદ કર મને હું આરાધના પણ છું.
પૃથ્વીની સતહથી ફલકના વ્યાપમાં છું,
એક સંકલ્પ છું, તીવ્ર ઇચ્છા છું,
હું ભટકેલાની રાહ છું,
પ્રેમનો સંબંધ છું, વિરહની વેદના છું
હું સૂક્ષ્મ છું, હું વિરાટ છું,
હું અલ્પ છું, હું અઢળક છું,
હું કાવ્ય છું, હું નિબંધ છું,
હું અવ્યક્ત છું, હું પરિભાષિત છું,
હું કોયડો છું, હું ઉત્તર છું,
હું જ તો તારા પ્રશ્નનો પ્રત્યુત્તર છું,
હું જડ છું, હું ચેતના છું,
હું જ તો સૃષ્ટિના કણ કણમાં છું,
હું અંશ છું પ્રકૃતિનો અને હું જ તો પ્રકૃતિ છું.

*મિતેશ રાઠોડ - ભુજ, કચ્છ*
*મો. ૯૪૨૬૬ ૮૬૯૯૯*

## ઝંખના

સુરજથી સુ-રજ શાન બની, શમણા સર્જવા ઝંખું છું,
એ શમણાને સાકાર કરી, હું તને અર્પવા ઝંખું છું.

નભને આંબી વાદળ બની, રીમઝીમ વરસવા ઝંખું છું,
શીતલ ટપકતી બુંદોથી, હું તને ભીંજવવા ઝંખું છું.

ગુલ થઈ'ને ગુલઝાર બની, ગુલ-મહેંક થવાને ઝંખું છું,
ગુલકંદ બની રસના સ્વાદે, હું તને હર્ષવા ઝંખું છું.

મનની મીઠી મુરાદ બની, મુસ્તાક થવાને ઝંખું છું,
કોઈ મધુર સૂરોનું ગાન બની, હું તને રિઝવવા ઝંખું છું.

યાદોંથી યારાના સુધી, એક સફર ખેડવા ઝંખું છું,
એક-તારો બની, તારો થઈને, હું તને પામવા ઝંખું છું.

*દિનેશ જાની, નિવૃત્ત કેમિકલ એન્જિનિયર*
*ત્રિમંદિર સંકુલ, અડાલજ.*

## ગઝલ

સિતારાથી સોહે ગગનનો બગીચો,
સુકર્મોથી દીપે જીવનનો બગીચો!

બધા છોડને સ્નેહ સિંચન થતું હો,
સદા મઘમઘે છે સ્વજનનો બગીચો!

પિયાલો શહાદતનો પીવાને તત્પર,
વસંતોમાં ઝૂલે વતનનો બગીચો.

બને તન તમારું જો સેવા સદન તો,
મહેકે તમારા વદનનો બગીચો!

હશે ભાઈચારો, તરસ પ્રેમની તો,
રહે ખીલતો ત્યાં અમનનો બગીચો!

ખજાનો વિચારોનો ત્યાં ઠલવી દો,
રચે છે કલમ પણ કવનનો બગીચો!

હો આદર ને સન્માન પરિવારજનનું,
બને ચાર ભીંતો સદનનો બગીચો!

પઠન થાય ગીતા ને કુર્આનનું જ્યાં,
હશે રમ્ય સુંદર સ્તવનનો બગીચો!

*આબિદ ભટ્ટ - હિંમતનગર*
*મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦*

## લાગણીના પારખાં

તું બને આકાશ હું ધરતી બનું
ને ક્ષિતિજમાં આપણે મળતા રહ્યા.

સાત ભવના કોલ શું પોકળ હતા?
એક ભવમાં સાત ભવ કરતા રહ્યા.

શૂન્યતાના ગામનો હું આગિયો
સૂર્ય જેવા સૂર્ય કરગરતા રહ્યા.

આપણો છે પ્રેમ કેવો આંધળો
ઠોકરો ખાધી છતાં ચઢતા રહ્યા.

લાગણીના પારખાં તો હોય નહીં
જીવતા જીવત અમે મરતા રહ્યા.

ભાવના પથ્થર બની ગઈ હોય નહીં?
રાતભર એ કારણે રડતા રહ્યા.

*ભાવના ધૃતેશકુમાર રાવલ - અમદાવાદ*

ગઝલ / કાવ્ય સૃષ્ટિ

## તમે ન હો...

ના હોઉં હું જો મારા જીવનમાં તમે ન હો
શું મ્હેકનું થશે જો પવનમાં તમે ન હો.

હું શું કદાચ ખુદ તમે કલ્પી નહીં શકો
કે મારી કલ્પનાના ગગનમાં તમે ન હો.

એમાં મહત્તા મારી પ્રતીક્ષાની શું રહે
જો હું નમાવું શિર ને નમનમાં તમે ન હો.

ડૂબી જશે તમસના સમંદરમાં આયખું
જો મારી જિંદગીના જગનમાં તમે ન હો.

દર્દો ધરાર કેમ અડિંગો જમાવે ના
જો સારવાર સાથે જતનમાં તમે ન હો.

પાંપણની પાળેથી જ હું જાકારો આપી દઉં
શું જોઈને કરું જો સપનમાં તમે ન હો.

સાહિલ અનુભવું છું નીકટતા જુદાઈમાં
ના જોઈએ મિલન જે મિલનમાં તમે ન હો.

*સાહિલ - રાજકોટ*
*મો. ૯૪૨૮૭ ૯૦૯૬૯*

## મુક્તક

(બંધારણ : ગા લ ગા ગા  લ ગા ગા  લ ગા ગા  લ ગા)

વાત અંગત નથી, એ કવિતા નથી,
દર્દ છે ત્યાં સુધી એ કવિતા નથી.
આ જગતને નવું આપવાની મજા-
કોઈ માણે નહીં એ કવિતા નથી.

## હાઈકુ

લખું નિબંધ
"શિયાળાની ઋતુનો" –
ધ્રુજે શરીર.

હિમ ઋતુની
રાતે કચ્છપ બની
સૂતું નગર!

કાતિલ ઠંડી
ધ્રુજે છે ઘેટાં, માંગે–
ઓઢવા : શાલ!

કડકડતી
ટાઢ ઓઢી ચરે –
તૃણ ઘેટાંઓ.

કોમળ ત્વચા
ભીંગડા જેવી બને –
હિમ ઋતુમાં!

*રમેશ પટેલ - સુરત ● મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

## આંગળે આંગળે

*(આ ગઝલ રચનામાં રક્તપિત્તના દર્દી (કુષ્ઠરોગી બાળકો)ના દર્દ અને તેના નિવારણ માટે સેવાભાવી સંસ્થા અને તેના માનવતાથી છલકતા માનવોની સેવાથી જીવનાનંદી બનતા બાળકોની ભાવકથા છે.)*

ઘાવ ઘણા દૂઝે છે આંગળે આંગળે,
ઘાવ ઘણા રુઝે છે આંગળે આંગળે.

કુષ્ઠ તણા રોગીની સ્હેજ સેવા થકી,
કર્મ કુડા બુઝે છે આંગળે આંગળે.

બાળ બહુ નાના છે, જિંદગી જોઈ ના,
રક્ત નવું ઝૂઝે છે, આંગળે આંગળે.

માતપિતા વિહોણાં બાળકોને અહીં
સ્પંદ નવાં ફૂટે છે, આંગળે આંગળે.

હોલવવા અંધારા ટેરવે ટેરવે
સૂર્યશશી ઊગે છે આંગળે આંગળે.

**ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ' - રાજકોટ**
**મો. ૬૩૫૨૨ ૪૩૬૧૯**

## ગઝલ

પારકી પીડા સબબ ભીતર બળે,
દોડતો આવી તને ઇશ્વર મળે!

આપણે તો ભેદરેખા દોરતા,
ને સહજભાવે હવા સૌરભ ભળે!

હામ રાખી ચાલવું, ના હારવું,
સૂર્ય પણ ઢળતો મળે અસ્તાચળે!

પાંપણો ત્યારે જ તો ભીંજાય છે,
આંખમાંથી અશ્રુ કોરા નીકળે!

સ્થળ ભલે આઘા હશે તો ચાલશે,
દૂરતા અંતરથી અંતરની ટળે.

છે દરજ્જો પ્રાપ્ત ઊંચે આભમાં,
એટલે બેશક દુવા 'મા'ની ફળે.

લાજ રાખે સૂર્યની એ રાતના,
દીવડો જાતે બળીને ઝળહળે!

મેઘ બારેમાસ એની મ્હેરનો,
ઓશિયાળું કોઈના અંબર તળે.

**આબિદ ભટ્ટ - હિંમતનગર (જિ. સાબરકાંઠા)**
**મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦**

ગઝલ / કાવ્ય સૃષ્ટિ

## પતંગ

જિંદગી કેરો દોરો પ્રભુ તારા હાથમાં
ને, અમારે પતંગ ચગાવવો રહ્યો
કાચો પાકો માંજો હશે છતાં...
મસ્તીભર્યો રંગ ચઢાવવો રહ્યો...

મૂળથી કાનેતર સાચાં ખોટાં બાંધ્યા...
ઓળઘોળ થઈએ, બસ, તારી સઘળી માયા...
તારી ઇચ્છા - કૃપા થકી હવા ચાલે...
તેં નિર્મેલો સંગ નિભાવવો રહ્યો...

ક્યાંક આકાશે વિહરતો - પોરસાતો
ક્યારેક ક્યાંક ગોથાં કે ફસાતો...
જેવો હશે તેવો પ્રભુ સ્વીકારજે...
ઉમંગે હર પ્રસંગ ઉજવવો રહ્યો...

**જસ્મીન દેસાઇ 'દર્પણ' - રાજકોટ**
**મો. ૯૪૨૮૩ ૪૯૮૧૨**

## ૨૧વીં સદી

ખડેખડે સબ ખાય
પિતા પુત્રકો લાગે પાય
ઇકવીસવીં સદી કા અચરજ
દેખકર 'સોમૈયા' શરમાય.

'સોમૈયા' ઇસ સંસાર મેં
બાત બાત મેં લાત
બિના પુંછ કે ગધ્ધેકી
નઇ જગતમેં જાત.

**અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ**

## હાઈકુ

નૂતન વર્ષ
એવું વરસ કદી–
કોરા નૈ થાય!

નૂતન વર્ષ
એવું વીતે : મિત્રતા
કાયમ રહે!

નૂતન વર્ષ
એવું રહે કાયમ
વિશ્વને ચહુ!

નૂતન વર્ષ
એવું સરસ : સુખ
સમૃધ્ધિ વધે!

નૂતન વર્ષ
ગત વર્ષને કહે :
'બસ આવજે!'

નૂતન વર્ષ
'હાઈકુ' લખ્યા કરું–
પ્રભુ પ્રાર્થના!

**કિશોર આર. ટંડેલ - નવસારી**
**મો. ૯૫૩૭૯ ૭૫૬૬૬**

# SOME GOLDEN THOUGHTS....

*Presentation : Dinesh R. Mehta*

*Everyone may not be nice...
but there is something nice in everyone.
Never keep a fixed image for anyone...
because people act differently
with different people...*

*Words are like keys,
if you choose them right,
it can open any heart and
shut any mouth.*

*Confidence doesn't come,
when you have all the answers.
But it comes when you are ready
to face all the questions.*

*We love ourselves
even after making so many mistakes...
Then how can we hate others
for their small mistake...??*

*Good behaviour doesn't have
any monetary value.
But it has the power
to purchase million hearts.*

*"What you get by achieving goals
is not as important
as what you become
by achieving your goals."*

*Heart is not a basket
for keeping tension and sadness.
It is a golden box
for keeping roses of happiness
and sweet memories.*

*Happiness is a choice,
not a result,
nothing will make you happy
until you choose to be happy.*

*Six best doctors in the world....
● Sunlight ● Rest ● Exercise
● Diet ● Self confidence and
● Friends*

*You don't need someone
to complete you.
You only need someone
to accept you completely.*

*Be so busy loving god,
loving others and loving your life
that you have no time for regret,
worry, fear or dream.*

*Life is a collection of moments
Some happy,
some sad and
some unforgettable.*

## સમર્પિત અને શ્રેષ્ઠ દીકરી : મણિબહેન પટેલ

આજે મારે રાજપુરુષ, મહાપુરુષ કે યુગપુરુષની વાત કરવી નથી પરંતુ ભારતની સવાઇ દીકરી અનોખી દીકરી, અનન્ય, મહાન અદ્‌ભુત દીકરીની વાત કરવી છે.

૫ વર્ષની ઉંમરે મણિબહેનના માતા ઝવેરબાનું અવસાન થયેલ. વલ્લભભાઈ ત્યારે ૩૩ વર્ષના હતા. વલ્લભભાઈ ઇંગ્લેન્ડ બેરિસ્ટરીના અભ્યાસ માટે ગયા ત્યારે મા વિહોણા બનેલા બંને બાળકોને વિઠ્ઠલભાઈ મુંબઈ લઈ ગયેલા. મણિબહેન મુંબઈની ક્વિન મેરી હાઈસ્કૂલમાં ભણતા. વલ્લભભાઈ બેરિસ્ટર થઇને ભારત આવ્યા ત્યારે મણિબહેનને અમદાવાદ લાવ્યા અને કોન્વેન્ટ સ્કૂલમાં મૂક્યા. પછી ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં સ્નાતક થયા અને પિતાનો કારભાર સંભાળવા લાગ્યા. બ્રિટીશ શાસન સામે પિતા વલ્લભભાઈની સાથે સત્યાગ્રહમાં જોડાયેલ. બોરસદ સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ, મીઠા સત્યાગ્રહ અને છેલ્લે ભારત છોડો આંદોલનમાં પણ મહિલા સત્યાગ્રહીઓની આગેવાની લીધેલી. ગાંધીજી અને કસ્તુરબાના નિષ્ઠાવાન અનુયાયી બની રહેલા. આ સમર્પિત મહિલાએ સને ૧૯૭૫-૭૬માં કટોકટી વખતે તત્કાલિન વડાપ્રધાન ઇંદીરા ગાંધી વિરુધ્ધ સીધો જંગ ખેલ્યો હતો. પરિણામે મોરારજીભાઈ દેસાઇ, જયપ્રકાશ નારાયણ તથા હજારો રાષ્ટ્રવાદી નેતાઓની માફક કોંગ્રેસ સરકારે મણિબહેન પટેલને પણ જેલમાં ધકેલી દીધા હતા.

મણિબહેનને પિતા પ્રત્યે અપાર આદરભાવ હતો. એ પવિત્ર મનની છતાંય કડવી જીભ ધરાવનારી દીકરીએ જે રીતે ભારતને સંભાળી લેનાર સરદારની કાળજીપૂર્વક સંભાળ રાખી, તેની ઇતિહાસ નોંધ લેશે. જો મણિબહેનની સેવા પ્રાપ્ત ન થઇ હોત, તો સરદારની તબિયત ઘણી વહેલી લથડી હોત. તો સને ૧૯૪૫થી ૧૯૫૦ના પાંચ વરસના અતિ મહત્ત્વના કાલખંડમાંથી દીર્ઘદૃષ્ટા સરદારે દેશને બચાવી લીધો, સાચવી લીધો, સંભાળી લીધો તે ન થઇ શક્યું હોત. આ સરદારની અદ્‌ભુત સફળતાનાં યશભાગી મણિબહેન પણ હતા.

દીકરીએ સરદારની છાયા બનીને પિતાની સારસંભાળ રાખી હતી. સરદારશ્રીનો મહત્ત્વનો પત્રવ્યવહાર સાચવીને સંભાળ્યો ન હોત તો ઘણીબધી ઐતિહાસિક વિગતો પ્રકાશમાં ન આવત. મણિબહેન કાયમ સરદારશ્રીની સાથે રહેતા. તેથી એમને દેશના કટોકટી સમાન મહત્ત્વના બનાવોનો સમગ્ર સંદર્ભ ખ્યાલમાં હતો. સરદારશ્રીનાં હરેક કાર્યકલાપનું એ ચીવટથી સમાયોજન કરતા. સરદારશ્રીની માફક મણિબહેન પણ મહાત્મા ગાંધી અને કસ્તુરબા પ્રત્યે સમર્પિત હતા. સરદારશ્રીને ગાંધીજી પ્રત્યે કેટલો ઊંડો આદર હતો તેનો ખ્યાલ મણિબહેનની ડાયરી વાંચનારને આવે છે. આ ઐતિહાસિક ડાયરીને કારણે આપણને કેટલીક એવી માહિતી સાંપડે છે, જે લગભગ અલભ્ય હોત. આ ડાયરીને પાને પાને સરદારશ્રીની પ્રતિભા પ્રગટ થતી રહે છે.

મને તો મણિબહેનમાં સરદારશ્રીનું 'નીલકંઠ - સંલક્ષણ' પ્રગટ થતું અનુભવાય છે. — ગુણવંત શાહ

***બી.જી. કાનાણી***

***પ્રિન્સિપાલ, શ્રી ઉમિયાજી મહિલા કોલેજ - ધ્રોલ***

## આ તો બે ઘડી ગમ્મત...
## જો જો ... વાત બહાર જાય નહીં...

મુંબઇ સ્થિત સોલિસિટર શ્રી રામદાસ ગાંધીએ 'સફર સોલિસિટરની' પુસ્તક લખ્યું છે. તેઓ થોડાં વર્ષ અમદાવાદમાં પણ રહ્યા હતા. તેમણે નોંધ્યું છે કે —

★ અમદાવાદના લોકો ટીંડોળાનું શાક સૌથી વધુ બનાવતા. ટીંડોળા એક એવું શાક છે કે તેમાં નકામો ભાગ ઓછો હોય અને વળી જલ્દી તૈયાર થઈ જાય.

★ તેમણે એમ પણ નોંધ્યું છે કે જો કોઈ નારંગી કે મોસંબી ખરીદતું હોય તો તેમને તરત પૂછવામાં આવતું કે ઘરે કોઈ માંદું છે? કોઈ બીમાર હોય ત્યારે જ લોકો ફળ ખરીદતા. કેવો હતો એક જમાનામાં અમદાવાદી?

★ સાઇકલ લઇને પોતાના ૨-૩ મિત્રો સાથે ચા ની હોટલમાં જાય. હોટલની બહાર સાઇકલ પાર્ક કરીને થડા પર બેઠેલાને સૂચના આપે : 'બોસ, આ સાઇકલનું ધ્યાન રાખજો...' એ પછી ૩-૪ મિત્રો હોટલમાં સ્થાન લઇને તરત જ સૂચના આપે... 'એ ભાઈ, પંખો ચાલુ કરો.' પંખો ચાલું થાય તેની દસમી મિનિટે બે કટિંગ (અડધી) ચા નો ઓર્ડર 'માણેક ચોકની માર્કેટમાં એક કિલો સોનાનો ઓર્ડર આપતો હોય તે રીતે' આપવામાં આવે. ત્યાં એક જણ બૂમ પાડે... 'એ ટેણી... આજનું છાપું તો લાવ...' ૨-૪ મિત્રો વહેંચીને છાપુ વાંચે. ચા પીતા પીતા સાંપ્રત પ્રવાહોની ચર્ચા થાય. (ટી.વી.માં આમેય રોજ રાત્રે ચર્ચાનો કાર્યક્રમ આવે છે તેના મૂળ ખરેખર અહીં છે.) અડધા કલાક સુધી ચા ની ચાહ સાથે આ મહેફિલ ચાલે... એ પછી મિત્રો ઊભા થઇને હોટલની બહાર નીકળતા નીકળતા માલીકને કહે... 'બોસ... લખી લેજો...'

તો આ હતું અમદાવાદનું કલ્ચર.

★ એવું કહેવાય છે કે જે મૂળ અમદાવાદી હોય તે...
સૌથી ઉત્તમ માગે,
સૌથી સસ્તું માગે,
મનગમતું માગે

નમતું માગે

ઉધાર માગે...

★ અમદાવાદી એટલો બધો કંજૂસ કે તાળી પાડવામાં પણ કંજૂસાઈ કરે. એવું કેમ? અરે ભાઈ, તાળી પાડીએ ને જમણો હાથ ડાબા હાથ પાસેથી કશું લઈ લે તો...!

★ ...અને પેલી વાત તો તમે જાણો જ છો કે સવારના પહોરમાં રેલવે સ્ટેશન પર ગાડી ઊભી રહી. મુસાફરે બારી ખોલીને પૂછ્યું કે કયું સ્ટેશન આવ્યું? સ્ટેશન પર ઊભા રહેલા રાહદારીએ કહ્યું કે જો બે રૂપિયા આપો તો કહું... પેલો મુસાફર કહે : ચોક્કસ અમદાવાદ આવ્યું છે!

★ અમદાવાદમાં એક માથાભારે વ્યક્તિએ મહાજનને બેફામ ગાળો આપી. પેલા ભાઈ ઉપર કોઈ જ અસર થઈ નહીં. કેમ? મહાજનભાઈ કહે... 'એ આપે છે ને... આપણી કનેથી કશું લઈ તો જતો નથી ને...?'

★ એકવાર કોઈ કાંકરિયામાં ડૂબતું હતું. બચાવ માટે એ ભાઈ બૂમો પાડતા હતા. કિનારે એક ભાઈ ચાલતા હતા. તેને તે ડૂબતી વ્યક્તિ કહેતી હતી... 'મને તમારો હાથ આપો...' પણ પેલા ભાઈએ હાથ ના આપ્યો. જેવું તેણે કહ્યું, 'લો... મારો હાથ લઈ લો, મારો હાથ પકડો – ' એવું કહ્યું કે તરત જ કિનારે ચાલતી વ્યક્તિએ ડૂબતી વ્યક્તિનો હાથ પકડી લીધો... અમદાવાદીને કોઈ 'આપો' એવું કહે તે ના ગમે...

★ ...અને વિનોદ ભટ્ટે એકવાર મસ્ત વાત કરી હતી. સમગ્ર વિશ્વમાં કબજિયાતના સૌથી વધુ દર્દીઓ અમદાવાદમાં છે. કેમ? સાલુ... કશું છોડવું પડે તે અમદાવાદીઓને પાલવતું નથી.

★ મુંબઈની એક હોસ્ટેલમાં બધા મિત્રોએ પિકનિક ગોઠવી. સુરતી કહે, હું સુતરફેણી લાવીશ. ખંભાતી કહે, હું હલવાસન લાવીશ. ભાવનગરી કહે, કાલે જ ગામથી ગાંઠિયા આવ્યા છે, હું લેતો આવીશ. વડોદરાવાળો કહે, હું લીલો ચેવડો લાવીશ. એક ખૂણામાં બેઠેલો અમદાવાદી કશું બોલતો નહોતો... બધાએ તેની સામું જોયું... એ ધીમેથી બોલ્યો... 'કાલે મારા મહેમાન આવવાના છે... હું તેમને લેતો આવીશ...'

★ અમદાવાદ નગર અડધી ચા અને આખા પ્રેમનું નગર છે. પણ અડધી ચા હવે 'ક્વાર્ટર' (એક ભાગ) સુધી પહોંચી ગઈ છે. લો-ગાર્ડન વિસ્તારમાં કલાકાર કટિંગ મળે છે. ચમચીથી ચા પીવી પડે એવા મહાન દિવસો અમદાવાદમાં આવી ગયા છે.

★ અમદાવાદના જ એક જાણીતા લેખકશ્રી કહેતા હતા કે અમદાવાદમાં કોઈને પૂછીએ કે આ ફ્લેટ કેટલામાં લીધો? તો જવાબ અચૂક એવો મળે છે કે અમે ૩૫ લાખમાં લીધો હતો પણ અત્યારે ૫૫-૬૦ લાખ ચાલે છે. આ છે અમદાવાદીનું અદ્‌ભુત વ્યક્તિત્વ!

★ અમદાવાદી પોતાને મળેલું જમવાનું એક પણ આમંત્રણ ચૂકે નહીં. પણ મિત્રને તો એવું જ કહેવાનો કે... એ બાજુ નીકળો તો ઘરે આવજો!

★ જેમ અડધી ચા અમદાવાદીએ કરી છે તેમ 'મિસ કોલ'ની અપૂર્વ શોધ પણ અમદાવાદમાં જ થઈ છે. અમદાવાદમાં કોલ કરીને જેટલું કોમ્યુનિકેશન થતું હશે તેનાથી વધારે કોમ્યુનિકેશન મિસ્ડ કોલ્સ દ્વારા થતું હશે (ફ્રી કોલની સ્કીમ હવે આવી એ અગાઉ.)

★ અમદાવાદના એક વિશ્વખ્યાત ડૉક્ટર પાસેથી એક વાત સાંભળી હતી તે માનવાનું મન થાય એવી નથી, પણ મજા પડે તેવી છે. એક અમદાવાદીને ફેમિલી ડોક્ટરે સલાહ આપી કે તમને ડાયાબિટીસ છે કે નહીં તે ચેક કરાવો. એ ભાઈ પહોંચ્યા 'સ્વાસ્થ્ય'માં ડૉક્ટર પાસે. પોતાનું લોહી મફતમાં આપીને એ ભાઈ, કોઈ પણ પ્રકારનો ટેસ્ટ કરાવવા રાજી નહોતા. ડોક્ટરે એક ડબ્બી આપીને કહ્યું કે : આમાં તમારા પેશાબનું સેમ્પલ લેતા આવજો. તેના પરથી ટેસ્ટ કરીશું. બીજા દિવસે તે ભાઈ એક મોટી બાટલીમાં પેશાબ લાવ્યા. ડોક્ટર કહે : આટલા બધા પેશાબની ક્યાં જરૂર હતી? એ ભાઈ હસતા હસતા કહે... 'આમાં સાહેબ ક્યાં પૈસા આપવાના હોય છે? તમ તમારે રાખોને...' ડોક્ટરે રિપોર્ટ તૈયાર કર્યો. સાંજે અમદાવાદીભાઈ રિપોર્ટ લેવા આવ્યા. ડોક્ટરે કહ્યું કે, 'ખુશીની વાત છે, આપને ડાયાબિટીસ નથી.' એ ભાઈ રિપોર્ટ લઈને ઊભા થઈ ગયા અને ખુશીમાં ઠેકડો મારીને બોલ્યા, 'ડોક્ટર સાહેબ, મને એકલાને નહીં... મારા આખા પરિવારને ડાયાબિટીસ નથી...'

***તો આવી છે જાતભાતની અમદાવાદીની દંતકથાઓ જેવી હાસ્યકથાઓ....***

## પૃથ્વી પરના ગ્રીન કવરનો નાશ એટલે પ્રદૂષણ... તેને અટકાવવા આપણે નીચે પ્રમાણે સંકલ્પ કરીએ...

★ હું મારી આસપાસના વાતાવરણને ચોખ્ખું રાખીશ.

★ હું જાહેરમાં કચરો કે ધુમાડો થાય તેવી ચીજ બાળીશ નહીં.

★ વધુમાં વધુ વૃક્ષારોપણ કરીશ અને કરાવીશ.

★ ફેક્ટરી કે ઔદ્યોગિક ધુમાડાનો યોગ્ય નિકાલ કરીશ.

★ મારું શહેર, મારો દેશ હરિયાળો બનાવીશ.

★ હું પ્રદૂષણયુક્ત સ્થાનો પર માસ્ક અવશ્ય પહેરીશ.

★ શરીર સ્વચ્છ રાખીશ. આંખો-મોં-હાથ પગ બરાબર સાફ રાખીશ.

★ ધૂમ્રપાન કરીશ નહીં અને બીજાને પણ ધૂમ્રપાન કરતા રોકીશ.

★ શક્ય તેટલા બધા જ પ્રયત્નો દ્વારા પ્રદૂષણ ટાળીશ.

# આંજો કાગર

## વાચક વર્ગનો થાક ઉતરી જાય તેવી લેખન સામગ્રી એટલે 'મંગલ મંદિર'

'મંગલ મંદિર'ના ઓગસ્ટ અને નવેમ્બર-૨૦૨૧ના અંકો કચ્છથી આવીને વાંચેલ. અતિ આનંદ થયો. બંનેમાં સાગર સમાન વાંચન મળેલ. ઓગસ્ટ અંકમાં ૨૪ આંકાવાળું અશોકચક્ર બુધ્ધે જણાવ્યા મુજબ ૨૪ જીવન મૂલ્યો સરસ રીતે બતાવ્યા છે. અનેક લેખકોના પ્રતિસાદ 'મંગલ મંદિર'ના વાચકો માટે ઉજાણી સમાન છે. સિંધુતાઈ સપકલ અનાથોના નાથ, 'કચ્છી નવું વરે' અષાઢી બીજની પરંપરા, ગુજરાતી નોલેજ બુક એટલે જ્ઞાનની સરિતા સમાન, વીર મેઘાણી, ગેમ્સ ગેલેરી, રજાની મજા - ગીત, વૃક્ષો એટલે આપણી જિંદગી, સમાચાર દર્શન, નવેમ્બર અંકમાં સાહિત્ય સરગમમાં દિવાળી એટલે આનંદ ઉલ્લાસ ને પ્રકાશની શુભેચ્છા, લાભ પાંચમનો મહિમા, ધોળાવીરા ક્ષેત્ર, ગોબર ક્રાફ્ટ, જોગીડા જંગે ચડ્યા, ચારણોની પરંપરા, ભરતકામના કસબી મંગળાબેન ચાવડા, વરઘોડો - ગીતો ગઝલ **વગેરે તેમજ તમામ લેખો જ્ઞાનની સરિતા સમાન વાંચી આનંદ થયો. વાચકોનો થાક ઉતરી જાય તેવી લેખન સામગ્રીઓ છે.** 'મંગલ મંદિર'ની પ્રવૃત્તિ એટલે કચ્છની કીર્તિ, કચ્છના કસબી કલાકાર, મદદ માડુઓની યાદ, ગામના ઐતિહાસિક પ્રસંગોની વિગત, ભાતીગળ સ્થળોની સામગ્રી પીરસતું માસિક. તંત્રીઓને તથા અધિકારીઓને ભાવવંદના. જે કચ્છની આભાને યાદ કરે છે. જુગ જુગ જીવો 'મંગલ મંદિર.'

*હીરાલાલ વી. ઊનડોઠવાલા - ચેમ્બુર*
*મો. ૯૮૬૯૬ ૭૭૭૮૯*

★

## વહાલપના વેણ... 'મંગલ મંદિર'ના અંકોની દર મહિને રાહ જોતા હોઈએ છીએ

'મંગલ મંદિર' માસિકનો જાન્યુઆરી-૨૦૨૨નો અંક રંગબેરંગી પતંગો અને તેમાં લખેલા લખાણો જોઈ - વાંચી મારો રાજીપો લખી મોકલું છું.

તંત્રીલેખ — સાઈબર ક્રાઈમમાં ઘણું જાણવા મળ્યું. આભાર. પ્રાર્થના - લેખ ગમ્યો. પતંગની વાતો - પ્રાસંગિક લેખ છે. આપણા દેશનું બંધારણ — લેખ ઘણો ઉપયોગી લાગ્યો. રામભક્ત શબરી - કથા ચરિત્રને મઠારીને લખવા બદલ ચંદ્રકાંતભાઈ પટેલ 'સરલ'ને વિશેષ અભિનંદન પાઠવું છું. ગીત - ગઝલનું ઉન્નત શિખર - કવિ રમેશ પારેખ અંગેનો લેખ વિશેષ અનુભવ્યું.

**'મંગલ મંદિર' માસિક અમારા ઘરના સૌ સભ્યોનું પ્રિય - વહાલું મેગેઝિન છે.** તા. ૫ થી (દર માસે) અંક ક્યારે મળે તેની આતુરતા સાથે સૌ રાહ જોઈએ. **અંક આપવા આવનારના હાથમાંથી અંક મેળવી રીતસર રસપૂર્વક વાંચવા બેસી જઈએ.**

અનેક શુભેચ્છાઓનો ગુલદસ્તો અત્રે મોકલાવેલ છે. સ્વીકાર કરશો.

*યોગેશ નટુભાઈ ભટ્ટ - અમરેલી*
*મો. ૯૯૨૪૦ ૧૩૪૬૪*

★

## 'કથા ચરિત્ર' વિભાગમાં ઓછી જાણીતી બાબતો અવગત થઇ છે

'જય ભારત'... 'મંગલ મંદિર' માસ જાન્યુઆરી-૨૦૨૨ના અંકમાં ચંદ્રકાંત પટેલ 'સરલ' દ્વારા લખાયેલ શબરીના જીવન વિશેનો લેખ સંશોધનસ્પર્શી અભ્યાસાન્તે પ્રમાણિક સંવેદનશીલતાપૂર્વક લખાયેલ જણાય છે. લેખમાં શબરીની ઓછી જાણીતી બાબતો અવગત થઈ છે. મને શબરીનું પ્રસ્તુત જીવન રડાવી ગયું.

*ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ' - રાજકોટ*
*મો. ૬૩૫૨૨૪૩૬૧૯*

★

## આજના સમયે સાંસ્કૃતિક વિરાસત, પ્રાચીન પરંપરાઓ અને ઐતિહાસિક પાત્રો વિશેની જાણકારી પ્રદાન કરતું 'કથા ચરિત્ર' વિભાગ એક સીમાચિહ્ન...

આજે સાંપ્રત સમયે ભૂલાતી જતી સાંસ્કૃતિક વિરાસત, આપણી પ્રાચીન પરંપરાઓ અને ઐતિહાસિક - સાંસ્કૃતિક પાત્રો વિશે આજની નવી પેઢી સાવ વિમુખ બનતી રહી છે. ત્યારે ''શબરી''ના માધ્યમથી આપણી સંસ્કૃતિ અને પૂર્વ થઇ ગયેલાં મહાન પાત્રો વિશે પરિચયમાં મૂકાયો છે, જે ''રામભક્ત શબરી'' રૂપેનો લેખ એક સીમાચિહ્ન બની રહેશે. તે માટે લેખકશ્રી ચંદ્રકાંત પટેલને ખૂબ ખૂબ અભિનંદન...

*રાકેશ પટેલ - કચ્છ*
*મો. ૯૪૨૯૨ ૯૭૭૭૦*

★

## 'મંગલ મંદિર'ના સુંદર અંકોના પ્રકાશન માટે અભિનંદન

માસ જાન્યુઆરી-૨૦૨૨નો અંક સાભાર મળેલ છે. જેમાં પ્રસિધ્ધ તંત્રીલેખ, દીપશીખા વગેરે તમામ સામગ્રી તથા વિવિધ વિષયના નિયમિત વિભાગો ખૂબ જ સુંદર અને ઉપયોગી થાય છે.

હવેથી નવી કોલમ 'તીર્થ દર્શન' શરૂ કરી રહ્યા છો, તે

જાણી આનંદ થયો છે. આમ નવી કલમ શરૂ થતાં સોનામાં સુગંધ ભળે તેવું આવકાર્ય અને અભિનંદનીય કાર્ય છે.

**આ અંકમાં કચ્છ વિશેની અવનવી માહિતી તથા ખૂબ ઉપયોગી વિગતો છે.**

'દીપોત્સવી', ડિસેમ્બર-૨૦૨૧ના અંક સહિત દરેક અંકોમાં ૪૦થી વધુ વિભાગ અને કોલમ, કાવ્ય વગેરે પરિવારમાં નાના-મોટા સૌને ખૂબ જ ઉપયોગી બને તે ઉદ્દેશ્ય સાથેનું સંપાદન પ્રશંસનીય છે. પ્રકાશનના સહભાગી **સૌને અભિનંદન સાથે શુભ કામના પાઠવવા શબ્દો ઓછા પડે તેમ છે તેવું આવકાર્ય માસિક છે.**

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

★

## વૈવિધ્યસભર વિષયોનો શણગાર : 'મંગલ મંદિર'

વૈવિધ્યસભર વિષયોનો શણગાર સજીને આવતું અને જીવનને મંગળતા તરફ જવા પ્રેરતું 'મંગલ મંદિર' સામયિક એક જ બેઠકે વાંચી જવું ગમે છે. તંત્રીને હાર્દિક અભિનંદન. પૌરાણિક અને સંપૂર્ણ જાણકારી ન હોય એવા પાત્રોનો પરિચય વિગતવાર આપવાનો વિભાગ શરૂ કર્યો, તે ખૂબ જ ગમ્યું છે. શ્રી ચંદ્રકાંત પટેલ 'સરલ' દરિયાના તળિયેથી મોતી લઇ આવવાનું કામ કરી રહ્યા છે. તેમને પણ ખૂબ ખૂબ અભિનંદન.

*ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૭૫૫૮૦૫૩*

★

## આવી અવનવી સામગ્રી દર મહિને પીરસતા રહેશો

'મંગલ મંદિર'ના માસ જાન્યુઆરી ૨૦૨૨ના અંકમાં પીરસાયેલી વિવિધ વાંચનરૂપી વાનગીઓ ખૂબ જ પસંદ પડી. તેમાંય શ્રી ચંદ્રકાંત પટેલ 'સરલ'નો 'ઐતિહાસિક એરણે : રામભક્ત શબરી' લેખ ખૂબ જ ગમ્યો. શબરી વિશે અલ્પ માત્રામાં જાણકારી હતી. લેખ વાંચ્યા પછી શબરી વિશે ઘણી અજાણી વિગતો જાણવા મળી. લેખનું લખાણ મુદ્દાસર, માહિતીસભર તથા મંથનપૂર્વકનું છે. તેઓશ્રીના અન્ય લેખ 'દિલની જબાન' ''સદાબહાર કવયિત્રી : પ્રજ્ઞા વશી'' પણ ગમ્યા. તેઓની વિવિધ ગઝલનાં શેરનું રસદર્શન કાબિલેદાદ છે. પૂરા ઊંડાણપૂર્વક ગઝલના અર્થને પ્રસ્તુત કર્યા છે. બધી ગઝલો માણવાની મજા આવી.

અન્ય લેખકો ભરત અંજારિયા, ડૉ. મિહિર એમ. વોરા, રમેશ પટેલ, જિતેન્દ્ર વી. શાહ તથા રતિલાલ સાં. નાયકનાં લેખો ગમ્યા. આવી જ અવનવી સામગ્રી દર માસે પીરસતા રહેશો, તેવી અપેક્ષા સાથે.

*હરજીવન રંગપરિયા - રાજકોટ*

## શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ

અમો શાહીબાગ - અમદાવાદ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં બે દિવસ રોકાયા હતા. ત્યાંની વ્યવસ્થા અને સગવડ ખૂબ સંતોષજનક હતી. ત્યાનું કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ જોઇને ખૂબ જ આનંદ થયો. અતિથિ ગૃહમાં આવી સરસ સગવડ આપવા બદલ ખૂબ આભાર.

*વૈશાલી ગડા - મુંબઈ • મો. ૯૮૯૨૩૨૬૩૫૬*

## સંદેશો (લઘુ કથા)

લાલજીભાઈ ડોનેશનનો ચેક જમા કરાવી ''જીવન સંધ્યા'' વૃદ્ધાશ્રમના પગથિયા ઉતરતા હતા, ત્યાં બૂમ સાંભળી : 'લાલજીભાઈ... ઓ લાલજીભાઈ...'

લાલજીભાઈએ પાછળ ફરી જોયું. ફરી પગથિયા ચડી ઉપર ગયા.

'અરે જયાબેન તમે...? તમે બૂમ મારી...?'

'હોવ...!'

'મજામાં...? બોલો, શું કામ હતું?'

'કામ તો કંઇ નંઇ... એક જ સોસાયટીમાં રહો છો એટલે કઉં છું. મારા દીકરાને... હેતલાને કે'જો કે...'

બીજા દિવસે લાલજીભાઈ હેતના ઘેર આવ્યા.

'આવો, આવો, લાલજીકાકા... બેસો... મજામાં....? કેમ આવવું થયું?'

'કામ તો શું હોય... કાલે જીવનસંધ્યામાં જવાનું થયું. તમારા મમ્મી મળેલા...!'

'મારા મમ્મી...?'

'હા, જયાબેન... ઓળખ્યા?'

'હા... હા... શું કે'તા તા? મારી ફરિયાદ કરતા હશે. મારા જ વાંક ગણાવતા હશે. હેતલો આવો, ને હેતલો તેવો... મારી કૂખે તો પથરો પાક્યો હોત તો સારું... આ તો દીકરો નહીં દીપડો!'

'ના... ના... આવું કશું નહીં.'

'તો... તો... કે'તા હશે ભગવાન કોઇનેય આવી વંઠેલી વહુ ના આલે.'

'અરે... અરે... હેતભાઈ, તમે આ શું બોલો છો? આવું કશુંય નો'તા કે'તા.'

'તો...?'

'એમણે તો એમ કહ્યું છે કે દીકરાને કે'જો કે ચા ઠંડી કરીને પીએ! શું છે કે તેને ગરમાગરમ ચા પીવાની ટેવ છે. એમાં ને એમાં એની જીભ બળે છે! પછી બે દા'ડા ખવાતું પણ નથી. અહીં મને ફિકર થયા કરે! આટલું જરૂર કહી આવજો.'

સંદેશો પહોંચાડી લાલજીભાઈએ જવાની રજા લીધી.

હેત ભોંય પર પછડાયો!

*આબિદ ભટ્ટ - હિંમતનગર (જિ. સાબરકાંઠા)*
*મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર અહિંસા ધામમાં બે દિવસીય વાર્ષિકોત્સવની વિશિષ્ટ રીતે ઉજવણી....

જીવમાત્રના કલ્યાણની ભાવના સાથે ત્રીસ વરસથી કાર્યરત ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર (અહિંસાધામ) પ્રાગપર તેના એકત્રીસમા વરસના આરંભે વધુ સેવાકીય પ્રકલ્પોના લોકાર્પણ સાથે ઉજવણી કરશે. સમાજના સુખી અને સંપન્ન દાતાઓના ઉદાર અનુદાનથી અકસ્માતમાં ઘાયલ પશુ પક્ષી અપંગ જીવોની સારવાર માટેની હોસ્પિટલથી શરૂ થયેલ આ જીવદયાનું કાર્ય આજે સેવાકીય ક્ષેત્રે વટવૃક્ષ બની ગયું છે. પ્રાણી, પશુ-પક્ષી અને પર્યાવરણના જતન અર્થે જાગૃતિ કાર્યક્રમો, જીવદયાના કાર્યો સંસ્થા દ્વારા દર વરસે થાય છે. એ જ પ્રણાલિકા અનુસરતા આ વરસે અપંગ પશુઓ માટેના વિશિષ્ટ અભયારણ્યને દાતાઓના હસ્તે જાન્યુઆરી માસ દરમિયાન ખુલ્લું મૂકવામાં આવશે.

તે સાથે ધરતીપુત્રોના ઉત્થાન માટેના પ્રયાસરૂપે માર્ગદર્શન સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં ખેડૂતો વર્તમાન સમયમાં પાણીના ઓછા ઉપયોગ સાથે વધુ અને સારો પાક મેળવી આર્થિક ઉન્નતિ કરી શકે તે માટે આ ક્ષેત્રના તજજ્ઞ વક્તા મયંકભાઈ ગાંધી અને હરેશભાઈ શેટ્ટી મુંબઈથી પધારી માર્ગદર્શન આપશે.

ઉદ્‌ઘાટન કાર્યક્રમ બાદ બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડાના અધ્યક્ષ સ્થાને આપણી પર્યાવરણીય વિરાસતને જાળવવા જાણીતા પક્ષીવિદ્ નવીનભાઈ બાપટ અને વાનસ્પતિક વિશેષજ્ઞ ઉમેશભાઈ થાનકી દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે. વાર્ષિકોત્સવના બીજા દિવસે અન્ય વિવિધ પ્રકલ્પો પણ ખુલ્લા મૂકવામાં આવશે. તેમજ સંસ્થામાં સેવાકીય કાર્યો કરતા કર્મવીરોને સન્માનિત કરવામાં આવશે તેવું સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

## JITO Global : Matrimony App

**જૈન લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે**

***Register yourself & Search your Life Partner***

Registration Open

Fees : Rs. 1000 for 2 year.

Android & IOS App Link

https://tinyurl.com/JitoMatrimony2021

***વધુ માહિતી માટે :*** wa.me/+91 7575076500 ઉપર Hi ટાઈપ કરો.

## આદર્શ અમદાવાદ બિન વપરાશી ચીજવસ્તુઓ એકત્ર કરીને તેનું વિતરણ...

આદર્શ અમદાવાદ બિનવપરાશી ચીજોનું કલેક્શન કરીને જરૂરિયાતવાળા વર્ગમાં તેનું વિતરણ કરે છે.

***બિનવપરાશી ચીજવસ્તુઓ :*** જેવી કે કપડા, ચાદર, બ્લેન્કેટ, શેતરંજી, પસ્તી, સ્ટેશનરી, ફર્નીચર, બાળકોના રમકડાં, ઘોડિયું, સાઇકલ, સ્કૂલ બેગ, પ્લાસ્ટિકની વસ્તુઓ જેવી કોઈ પણ અન્ય વસ્તુઓ – આપશ્રીને ત્યાં વધારાની હોય. પરંતુ તે ચીજો અગર જરૂરિયાતમંદ નવ પરણિતના ઘર વસી જાય, નિર્વસ્ત્રના શરીર ઢંકાઈ જાય, બાળકોના મુખડા હસતા થઇ જાય, કેટલાકના ઘર વસે અને કેટલાક લખતા વાંચતા થાય તેવી વ્યક્તિ / પરિવારને આપવામાં આવે, તો તેવી ચીજવસ્તુઓનો સદુપયોગ થયો ગણી શકાય.

***કેવી ચીજો આપશો :*** (૧) તૂટી ગયેલી હોય, (૨) બગડી ગયેલ હોય તેવી ચીજવસ્તુઓ આપશો નહીં પણ વાપરી શકાય તેવી સારી હાલતમાં હોય, જરૂર પડ્યે રંગરોગાન કરીને આપવા વિનંતી.

***બિનવપરાશી ચીજો સ્વીકારવાના સ્થળો :*** (૧) આદર્શ અમદાવાદ, નેહલ, જૈન ઉપાશ્રયની બાજુમાં, કોમર્સ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૨૬૫૬૫૪૧૬. સમય : ૧૨ થી ૫. (૨) હાફ ટિકિટના ગારમેન્ટ સ્ટોરમાં બપોરે ૧ થી ૩ માં : (એ) ઓમ કોમ્પ્લેક્સ, સી.જી. રોડ ૪ રસ્તા પાસે. (બી) સાથિક સ્ક્વેર, ઇન્ફો ટાવરની પાસે, પીઝા હટની બાજુમાં, ઓનેસ્ટની ગલીમાં, ગ્રાન્ડ ભગવતી પાસે, એસ.જી. હાઈવે, અમદાવાદ. ફોન : ૨૬૮૫૫૦૨૯, ૩૨૯૫૨૬૫૦.

***આદર્શ અમદાવાદમાં કલેક્ટ કરેલી ચીજોનું વિતરણ કેવી રીતે થાય છે? :*** જરૂરિયાતમંદ વિસ્તારમાં, આંગણવાડી, આશ્રમ વગેરે જગ્યાઓમાં આદર્શ અમદાવાદના સ્વયંસેવકો જાતે જઇને વિતરણ કરે છે અથવા આવું કાર્ય કરતી સંસ્થા દ્વારા જરૂરિયાતવાળા વર્ગોમાં વિતરણ થાય છે.

***યાદ રાખશો...*** તમારી બિનઉપયોગી સારી વસ્તુઓ દ્વારા ઘણાના ઘર વસી શકે છે.

*ભરોસો એ લોકો પર કરો કે જેઓ તમારી નીચેની ત્રણ વાતો જાણી શકેલ છે : (૧) હસવાની પાછળનો દર્દ, (૨) ગુસ્સાની પાછળનો પ્યાર અને (૩) તમારા ચૂપ રહેવાનું કારણ.*

## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ - પાલીતાણા

### જૈન પરિવારના બાળકો માટે સુવર્ણ તક

### શિક્ષણ - સંસ્કરણ - વિકાસ

★ શિક્ષણ સાથે જૈન સંસ્કારનું સિંચન. ★ ધોરણ-૫ થી ૧૨ સંસ્થાની પોતાની ગુજરાતી શાળામાં અભ્યાસ. ★ ધોરણ-૫ થી ૧૦ અંગ્રેજી શાળામાં અભ્યાસ. ★ સંસ્થામાં કોચિંગ / ટ્યુશનની વ્યવસ્થા. ★ ૧૦૦ વર્ષથી કેળવણી ક્ષેત્રે કાર્યરત સંસ્થા. ★ સંસ્થાની પોતાની અદ્યતન કોમ્પ્યુટર ઈન્ટરનેટ લેબ જેમાં ઈલર્નિંગ (કોમ્પ્યુટર દ્વારા શિક્ષણ)ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ★ શાળામાં અદ્યતન સ્માર્ટ ક્લાસ. જેમાં ડિજિટલ ટચ સ્ક્રીન બોર્ડ દ્વારા અભ્યાસ કરાવવાની વ્યવસ્થા. ★ છાત્રાલયમાં શિખરબંધી દેરાસર અને વિશાળ પરિસર. ★ સંસ્થામાં આધુનિક સાધનોથી સજ્જ વ્યાયામ શાળા. ★ ધાર્મિક અભ્યાસ. ★ દર વર્ષે બે-ત્રણ દિવસનો પ્રવાસ.

આ સંસ્થામાં પ્રવેશ તથા રહેવા જમવા અને બીજી તમામ સગવડો માટે કોઈ ચાર્જ નથી. જૂનથી શરૂ થતા નવા સત્ર માટે અત્યારથી જ પ્રવેશ પત્રક ભરી મોકલી આપો. વહેલા તે પહેલા ધોરણે પ્રવેશ. માર્કશીટ પછીથી મોકલી શકાશે.

**● પ્રવેશપત્ર મેળવવાનું સ્થળ ●**

***સંસ્થા :*** શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ, રેલવે સ્ટેશન સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ફોન : (૦૨૮૪૮) ૨૫૨૧૬૨

***હેડ ઓફિસ :*** ૩૨, ગુરુકુળ ચેમ્બર્સ, ૧૮૭/૧૮૯, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : (૦૨૨) ૨૩૪૪૬૭૯૫, ૨૩૪૪૯૧૫૧.

***સ્થાનિક સંપર્ક :*** સંદીપભાઈ : ૭૭૭૮૯ ૦૧૪૫૮, ૯૮૨૪૦ ૨૫૮૦૦

## જૈન માઇનોરિટિ સર્ટિફિકેટ

જીતો માઈનોરિટી સેલ - અમદાવાદ દ્વારા જૈન માઈનોરિટિ સર્ટિફિકેટ પ્રાપ્ત કરવામાં મદદ કરવામાં આવે છે.

જૈન માઈનોરિટિ સર્ટિફિકેટનો ઉપયોગ માઈનોરિટિ હેઠળ મળતા લાભ અને હક્કો પ્રાપ્ત કરવામાં થાય છે. જૈન માઈનોરિટિ હેઠળ જૈનોને સ્કોલરશિપ, એજ્યુકેશન લોન, બિઝનેસ લોન વગેરે પ્રાપ્ત થાય છે. જૈન માઈનોરિટિ સર્ટિફિકેટ આપણી જૈન તરીકેની ઓળખ પ્રસ્થાપિત પણ કરે છે. જૈન માઈનોરિટિ સર્ટિફિકેટ પ્રાપ્ત કરવા જીતોની ઓફિસનો સંપર્ક કરી શકાય છે.

***સંપર્ક : કથન શાહ : ૯૧૦૪૫ ૦૫૦૧૫,***
***ઓફિસ : (૦૭૯) ૨૭૫૪૦૩૦૪/૦૫***

## ગુજરાતી સાહિત્ય પરિષદના ઠરાવની યથાર્થતા

કચ્છી બોલીને વૈકલ્પિક ભાષા તરીકે ભારતના સંવિધાનના આઠમા ખંડના આર્ટિકલ ૩૫૧ હેઠળ બંધારણમાં સમાવેશ કરવા માટે ગુજરાત રાજ્ય સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે.

આ રજૂઆતના અનુસંધાને કચ્છી બોલીને વૈકલ્પિક ભાષા તરીકે બંધારણમાં સમાવેશ કરવા માટે બંધારણના આર્ટિકલ ૩૫૧ હેઠળ તેની શરતોને આધીન, ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષા - માન્ય ભાષા કરતાં કચ્છીનું બંધારણ - સંરચના અલગ પ્રકારની છે. કચ્છી સ્થાનિક ભાષાના ભાષકોની સંખ્યા ગુજરાતી ભાષા કરતા વધારે છે અને કચ્છ પ્રદેશ વિસ્તારમાં બોલાતી સ્થાનિક બોલી - કચ્છના વિકાસ, સંવર્ધન અને ભાતીગળ સંસ્કૃતિને ટકાવી રાખવા માટે કચ્છી સક્ષમ ભાષા છે અને જેનું આ આર્ટિકલ હેઠળ પાલન થાય છે અને એને પ્રમાણિત કરવા માટે માત્રને માત્ર એક એકમ ગુજરાતી સાહિત્ય પરિષદ ગુજરાતમાં હોવાથી આ શરતોને અનુમોદન આપવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી પ્રકાશભાઈ શાહને આ શરતોનો પ્રમાણિત કરતો ઠરાવ પસાર કરવા માટે વિનંતી કરવામાં આવેલ અને શ્રી પ્રકાશભાઈએ ઉદારતા દાખવીને જ્ઞાનસત્રની બેઠકના શિડ્યુલ ગોઠવાઈ ગયા હોવા છતાં તેમણે કચ્છ વિસ્તારમાં યોજાયેલ જ્ઞાનસત્રમાં કચ્છી ભાષકોની લાગણીતેમજ રજૂઆતને પુષ્ટિ આપવા માટે છેલ્લી ઘડીએ આ બેઠકમાં રજૂઆતને બહાલી આપતો ઠરાવ પસાર કરવાની જાહેરાત કરેલ હતી.

છેલ્લા દાયકાથી કચ્છી ભાષા પ્રેમીઓ અને હિમાયતી અને રાજકીય ચૂંટાયેલા મોભીઓ કચ્છી ચાહકો કચ્છી બોલીને વૈકલ્પિક ભાષા તરીકે બંધારણીય મોભો પ્રાપ્ત થાય તે માટે વર્ચ્યુઅલ - આભાસી લડત માટે સક્રિય રહ્યા છે. પરંતુ સર્વોપરી ઠરાવ જ્યારે પરિષદે પસાર કરવા માટેની પરવાનગી ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા કરવામાં આવી ત્યારે આ બેઠકમાં આ લડતના લડવૈયા કચ્છીપ્રેમી મૂક - અસહકારી વલણ અપનાવી અને આ બેઠકમાં ઉપસ્થિત ન રહીને આભાસી વિરોધ વ્યક્ત કરેલ છે. આ કચ્છી ભાષાના હિમાયતીઓ એવી ધારણા અને વિશ્વાસ ધરાવતા હોય કે આ કાયદાકીય જોગવાઈ હેઠળની કાર્યવાહી માત્રને માત્ર રાજકીય દબાણ કે વગથી જ પરિણામલક્ષી બને તેવા કચ્છી પ્રેમીઓએ ગાંઠ બાંધી લેવી જરૂરી છે કે કોઈ પણ આવિષ્કાર માટે હેતુલક્ષીની સિધ્ધિ માટે કાયદાકીય જોગવાઈની સાથોસાથ રાજકીય વગનું સંજ્ઞાન થાય તો જ કાર્ય ફળદાયી નીવડે.

***મહેન્દ્ર સાકરચંદ દોશી - અમદાવાદ***

*જરૂરી નથી કે દરેક ગીફ્ટ કોઈ વસ્તુ જ હોઈ શકે. પ્યાર, પરવા અને માન પણ બહુ જ સારી ગીફ્ટ છે. ક્યારેક કોઈકને આપી તો જુઓ.*

## પુસ્તક સમીક્ષા : "અંગદનો પગ"

*– ડૉ. મિહિર એમ. વોરા*

કચ્છનો કોઈ પણ સાહિત્યનો વાચક, શ્રી હરેશભાઈ ધોળકિયાથી પરીચિત હશે જ અને હવે તો ગુજરાતના જાણીતા તમામ સાહિત્યકારોમાં તેમનું નામ આદરપૂર્વક લેવામાં આવે છે. તેમના વિશે વાત કરીએ તો સ્વભાવે અને વ્યવસાયે આજીવન શિક્ષક રહેલા હરેશભાઈ ખરેખર એક મળવાલાયક અને જાણવાલાયક વ્યક્તિ છે. હરેશભાઈ મારા તો ગુરુ અને શિક્ષક છે. હું તેમના હાથ નીચે ભુજની જાણીતી શાળા વીરજી દેવશી હાઈસ્કૂલમાં ૮ થી ૧૦ ધોરણ ભણ્યો છું. તેઓ આચાર્યશ્રી હતા ને અમારા સમાજશાસ્ત્ર અને અંગ્રેજી વિષયો લેતા હતા. તેમનું જીવન એક સાદું જીવન અને ઉચ્ચ વિચાર જેવું છે. હું તેમની પોતાની આત્મકથા કહી શકાય અને શિક્ષણ જગતમાં સૌથી વધુ વંચાયેલી તેમની નવલકથા "અંગદનો પગ"ની વાત લઈને આવ્યો છું. આ પુસ્તકની લગભગ ૧૩ આવૃત્તિ અને ૧૫ હજાર નકલો બહાર પડી છે... દરેક શિક્ષકગણે આ નવલકથા ખાસ વાંચવી જોઈએ તેવું મારું માનવું છે. હરેશભાઈના અત્યાર સુધી ૧૮૦ જેટલા પુસ્તકો પ્રગટ થયા છે. તેમની 'અંગદનો પગ' અને આપણા પ્રિય વૈજ્ઞાનિક ડૉ. અબ્દુલ કલામજીની ગુજરાતીમાં આત્મકથા "અગનપંખ" ખૂબ જ જાણીતા અને સૌથી વધુ વંચાયેલી અને વેચાયેલી આવૃત્તિવાળા પુસ્તકો છે.

'અંગદનો પગ' એટલે શિક્ષણ જગતમાં આદર્શ શિક્ષક અને બીજા વ્યવસાયિક બનેલા શિક્ષકની વાત છે. ડાર્વિનવાદ પ્રમાણે જે શક્તિશાળી લોકો છે તે હંમેશાં નબળા લોકોને હાવી થઈ જાય છે. તેમાં આજના શિક્ષણ જગતમાં જે ઝાકઝમાળ દેખાડે છે તેવા શિક્ષકો આગળ છે અને ઉચ્ચ પ્રતિભાશાળી શિક્ષકો ગુમ થયા છે. આ નવલકથા લખનાર પોતે જ શિક્ષક છે એટલે તેને જે તકલીફ પડી તેની તમામ વાતો પોતાના અલગ અંદાજ અને લહેકામાં સમજાવી છે. જે આ નવલકથાને એક વાંચવાલાયક અને માણવાલાયક બનાવે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં સેવા આપતા ગંદા અને ખંધા શિક્ષકોની કથા છે 'અંગદનો પગ.' આ નવલકથામાં એક વાત ખાસ કરવામાં આવી છે. **જેમકે આજે વિશ્વમાં બે પ્રકારના લોકો જોવા મળે છે... પ્રતિભાવાન અને સામાન્ય. પ્રતિભાવાન લોકો આ વિશ્વને ગતિ આપે છે જ્યારે સામાન્ય લોકો વિશ્વનો મોટાભાગનો કબજો પોતાના પાસે રાખવાનો નિરર્થક પ્રયત્ન કરતા રહે છે** અને આવા પ્રતિભાવના લોકોને ડગલે ને પગલે હેરાન કરતા રહે છે. તેઓ હંમેશાં પ્રતિભાવાન લોકોને બાહ્ય રીતે હેરાન કરી શકે છે પણ ક્યારેય આંતરિક રીતે ખલેલ પહોંચાડી શકતા નથી. પ્રતિભાવાન લોકો એટલે લેખકે 'રામાયણ'ના 'અંગદ'ના પગ સાથે સરખાવ્યા છે તેઓ અચળ અને સ્થિર રહે છે. કોઈ પણ સમય અને સંજોગોમાં. તેને સામાન્યજનો ડગાવી શકે નહીં. આવા અગનના પગ અને સામાન્ય પગવાળા વ્યક્તિના સંઘર્ષની કથા ઉપરથી હરેશ ધોળકિયાની નવલકથા 'અંગદનો પગ' રચાઈ છે, જે ખરેખર એકવાર માણવા લાયક છે. લેખકશ્રી પોતે પણ ૨૫ વર્ષો સુધી શિક્ષક તરીકે રહ્યા છે. જેમાં તેમને જે અનુભવો થયા અને કામચોર અને કર્મવીર શિક્ષકનો જંગ કેવી રીતે થાય છે તેને બહુ સહજતાથી, બહુ કુશળતાપૂર્વક અને બખૂબી રીતે વર્ણન કર્યું છે. પોતાની પ્રસ્તાવનામાં લેખકશ્રી જણાવે છે કે નવલકથાનું નામ શું રાખવું તે સમજાતું ન હતું ત્યારે તેમને રામાયણનો એક પ્રસંગ યાદ આવ્યો. જેમાં રામાયણમાં યુધ્ધ પહેલા સમાધાનના છેલ્લા પ્રયાસ તરીકે, રામ અંગદને રાવણના દરબારમાં મોકલે છે. રાવણ તેની હાંસી કરે છે કે વાનરની મદદથી વળી યુધ્ધ જીતાય? ત્યારે અંગદ રાવણને દરબાર વચ્ચે કહે છે કે પોતે પગ ખોડીને ઊભો રહેશે. જો રાવણ કે કોઈ દરબારી પણ તે પગ ઇંચભર પણ ખસેડી દે તો રાવણ જીતશે. બધા હસી પડે છે. પણ પછી અંગદના પગને રાવણ સહિત કોઈ જ દરબારી ખેસવી શકતા નથી. અંગદ હસીને કહે છે કે પોતે તો સેનામાં સૌથી તુચ્છ વાનર છે. સેનામાં ખૂબ શક્તિશાળી વાનરો છે. મારો આ નાનો પગ ન ખસેડી શકાયો તો રામને તમે કેમ જીતશો? આ જ અર્થે એટલે કે બિન પ્રતિભાવાન લોકો ક્યારે પણ પ્રતિભાવાન લોકોને ગમે એટલી ખરાબ પરિસ્થિતિમાં અંગદના પગની જેમ હલાવી કે હટાવી શકતા નથી. એટલે કે તેઓ ગમે તેટલા તેના ધીરજની પરીક્ષા કરે પણ અંગદનો પગ હટતો નથી. એકદમ સ્થિર અને અડીખમ ઊભો રહે છે.

આ પુસ્તક અંગે હીનાબેન પારેખ 'મનમોજી' લખે છે કે પ્રતિભાશાળીઓ અંગદના પગ જેવા છે. સામાન્યજનો તેને હટાવવા, હરાવવા, હેરાન કરવા ખૂબ જ પ્રયાસો કરે છે. બાહ્ય રીતે કદાચ સફળ પણ થાય છે. સત્તા વગેરેથી દૂર રાખે છે. સામાન્ય રીતે દેખાય છે કે પ્રતિભાશાળીઓને નુકસાન પહોંચે છે પણ પ્રતિભાશાળીની પ્રતિભામાં આનાથી અંશમાત્ર પણ ફરક પડતો નથી. પળભર પણ તે નથી ઘટતી. બાહ્ય હલચલ તેમને જરાપણ વિચલિત નથી કરી શકતી. ગરીબી કે અપમાન તેને જરા પણ મૂંઝવી નથી શકતા કારણકે તેઓ આંતરિક રીતે સ્થિર છે. તેમની પ્રતિભા સ્વયંભુ છે, સ્વયં આધારિત છે. સ્વ સંચાલિત છે. તે પરાવલંબી નથી. બાહ્ય બનાવો તેને કદી પણ અસર કરતા નથી. તેની મસ્તી જ એવી છે કે તેમને સતત કૃતકૃત્ય રાખે છે. સામાન્યો તેમને પદ પરથી ખસેડી કે હેરાન કરી રાજી થાય છે. પરંતુ એ લોકો તો સ્થિર જ રહે છે. અંગદના પગની જેમ તેમની પ્રતિભા અડગ જ રહે છે. હરેશભાઈએ એવા જ એક પ્રતિભાશાળી શિક્ષક બતાવવાનો પ્રયાસ કર્યો છે. અને આ પાત્ર

કાલ્પનિક છે, તેમ ન માનવું. કારણકે આ નવલકથા સાચા બનાવો જે લેખક જોડે ઘટ્યા છે તેનો સાર અને હાર્દ સમજાવે છે. એટલે આ નવલકથા કાલ્પનિક નથી. દરેક પ્રસંગ લેખકે જાતે જોયા છે, અનુભવ્યા છે અને આવા એક પાત્ર 'જ્યોતિન્દ્રો'ને રૂબરૂ જોયા પણ છે અને તેની હેરાનગતિ પણ માણી છે. આ નવલકથા એક સચોટ હેતુ માટે લખાઈ છે. તે છે નવલકથાનું રૂપ. બાકી માત્ર પ્રતિભાવાનનું મહત્ત્વ દર્શાવવા જ આ નવલકથા લખાઈ છે. આવા જ લોકો આપણા સમાજને ચલાવે છે. જો આપણો સમાજ થોડો પણ પછાત રહે તો તેનું કારણ પ્રતિભાવાન લોકોની અવગણના થાય છે અને સામાન્યો, અવિવેકી અને વાહિયાત લોકોની અર્થહીન પ્રશંસા થયા જ કરવાની છે, જે એક આજના કળીયુગની ભયંકર માનસિકતા છે. જેનો આ નવલકથામાં ખૂબ જ સચોટ અર્થ નીકળે છે. જે એક સાચી જમા બાજુ છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ગંદા અને ખંધા શિક્ષકો દ્વારા જે રાજકારણ ખેલાય છે તેનો તાદશ્ય ચિતાર હરેશ ધોળકિયાએ કિરણ દવેનું પાત્ર સર્જીને રજૂ કર્યો છે. વિદ્યાર્થીઓમાં સસ્તી લોકપ્રિયતા મેળવવા શ્રી દવે કેટલી હદે નીચે ઉતરી જાય છે. ટ્યુશનિયો શિક્ષક પોતાને ત્યાં ટ્યુશને આવતાં વિદ્યાર્થીઓને હાથમાં લઈ આદર્શ શિક્ષક જ્યોતિન્દ્રને ક્યાં અને કેવી રીતે હેરાન પરેશાન કરે છે તે બધી વાતો ખૂબીપૂર્વક નવલકથાને આગળ વધારે છે. શ્રી હરેશભાઈ ધોળકિયાએ આ પુસ્તક વાચકોને મનોરંજન આપવાના હેતુથી લખ્યું નથી. એમણે આદર્શ શિક્ષક જ્યોતિન્દ્ર શાહના પાત્ર દ્વારા જે સંદેશો પાઠવવાનો હતો તે વાચકોને પાઠવી દીધો છે. નવલકથામાં એક તરફ કથાનો નાયક આદર્શ શિક્ષકના સ્વરૂપમાં જ્યોતિન્દ્ર શાહ છે, તો ખલનાયક તરીકે ટ્યુશનિયા ખટપટીયા શિક્ષકના સ્વરૂપમાં કિરણ દવે છે. આ દવે, કિશોર અને અન્ય વિદ્યાર્થીઓને હથિયાર બનાવીને જ્યોતિન્દ્ર શાહને કઇ રીતે હેરાન કરે છે, સંચાલક મંડળના પ્રમુખની ચાંપલૂસી કરી કરીને કેવી રીતે આચાર્ય બની બેસે છે તે બધી વાતો લેખકે નવલકથામાં ગૂંથી છે, જે એક વાચકને ખૂબ જ હતપ્રભ કરી નાખે છે. હરેશભાઈએ આ નવલકથામાં શાળાના પ્રવાસનું વર્ણન ખૂબ જ બારીકાઈથી કર્યું છે. જેમાં તેઓ એક પ્રસંગમાં જણાવે છે કે, શાળામાં દર વર્ષે એક દિવસનો પ્રવાસ ગોઠવાતો. કિરણ દવેએ ખટપટ કરી વિદ્યાર્થીઓને ઉશ્કેરી લાંબા પ્રવાસનું આયોજન કર્યું. ખટપટિયા અને કામચોર શિક્ષકોને દસ-પંદર દિવસના લાંબા શૈક્ષણિક પ્રવાસોમાં ઊંડો રસ હોય છે. કેમ? કારણ માટે આ નવલકથા વાંચજો. મજા આવશે. જ્યોતિન્દ્ર શાહ શિસ્તમાં માને - કડક શિસ્તના આગ્રહી. દવેનું કામ તોફાની વિદ્યાર્થીઓને મમરો મૂકીને તોફાનો કરવા ઉશ્કેરવાનું. વિદ્યાર્થીઓને હાથો બનાવી પોતાની નિષ્ક્રિયતા, મંદબુદ્ધિપણું અને કામચોરીના દુર્ગુણોને ઢાંકવાની નાકામ કોશિશ કરતા આવા 'દવેઓ' પ્રત્યેક સંસ્થામાં ફેલાયેલા છે. ડી. એન. મિશ્રા હાઈસ્કૂલ શહેરમાં શ્રેષ્ઠ ગણાતી. દવેએ ધીમે ધીમે એને ઉંદરની જેમ ખોતરવા માંડી. જે શાળાના શિક્ષકો કદી શિક્ષક સંઘના સભ્યો નહોતા બનતા, એમને દબાણ કરી શિક્ષક સંઘના સભ્ય બનાવ્યા. શિક્ષક સંઘની ચૂંટણીમાં પ્રમુખ બનવા ઇચ્છતા ખટપટિયા નેતાઓની લાક્ષણિકતાને નેતાએ કઈ રીતે વ્યક્ત કરી છે તે જુઓ : 'તેમની મુદત પૂરી થતી હતી. તેમને ફરી ચૂંટાવું હતું. લગભગ દસ વર્ષથી તેઓ અણનમ ચૂંટાતા હતા પણ ગયા વર્ષે તેમની સામે છૂપો અસંતોષ પ્રગટ્યો હતો. નવાને તક આપવી જોઈએ એવું ઘણા સભ્યો વિચારતા હતા. તેમને આ સમાચાર મળી ગયા હતા. તેથી અકળાતા અને મૂંઝાતા હતા. પ્રમુખપદ તેમને ફાવી ગયું હતું. તે બહાને શાળામાંથી ભણાવવાની તેમને મુક્તિ મળતી હતી. શિક્ષકો પર કાબૂ અને પ્રભાવ રહેતા હતા. શિક્ષણાધિકારીઓ સાથે મીઠા સંબંધો રહેતા હતા. નિમણુંકો વખતે પ્રસાદ મળતો હતો. આ બધું ગુમાવવાનું પોષાય તેમ ન હતું.'

આ એક નાનો પ્રસંગ શિક્ષણના તંત્રમાં કેવી ઉધઇ થઈ ગઈ છે, તે દર્શાવે છે. ખટપટિયો કિરણ દવે જ્યારે જ્યોતિન્દ્રની પ્રતિભાથી અકળાયો, ગભરાયો અને સતત પરાજિત થયો ત્યારે તેણે જ્યોતિન્દ્રને સકંજામાં લેવા ટ્રસ્ટીઓ સુધી વાત પહોંચાડી. ટ્રસ્ટી મંડળે જ્યોતિન્દ્રને આરોપી ઠરાવી પોતાની સભામાં ખુલાસો કરવા બોલાવ્યો. પ્રતિભાશાળી શિક્ષકે કહ્યું : 'હા, મેં પતનના કારણો ચર્ચ્યા છે પરંતુ એ મારા શબ્દો નથી. ઈતિહાસના પાઠ્ય પુસ્તકમાં લખાયેલું છે. હા, બૌદ્ધ ધર્મના પતનના કારણો તેમાં ચર્ચ્યા છે! પાઠ્ય પુસ્તકમાં જોઇ લો. પાના નંબર-૨૫.' પ્રકરણ પૂરું થયું.

બીજા એક પ્રસંગમાં કિશોર નામનો વિદ્યાર્થી, જે શાહ સાહેબની નજીક હતો તેનું બખૂબીપૂર્વક વર્ણન લેખકે કર્યું છે. જ્યોતિન્દ્ર સમાજથી આગળ વિચારતા અને વિદ્યાર્થીને યોગ અને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપતા હતા. બીજા એક પ્રસંગમાં કિશોર અવારનવાર તેમની પાસે યોગ અને તત્ત્વજ્ઞાનની વાતો જાણતો હતો... આમાં મરતા મરતા કિરણ દવે માત્ર ને માત્ર જ્યોતિન્દ્રને જ યાદ કરે છે અને તેની માફી પણ માંગે છે. જે એક નવલકથાનો ટર્ન છે.

હરેશભાઈની આ નવલકથામાં ઠેર ઠેર જ્યોતિન્દ્ર દ્વારા ઉચ્ચારવામાં આવેલું શિક્ષણ અને જિંદગી જીવવા અંગેનું તત્ત્વજ્ઞાન વાચકને વિચારતો કરી મૂકે તેવું છે. આદર્શ શિક્ષક બનવા ઇચ્છતા નવી પેઢીના મિત્રો માટે જ્યોતિન્દ્રનું પાત્ર આદર્શ વ્યક્તિઓ જેવું છે. કિરણ દવેનું પાત્ર વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ ખટપટિયા અને રાજકારણી, દુષ્ટ વૃત્તિ ધરાવતા શિક્ષકોથી શા માટે દૂર રહેવું જોઈએ તેનું સચોટ વર્ણન કર્યું છે.

ટ્રસ્ટી મંડળના બહુ ટૂંકી અને વ્યવસાય બુદ્ધિ ધરાવતા પ્રમુખ, સાચા શિક્ષકની પરખ ધરાવતા કિશોર જેવા વિદ્યાર્થીઓ, ને 'મોંમાં મગ ભર્યા હોય' તે કહેવતને સાર્થક કરતા આચાર્ય ઓઝા સાહેબ – આ બધા નવલકથાના એવા પાત્રો છે કે જેને એકવાર વાચકો વાંચશે તો લાગશે કે ખરેખર આજે સમાજ આવા જ્યોતિન્દ્ર જેવા શિક્ષકોના આદર્શથી જ જીવંત છે. બાકી તો દરેક જગ્યાએ કિરણ જેવા પડ્યા છે. આ નવલકથાને ગુજરાતની અનેક યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સ્થાન મળ્યું છે તે એકદમ સાર્થક છે, યોગ્ય છે તેવું અંદરથી મહેસુસ થાય છે. દરેક શિક્ષક, વિદ્યાર્થી, શિક્ષણવિદ્, વાલીઓ, પ્રોફેસરો, યુનિ.ના કુલપતિઓ, ટ્રસ્ટીઓ અને નેતાઓએ આ પુસ્તક ખાસ વાંચવું જોઈએ.

***સંદર્ભ :*** *(૧) અંગદનો પગ – હરેશ ધોળકિયા, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (પૃષ્ઠ : ૧૮૮), (૨) શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ – એકલવ્ય, 'ગુજરાત મિત્ર', તા. ૨૧-૧૧-૨૦૦૬, (૩) મારી પસંદગીનું સાહિત્ય – હીના પારેખ 'મનમોજી' આ પુસ્તક તમે જોયું? વાંચ્યું? જૂન ૭, ૨૦૧૦ (૪) KCG – Portal of Journals, December-January 2020.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫,***
***વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

# પુસ્તક સમીક્ષા : "પીલર ૧૧૭૫"

## વતનપ્રેમની પીડા વ્યક્ત કરતી કથા

વિસ્થાપિત થવાની એક વિશિષ્ટ પીડા છે. જેને વિસ્થાપિત થવું પડે છે, તે જ તેની પીડા સમજી શકે અને સમગ્ર જગતમાં દર પળે કોઇને કોઇને ક્યાંકને ક્યાંક વિસ્થાપિત થવું પડતું હોય છે. તેના કારણોમાં ધર્મઝનુન અને રાજકીય અવ્યવસ્થા વગેરે છે. પણ કારણો જે હોય તે, તેના પરિણામે હજારો - લાખો નિર્દોષ લોકોને વિના વાંકે વિસ્થાપિત થવું પડે છે.

ભારતમાં ૧૯૪૭માં જે ભાગલા પડ્યા ત્યારે આ પીડા લાખો લોકોને ભોગવવી પડી હતી. ત્યાર પછી પણ પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં ધર્મઝનૂનના પ્રભાવે અનેક લોકોને તે દેશ છોડી ભારતમાં આવવું પડ્યું હતું. આ પીડા વિશે ભારતીય સાહિત્યમાં અનેક ભાષાઓમાં લખાયું છે. ખાસ કરીને હિંદીમાં યશપાલ, મન્ટો, ઈસ્મત ચુગાઇ, કૃષ્ણચંદ્ર વગેરેએ લખ્યું છે, તો બંગાળીમાં વિમલ મિત્ર વગેરેએ લખ્યું છે. પણ ગુજરાતીમાં આ વિષય પર ખાસ લખાયું હોય તેવું ધ્યાનમાં નથી આવતું. એનું કારણ કદાચ એ હશે કે પંજાબ અને બંગાળમાં જે મોટા પ્રમાણમાં સ્થળાંતર થયું અને તેના કારણે જે હત્યાઓ, ખૂનો, બળાત્કારો વગેરે થયા, તેવું ગુજરાતની સરહદ પર કશું જ નથી બન્યું. આ સ્થળાંતર કરનારાઓમાંથી જેઓ ગુજરાતમાં આવ્યા અને વસ્યા, તેઓ ઉત્તરમાંથી આવ્યા હતા. મૂળ ગુજરાતમાંથી કોઈને આ પીડાનો સામનો કરવો પડ્યો નથી. એટલે ગુજરાતી સાહિત્યકારોમાંથી કોઈને એ પીડા જોવાની તક મળી નથી. તેથી કદાચ આ બાબતે ખાસ સાહિત્ય નથી રચાયું. આમ પણ ગુજરાતીમાં પાયાની સમસ્યાઓ વિશે ખાસ કોઈ સાહિત્ય નથી દેખાતું. આપણે ત્યાં સુષ્ટુ સુષ્ટુ કથાઓ વધારે લખાય છે.

એટલે જ્યારે લીલાધરભાઈ ગડા આ નવલકથા લઈને આવે છે, તે તરત ધ્યાન ખેંચે છે. આ નવલકથા "પીલર ૧૧૭૫" વિસ્થાપિત થવાની પીડાની નવલકથા છે. પહેલાથી છેલ્લા પાના સુધી આ પીડા તેમાં એક યા બીજા પાત્ર દ્વારા વ્યક્ત થતી રહે છે.

વાર્તા બહુ સાદી છે : ૧૯૭૧ના યુધ્ધ પછી પાકિસ્તાનમાં ધર્મઝનૂન વધે છે. એમાંથી એક કુટુંબની એક મહિલા પાની અને તેની પુત્રી સોનલ સરહદ ઓળંગી કચ્છમાં આવી વસવાટ કરે છે. સમાંતરે એક પાકિસ્તાની મુસ્લિમ છોકરો તેના મિત્ર સાથે હોડીમાં બેસી દરિયામાં જતો હોય છે ત્યારે હોડી ઊંધી વળી જાય છે અને છોકરા સિવાય બધા મૃત્યુ પામે છે. આ છોકરો આરીફ તણાતો તણાતો કચ્છમાં આવે છે. તે એક કુટુંબમાં આશ્રય પામે છે. આ પાની, સોનલ અને આરીફની વતનપીડાની નવલકથા છે. સોનલ અને આરીફની વ્યથા એ હદે ગાઢ બને છે કે તેઓ ગમે તેમ કરીને સરહદે આવેલા પીલર ૧૧૭૫ સુધી જવા તૈયાર થઈ જાય છે. તે તેને ઓળંગી શકતા નથી અને લશ્કરની ગોળીનો ભોગ બની જાય છે. વતન પ્રેમ અને વતન જોવાની પીડા તેમને શહીદી સુધી ખેંચી જાય છે. આ સમગ્ર કથા વાંચીએ છીએ ત્યારે લેખકે આ વિસ્થાપિતપણાની જે પીડા પાને પાને વ્યક્ત કરી છે તે ધ્યાન ખેંચે છે.

એક રીતે જોતાં આ નવલકથા સાદી વાર્તા કહે છે પણ તેનો મુદ્દો ધ્યાનાકર્ષક છે. જે મુદ્દા પર ભાગ્યે જ આજ સુધી કોઈનું ધ્યાન ગયું છે તેવા મુદ્દાને લેખક સ્પર્શે છે. આ મુદ્દા આસપાસ જ લેખક સમગ્ર કથાવસ્તુ ઢાળે છે – છેલ્લા પાના સુધી.

આ કથા વાંચીએ છીએ ત્યારે માત્ર કથા જ નથી વાંચતા, સાથે અનેક બાબતોનું પણ લેખકે તેમાં વર્ણન કરેલ છે. આ કથામાં કચ્છ પણ એક પાત્ર છે. વાચક કચ્છની પણ અનેક બાબતોની માહિતી મેળવે છે. કચ્છની સરહદનાં ગામ, ભુજ, તેના આસપાસનાં સ્થળો વાચક સમક્ષ જીવંત થાય છે. આ બધાનો, જરૂર પડે ત્યાં, ઇતિહાસ પણ લેખક રજૂ કરે છે. કચ્છી ભાષાનો પરિચય પણ વાચકને સતત થાય છે. પાત્રો સિંધથી આવ્યા છે, એટલે સિંધી ભાષાનો પરિચય પણ થાય છે. ક્યાંક રીત રિવાજોની ઝાંખી પણ થાય છે. એટલે આ કથા માત્ર વાર્તા ન રહેતાં એક દસ્તાવેજીકરણનું કામ કરે છે. સંશોધક ચિત્તને આકર્ષે એવી કથા બને છે.

મુદ્દા આધારિત કથા હોવાની સાથે આ એક પ્રેમકથા પણ છે. સોનલ અને આરીફની પ્રેમકથા છે. પણ આ પ્રેમકથા પણ અજબ છે, ચીલાચાલુ પ્રેમકથા નથી. એક પ્રૌઢ પ્રેમકથા છે. બંને જ્ઞાનપ્રેમી છે, જિજ્ઞાસુ છે. એક વિચારને સમર્પિત છે. બંનેની ઝંખના પણ સરખી છે. એટલે તેમની વાતચીત પણ સ્વસ્થ રહે છે. એક શબ્દમાં પણ તેઓ લપસતાં નથી. વાંચતાં બંને પર માન ઉત્પન્ન થાય છે. છેલ્લે પણ તેઓ સમાન હેતુ માટે જ વિદાય લે છે.

સોનલ અને આરીફની વાતચીતો વાંચીએ છીએ ત્યારે સહજ રીતે લેખકની વિચારસરણી પણ વ્યક્ત થતી દેખાય છે. લીલાધરભાઈ સમાજવાદી વિચારસરણીના છે. માનવતાવાદી વ્યક્તિઓ સાથે રહ્યા છે એટલે તેમની વિચારસરણી પણ માનવતાવાદી અને ઉદારવાદી છે. તે આ વાતચીતોમાં સતત વ્યક્ત થાય છે. સોનલ અને આરીફ વચ્ચે પ્રેમ થાય છે તેમાં ક્યારે પણ કોમવાદની ગંધ આવવા નથી દેતા. બંને એક પળ પણ તેનો વિચાર કરતા નથી. બંનેનો પ્રેમ સ્વસ્થ છે. એક જગ્યાએ આરીફ ભૂલથી એક નાનકડું સંકુચિત વાક્ય બોલી જાય છે, ત્યારે સોનલ તરત તેને સુધારે છે. એ સંવાદ આવો છેઃ

*આરીફ :* અમારા સમાજ ફકિરાણી જતોની આ વિસ્તારમાં ઘણી વસ્તી છે. એટલે હું અહીં જનમ્યો હોઈશ.

*સોનલ :* આરીફ, તારી સમાજ વિશેની સમજ કુંઠિત થઇ ગઈ છે? આપણો તો માનવ સમાજ છે.

આ જવાબ કેવળ સમાજવાદી અને માનવતાવાદી જ આપી શકે. **એટલે જ બંને સતત વ્યક્ત કરે છે કે બે દેશો વચ્ચેની સરહદો નાબૂદ થવી જોઈએ. સરહદ પર જાય છે ત્યારે પણ શરીર પર બંને દેશના ધ્વજ વીંટે છે.** આવાં અનેક પ્રતીકો પુસ્તકમાં વારંવાર જોવા મળે છે. બંને પાત્રો સાદા હોવા છતાં વાચકના મનમાં સન્માન જન્માવે છે. આવું જ પાત્ર સોનલની માતા પાની છે. તે પણ વિસ્થાપિતતાની પીડા ભોગવે છે. તે સોનલ - આરીફની પીડા અને ઉત્કંઠાને સમજે છે. એટલે જ તે તેમને સરહદ પર જવાની રજા આપે છે. તે જાણે છે કે તેમની સ્થિતિ શું થવાની છે, છતાં રજા આપે છે. કારણ એટલું જ કે તે પણ બે ની જેમ સતત પીડા કરતી રહી છે. તેને આ બે માં પોતાની ઝંખનાની અભિવ્યક્તિ દેખાય છે. પાનીનું પાત્ર પણ ખૂબ જ ધ્યાન ખેંચે છે.

આ નવલકથામાં બીજી પણ અનેક બાબતો સમાવી છે. વર્તમાન ભારતીય રાજકારણનું ચિત્ર આબાદ આલેખાયું છે. તે દેશને જે નુકસાન પહોંચાડે છે તેની સચોટ ચર્ચા લેખક કરે છે. ત્યાં સુધી કે **બે કોમ અરસપરસ ઝઘડે તે સમજી શકાય, પણ ચૂંટણીના કારણે એક કોમના બે લોકો વેરભાવ અનુભવતા દેખાડે છે. રાજકારણ કઈ હદે લોકોમાં અને દેશમાં કડવાશ ઉત્પન્ન કરે છે તેનું વર્ણન લેખક વારંવાર બતાવે છે.** તો છેલ્લે કોરોનાને પણ લેખક સમાવી લે છે. સમાંતરે કચ્છની હસ્તકળાઓનો પણ સમાવેશ કરી કચ્છની વિશિષ્ટતા લેખક દર્શાવે છે.

આ નવલકથા ભલે મનોરંજક કથા છે, પણ સમાંતરે લેખક તેને એક દસ્તાવેજી નવલકથા બનાવવામાં સફળ થયા છે. એક નવા જ વિષયને તેમણે સ્પર્શ કર્યો છે. આજે સમગ્ર જગતમાં ક્યાંકને ક્યાંક હજારો લોકો એક યા બીજા ઝનૂનનો ભોગ બની વિસ્થાપિત થઈ રહ્યા છે. વર્તમાન બજારુ માનસ તેમની કોઈચિંતા કરતું નથી. ત્યારે આ સમાજવાદી અને માનવતાવાદી લેખક આ મુદ્દા પર આપણું ધ્યાન ખેંચે છે. આપણે ત્યાં વિચારનિષ્ઠ કથાઓ બહુ ઓછી લખાય છે ત્યારે આ કથા આપણા માનસને ઢંઢોળવાનો પ્રયાસ કરે છે અને મજા એ છે કે તે કામ આ બે યુવાન પાત્રોના માધ્યમથી કરે છે. **સામાન્ય રીતે વર્તમાન પેઢીના યુવાનો પોતામાં મસ્ત છે, આત્મકેન્દ્રી છે ત્યારે આ નવલકથાના બે પાત્રો વિશાળ ચિંતન કરે છે અને એક મહત્ત્વની સમસ્યા કેમ ઉકેલી શકાય તેનો વિચાર અને પ્રયાસ કરે છે.** આવી આદર્શવાદી નવલકથાઓ અત્યારે વિરલ છે. ત્યારે આ નવલકથા આ વાર્તા દ્વારા સંવેદનશીલતાને ઝમઝોરે છે.

આમ પણ લીલાધરભાઈ સંવેદનશીલ બાબતો પર જ લખાણ કરે છે. સામાન્ય માણસની તકલીફો અને ખૂણામાં બેસી મૂંગે મોઢે કામ કરતા લોકોને ઉજાગર કરવાની પ્રવૃત્તિ કરે છે. તેમનાં લેખોનાં અને ચરિત્રોનાં પુસ્તકોને જ જાણે નવલકથાનું સ્વરૂપ આપી ચિત્રાત્મક રજૂઆત કરી છે અને તેમાં સફળ રહ્યા છે. તેમણે વતનપ્રેમ, વિસ્થાપિતપણાની પીડા, દેશની સ્થિતિની પીડા – આવી અનેક બાબતોને વણી લઈ પોતાના સમગ્ર ચિંતનને વ્યક્ત કરી દીધું છે. વાંચતા વાંચતા ક્યાંક આપણને રમણલાલ દેસાઈની નવલકથાઓ યાદ આવી જાય છે. તે પણ કોઈ મુદ્દા પર જ લખતા અને તેના સંદર્ભમાં વચ્ચે વચ્ચે ચિંતન મૂકી દેતા. બહારથી સામાન્ય દેખાતી આ નવલકથા વાચકોના મનમાં ચોક્કસ સંવેદનશીલતા જન્માવશે એવી શ્રદ્ધા છે.

આપણે આશા રાખીએ કે નજીકના ભવિષ્યમાં લીલાધરભાઈ આવા જ અન્ય મુદ્દાઓ પર નવલકથા લખી આપણને ભેટ આપે. પ્રદૂષિત બજારુ વાતાવરણમાં આવા સંવેદનશીલ લેખકની અત્યારે તાતી જરૂર છે. તેમને ધન્યવાદ સાથે વંદન.

*પીલર ૧૧૭૫ – લીલાધરભાઈ ગડા*

*પ્રકાશક : વિવેકગ્રામ પ્રકાશન - માંડવી*

*કિંમત : રૂા. ૧૮૦/-*

***હરેશ ધોળકિયા - ભુજ***

# "મંગલ મંદિર"નું લવાજમ જેમનું પૂરું થાય છે....

*માસિક મુખપત્ર "મંગલ મંદિર"નું લવાજમ કેટલાક ગ્રાહક - સભ્યોનું પૂરું થઈ ગયું છે અથવા તો ટૂંક સમયમાં પૂરું થવામાં છે. જેની વિગત અત્રે જણાવેલ છે. તે અનુસાર લવાજમની રકમ સમયસર ભરપાઈ થશે તો સામયિકના અંકો પોસ્ટ દ્વારા મોકલાવવામાં આવશે, અન્યથા અંકો મોકલાવવાનું બંધ કરવામાં આવશે.*

- રમેશચંદ્ર જગજીવન વીરા (શાહ) સુરેન્દ્રનગર
- અમૃતલાલ પ્રેમજી ગડા સુરેન્દ્રનગર
- મૂલચંદ એલ. ખોના ભાવનગર
- રમેશ એ. શાહ ભુજ
- જયેશ ખીમજી શાહ ભુજ
- શ્રુજન કચ્છ
- એલ. એચ. મહેતા ગાંધીધામ
- કાંતિલાલ બી. દેઢિયા ગાંધીધામ
- ડો. ચેતન એચ. વોરા ગાંધીધામ
- લબ્ધિ બી. મોમાયા ગાંધીધામ
- કાનજીભાઈ ઠાકરશી શાહ કચ્છ
- હરખચંદ તલકશી દેઢિયા કચ્છ
- સતીશ હીરજી નીસર કચ્છ
- ચમનભાઈ વલ્લભજી પલણ અમદાવાદ
- જયંતીભાઈ સંઘવી અમદાવાદ
- સુરેશ એમ. મહેતા અમદાવાદ
- પદ્મિની મહેન્દ્ર ગડા અમદાવાદ
- રઘુરામ વિશ્રામભાઈ ઠક્કર અમદાવાદ
- પૂનમચંદ મગનલાલ શાહ અમદાવાદ
- હીરેન શિવજી ટોકરશી લોડાયા અમદાવાદ
- શ્રી કચ્છી અચલગચ્છ જૈન ભવન વડોદરા
- અશોક નાનજી હરિયા વડોદરા
- જવાહર છગનલાલ શાહ વડોદરા
- વિશનજી સુંદરજી ગડા વડોદરા
- કિરણ ધરમશી પારેખ સુરત
- પંકજ ડી. પારેખ સુરત
- કૌશિક મોહનલાલ શાહ સુરત
- મહેન્દ્ર દામજી છેડા વાપી
- હરીશ મેઘજી ગાલા વાપી
- હેમરાજ શાહ (કચ્છ શક્તિ) મુંબઈ
- શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર મુંબઈ
- મેહુલ રતિલાલ સાવલા મુંબઈ
- મણિલાલ નાનજી છેડા મુંબઈ
- તુષાર મગનલાલ દેઢિયા મુંબઈ
- રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર મુંબઈ
- મંજુલાબેન મણિલાલ વોરા મુંબઈ
- મહેશ કલ્યાણજી શાહ મુંબઈ
- કાંતિલાલ ખેમજી તેજુકાયા મુંબઈ
- દામજી વેલજી સાવલા મુંબઈ
- નવીન ધારશી શાહ મુંબઈ
- લક્ષ્મીચંદ દેવજી શાહ મુંબઈ
- અરવિંદ ટી. શાહ મુંબઈ
- રવિલાલ દેવરાજ દેઢિયા મુંબઈ
- ગુણવંત મગનલાલ શાહ મુંબઈ
- દેવચંદ રવજી સાવલા મુંબઈ
- દામજી વીજપાર સાવલા મુંબઈ
- મયૂર ચંદ્રકાંત દેઢિયા મુંબઈ
- માવજી કે. છેડા મુંબઈ
- વિપુલ મણિલાલ શાહ મુંબઈ
- તારાબેન કંચનલાલ લાલન મુંબઈ
- વિજય ધારશી છેડા મુંબઈ
- હીરાચંદ જીવરાજ મૈશેરી મુંબઈ
- ગિરીશ દામજી માલશી મુંબઈ
- મધુકાંત વીરચંદ શાહ મુંબઈ
- રજનીકાંત કે. શાહ (ફુરિયા) મુંબઈ
- વિનોદ ચીમનલાલ શાહ મુંબઈ
- શાંતિલાલ બી. છેડા મુંબઈ
- પ્રભુલાલ મોહનલાલ સંઘવી મુંબઈ
- માવજી ભીમશી છેડા મુંબઈ
- જયંતીલાલ સાકરચંદ મહેતા મુંબઈ
- ડૉ. મણિલાલ ગડા મુંબઈ
- દિલીપ દામજી શામજી (શાહ) મુંબઈ
- નરેન્દ્ર શામજી દંડ મુંબઈ
- હરખચંદ શામજી શાહ મુંબઈ
- હંસકુમાર શામજી દંડ મુંબઈ
- દેવજી હરશી સાલિયા મુંબઈ
- સોમચંદ વેલજી લોડાયા મુંબઈ
- અનિલ લક્ષ્મીચંદ ખોના મુંબઈ
- કેશવજી પદમશી ગોગરી મુંબઈ
- ચિરાગ શરદ શાહ પૂના

- કેશવજી મૂલજી રાંભિયા — સોલાપુર
- જયંતીલાલ ગડા — સોલાપુર
- દામજી કાનજી છેડા — કોલ્હાપુર
- ઉત્તમ કલ્યાણજી ખોના (શાહ) — સાંગલી
- વિજય એલ. મોતા — થાણે
- મૂકેશ રાઘવજી છેડા — નાસીક
- મધુસુદન હીરજી શાહ — નાગપુર
- શ્રી કચ્છી ભવન — હૈદ્રાબાદ
- દામજી જીવરાજ નાગડા — હૈદ્રાબાદ
- પ્રદીપ કેશવલાલ સંઘવી — હૈદ્રાબાદ
- સંજયભાઈ એન. ગાલા — હૈદ્રાબાદ
- અમૃત અતિથિ ગૃહ — હૈદ્રાબાદ
- હંસ બી. ખીમજી — બેંગ્લોર
- મણિલાલ પી. શાહ — કર્ણાટક
- શ્રી કે.ડી.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ — કર્ણાટક
- જીગર અરુણ વિકમ — ચેન્નાઇ
- ડો. અમિત કે. સૈયા — ચેન્નાઇ
- ગાંગજી કુંવરજી વોરા — તામિલનાડુ
- કમલેશ ચંદ્રકુમાર ઝવેરી — કેરાલા
- રવિલાલ ભાણજી શાહ — કોલકત્તા
- ધનસુખલાલ વીરજી સંઘવી ચેરી. ટ્રસ્ટ — ધનબાદ

***નોંધ :** હાલમાં કોરોના સંક્રમણની સ્થિતિમાં અથવા ટપાલ ખાતાના કોઈપણ કારણોસર સામયિકના અંક ગ્રાહકોને ન મળે, તો તેવા સંજોગોમાં અન્ય નકલ મોકલાવવાનું શક્ય નથી, જેની નોંધ લેવા અનુરોધ છે.*

***નોંધ :** માસિક મુખપત્ર "મંગલ મંદિર"ના માનનીય સભ્યોને અનુરોધ કરવામાં આવે છે કે જેઓનું લવાજમ પૂરું થઈ ગયેલ હોય કે હવે પૂરું થવાનું હોય તેઓએ પોતાનું લવાજમ સમયસર ભરીને સંસ્થાના માસિક મુખપત્ર "મંગલ મંદિર"ની પ્રગતિમાં સહકાર આપવા અપીલ છે.*

## "મંગલ મંદિર" : લવાજમનાં દરો

| | | | |
|---|---|---|---|
| ૨ વર્ષના | : રૂા. ૩૦૦/- | ૫ વર્ષના | : રૂા. ૬૦૦/- |
| ૩ વર્ષના | : રૂા. ૪૦૦/- | આજીવન (૧૫ વર્ષના) | : રૂા. ૧,૫૦૦/- |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...

**એકાઉન્ટ નામ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ**
**Account Name : Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad**
**બેંકનું નામ : કેનેરા બેંક – પાલડી બ્રાંચ, અમદાવાદ**
**Bank Name : Canara Bank, Paldi Branch, Ahmedabad.**
**A/C No. : 70072010016032 • IFSC : CNRB0017007**

*જ્યારે પણ રકમ મોકલાવવામાં આવે ત્યારે તેની જાણ મેનેજરને વૉટ્સએપ નંબર : ૯૯૨૪૦ ૮૭૬૫૪ પર કરવી જરૂરી છે.*

## આટલું જરી ભૂલશો નહીં –

તમે આગળ ઉપર હાઈકોર્ટો ધ્રુજાવો કે યુનિવર્સિટીના શિખર પર કળશ થઈને દીપી રહો, ધારાસભા ગજવો કે મોટી મેદની ડોલાવો, મોટા અફસર થાઓ કે મહાપુરુષ બની જાઓ,

*પણ ત્યારે આટલું કદી ભૂલશો નહીં કે –*

તમે અહીં અત્યારે ભણો છો, એ એક અકસ્માત જ છે. તમે અહીં ભણો છો... ને તમારી ઉંમરના ગોઠિયાઓ ખેતરે માળા પર ચડી પંખીડાં ઉડાડે છે, શહેરના કારખાનામાં બેવડ વળી જાય છે, હોટલના ચૂલાઓ આગળ શેકાય છે, અથવા તો મુંબઈની ચોપાટી પર કોઈની પગચંપી કરે છે.

*કોઈ અકસ્માતથી તમે એને ઠેકાણે હોત 'ને એ તમારે ઠેકાણે હોત.... તો?*


આગળ ઉપર જ્યારે તમે મોટા તીસમારખાં બની જાઓ, અનેક લાલચો અને પ્રલોભનો હોય, ત્યારે પણ આટલું આ જરી ભૂલશો નહિ.

*પેલા કુમળાં બાળકો –*

*ખેતરોમાં ટોયાં બની પંખી ઉડાડે છે,*
*છાપાં વેચવા ફૂટપાથ પર દોડે છે,*
*કપરી મજૂરીમાં ઘસાઈ જાય છે.*

***– ઉમાશંકર જોશી***

***સૌજન્ય : "સમજણના સૂર"***



## ગેમ્સ ગેલેરી

# વેલેન્ટાઇન પિરામિડ ગેમ



ભાવના એ. ઝવેરી

**ગેમ વિશેની સમજ :** જેમ આપણે હાઉસી ગેમ રમીએ છીએ તેજ રીતે આ ગેમ રમવાની છે. હાઉસીની ટિકિટના નંબર ક્રમ પ્રમાણે આપેલ પિરામિડમાં લખશો. આ ગેમના નિયમ પિરામિડ પ્રમાણેના હશે. આ જ રીતે બે ટિકિટ સાથે બે પિરામિડ બનાવીને પણ રમી શકાય.

હાઉસીની ટિકિટ ન આપો તો પિરામિડમાં પોતાની રીતે ૧ થી ૯૦ માંથી અંક લખીને તૈયાર કરી શકાય.

**નિયમ કેવી રીતે બનાવશો :**



★ ડાબી બાજુની ઉભી લાઇનના નંબરો.

★ જમણી બાજુની ઉભી લાઇનના નંબરં

★ હાઈએસ્ટ અને લોએસ્ટ નંબર ૧-૧

★ ત્રિકોણાકારના ત્રણ નંબર – એક નંબર ઉપરનો, બે નંબર નીચે કોર્નરના.

★ એકી સંખ્યાવાળા બધા નંબર.

★ બેકી સંખ્યાવાળા બધા નંબર.


★ નાનો પિરામિડ : ૧-૨-૩ લાઇનના બધા નંબર.

★ મોટો પિરામિડ : બધા જ નંબર... ફુલ હાઉસી.

આ જ રીતે બે પિરામિડ હોય તો... એ રીતે નિયમ બનાવીને રમાડી શકાય. ગ્રુપના ટેસ્ટ પ્રમાણે તેમાં ટ્વિસ્ટ, સરપ્રાઇઝ વગેરે ઉમેરીને આનંદ કરાવો.

## વેલેન્ટાઈન પિરામિડ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 12 | | 30 | | | 62 | 76 | 80 |
| | 16 | 27 | | 48 | 51 | | | 84 |
| 7 | | | 39 | | 52 | 66 | 78 | |



## સર્વશ્રેષ્ઠ પ્રશ્નો તથા તેના જવાબ

**૧.** વિશ્વની સૌથી સુંદર રચના કઈ?
***ઉત્તર :*** માતા.

**૨.** સર્વશ્રેષ્ઠ ફૂલ કયું?
***ઉત્તર :*** કપાસનું ફૂલ.

**૩.** સર્વશ્રેષ્ઠ સુગંધ કઈ?
***ઉત્તર :*** વરસાદમાં ભીંજાયેલી ભૂમિની મહેંક.

**૪.** સર્વશ્રેષ્ઠ મીઠાશ કઈ?
***ઉત્તર :*** વાણીની.

**૫.** સર્વશ્રેષ્ઠ દૂધ?
***ઉત્તર :*** માતાનું.

**૬.** સૌથી કાળું શું?
***ઉત્તર :*** કલંક.

**૭.** સૌથી વજનદાર શું?
***ઉત્તર :*** પાપ.

**૮.** સૌથી સસ્તું શું છે?
***ઉત્તર :*** સલાહ

**૯.** સૌથી મોંઘુ શું છે?
***ઉત્તર :*** સહયોગ.

**૧૦.** સૌથી કડવું શું છે?
***ઉત્તર :*** સત્ય.

**૧૧.** *જીવન એટલે શું?*
***ઉત્તર :*** વ્યક્તિ જ્યારે જન્મ લે ત્યારે તેને નામ નથી હોતું પણ શ્વાસ હોય છે અને જ્યારે તે મૃત્યુ પામે ત્યારે ફક્ત નામ હોય છે પણ શ્વાસ હોતા નથી. **નામ અને શ્વાસ – આ બે વચ્ચેનું અંતર એટલે જ જીવન.**

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૨

### (૨) શ્રી હસ્તગિરિ તીર્થ
### (શ્રી આદિશ્વર ભગવાન ચરણપાદુકા)




પ્રકૃતિ, પવિત્રતા અને પ્રાચીનતાનો ત્રિવેણી સંગમ એટલે શ્રી હસ્તગિરિ તીર્થ. આ તીર્થની એક બાજુ શત્રુંજય ગિરિરાજનાં મંદિરો છે તો બીજી બાજુ કદંબગિરિ પર્વત છે. સાથોસાથ પાવનકારી શત્રુંજી નદીનો મંદ મંદ સમીર અંતરમાં આધ્યાત્મિક્તા પ્રગટાવે છે. શત્રુંજી નદીના ઉત્તર કિનારે આવેલી એક ટેકરી પરનું આ તીર્થ આત્મસાધના માટે અનુપમ સ્થળ છે. અહીં આશરે ૩૩ સે.મી.ની પિરોજી રંગની તીર્થંકર શ્રી આદિશ્વર ભગવાનની ચરણપાદુકા છે. અતિ પ્રાચીન સમયની લાગતી આ ચરણપાદુકા પર કોઈ લેખ નથી. અહીં આદિશ્વર પ્રભુ અનેકવાર પધાર્યા હતા. એમના જયેષ્ઠ પુત્ર ભરત ચક્રવર્તીએ આ તીર્થની સ્થાપના કરી અને તેઓ અહીંથી મોક્ષ પામ્યા હતા. ચક્રવર્તી ભરતનો હાથી પણ અનશન કરીને અહીંથી મોક્ષ પામ્યો હતો. તેથી આ પહાડને હસ્તગિરિ કહેવામાં આવે છે એવી વાયકા મળે છે. આ તીર્થને શ્રી શત્રુંજય પર્વતનું જ એક શિખર માનવામાં આવે છે અને શ્રી શત્રુંજય ગિરિરાજની બાર કોશની પ્રદક્ષિણામાં હસ્તગિરિ તીર્થ પણ આવે છે. શ્રી આદિશ્વર ભગવાનના સમયનું આ તીર્થ અતિ પ્રાચીન તીર્થ હોવાથી એનો મહિમા ઘણો મહાન છે.

આ તીર્થનો તીર્થોદ્ધાર થતાં અહીં ૭૨ દેરીઓ સહિત અષ્ટકોણ શ્રી આદિશ્વર ભગવાનનું ઉત્તુંગ શિખરયુક્ત જિનમંદિર રાણકપુર તીર્થનું સ્મરણ કરાવે તેવું કલાયુક્ત બન્યું છે. સમવસરની રચનાનો ખ્યાલ મળી રહે તે રીતે તેમજ પાંચેય કલ્યાણકના પાંચ જિન મંદિરો યુક્ત આ તીર્થ પૂજ્ય આગમ વિશારદ્ શ્રી વિજયમાનતુંગસૂરિના સદ્ુપદેશથી તૈયાર થયું છે. જ્યારે આ નૂતન જિનાલયની પ્રાણ પ્રતિષ્ઠા સદ્ુપદેશક પૂ.આ. મહારાજ શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજીના વરદ્ હસ્તે વિ.સં. ૨૦૪૫ના વૈશાખ સુદ છઠ્ઠના શુભ દિને કરવામાં આવી છે.

## તીર્થ દર્શન-૩

### (૩) શ્રી શત્રુંજય ડેમ તીર્થ
### (શ્રી શત્રુંજય પાર્શ્વનાથ ભગવાન)



પાલિતાણાથી તળાજા જતા શત્રુંજય ડેમ આવે છે. આ ડેમ પર શ્રી શત્રુંજય તીર્થ આવેલું છે. આ એક વિશાળ જિન મંદિર છે અને તેમાં મૂળનાયક શ્રી શત્રુંજય પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય, વિશાળ, શ્યામ અને મનોહર મૂર્તિ છે. આ મૂળનાયકજીની પ્રતિમાની તેમજ અન્ય પ્રતિમાઓની વિ.સં. ૨૦૩૦ના વૈશાખ સુદ-૧૦ના દિવસે સ્થાપના કરવામાં આવી હતી. પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી પાલિતાણાથી લગભગ ૭ માઈલ દૂર અને શત્રુંજય નદીથી લગભગ બે ફર્લાંગ દૂર આ તીર્થનું નિર્માણ કરવામાં આવ્યું છે. શાહ ખૂમચંદ રતનચંદ જોરાજી અને શાહ સોમચંદ ચુનીભાઈએ શ્રી સંઘનો આદેશ મેળવીને પ્રતિષ્ઠા કરાવવાનું ધન્ય ભાગ્ય મેળવ્યું હતું. અહીં ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય વગેરે આવેલ છે.

શ્રી શત્રુંજય ગિરિરાજની ૯૯ યાત્રા કરનાર ભાવિકો શત્રુંજય નદીમાં સ્નાન કરી રોહીશાળા ગામમાં નદી કિનારે રહેલા શ્રી આદિશ્વર ભગવાનની ચરણ પાદુકાની પૂજા કરી રોહીશાળાની પાજેથી ઉપર ચડી દાદાની યાત્રા અવશ્ય કરે છે. આ રોહીશાળામાં શાસન સમ્રાટ આ.શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.સા.ના શુભ હસ્તે શ્રી આદિશ્વર ભગવાનનું જિન મંદિર તથા ધર્મશાળા વગેરેનું નિર્માણ થયું હતું. પરંતુ શત્રુંજય ડેમ થતાં એ બધું પાણીમાં ડૂબી જતું હતું. તેથી આ અભિનવ તીર્થની સ્થાપના કરવામાં આવી અને તે જિન મંદિરના તમામ પ્રતિમાજી ડેમના આ નૂતન જિનાલયમાં પધરાવવામાં આવ્યા છે. શેઠ શ્રી જિનદાસ ધર્મદાસની પેઢીના સંચાલન હેઠળ આ ડેમ તીર્થનો વિકાસ થઈ રહ્યો છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## NanoNine® શબ્દ રમત-૧૭૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ૪ | | ૫ | | ૬ | ૭ | |
| | | ૮ | ૯ | | | | ૧૦ | ૧૧ | | | ૧૨ |
| ૧૩ | ૧૪ | | ૧૫ | ૧૬ | | ૧૭ | | | | ૧૮ | |
| | ૧૯ | | | | ૨૦ | | | | ૨૧ | | |
| ૨૨ | | | ૨૩ | | | | | ૨૪ | | ૨૫ | |
| | | ૨૬ | | ૨૭ | | | ૨૮ | | | ૨૯ | ૩૦ |
| ૩૧ | ૩૨ | | ૩૩ | | | ૩૪ | | | | | |
| | ૩૫ | ૩૬ | | | ૩૭ | | | | | ૩૮ | |
| ૩૯ | | | | ૪૦ | | ૪૧ | ૪૨ | | ૪૩ | | |
| ૪૪ | ૪૫ | | ૪૬ | | ૪૭ | | | ૪૮ | | ૪૯ | ૫૦ |
| ૫૧ | | ૫૨ | | ૫૩ | | | | ૫૪ | ૫૫ | | |
| | ૫૬ | | | ૫૭ | | | | | ૫૮ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૨૮-૦૨-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. આકાશમાં ઉડે તે વાહન (૩)
૩. સાથે વસવું તે, સંબંધ (૪)
૬. ન દેખાય એવી બારીક ફાંટ (૨)
૮. દીવો, દીપક (૨)
૧૦. રૂવાબદાર, દેદીપ્યમાન (૫)
૧૩. મોટું, મહાન (૨)
૧૫. મહેમાન (૪)
૧૮. પરૂ (૨)
૧૯. પાણી, વારિ (૨)
૨૦. સુંદર નાકવાળું (૩)
૨૨. અંધારું (૨)
૨૪. વગર પૈસે (૩)
૨૬. મત આપવો તે (૪)
૨૮. ગમ, દુઃખ (૨)
૨૯. કવિતા રચનાર (૨)
૩૧. તપસ્યા (૨)
૩૩. હોઠ, લપ, જલ્દી (૨)
૩૪. નવરાશ (૪)
૩૫. દેજ, પરણતી વખતે કન્યાને અપાતો દાયજો (૩)
૩૮. શોક, દુઃખ, સમજ (૨)
૪૦. હેતુ, આશય (૪)
૪૩. પશુ, ચોપગું પ્રાણી (૨)
૪૪. લજ્જા, શરમ (૨)
૪૭. સાથે મળી થતી વિચારણા (૪)
૪૯. ક્યારેક (૨)
૫૧. મોટો સમુદ્ર (૫)
૫૪. કીર્તિ (૨)
૫૬. પત્રની શરૂઆતમાં લખાતો શબ્દ (૨)
૫૭. વરસાદ પડવો તે (૪)
૫૮. મશ્કરી (૩)

### ઊભી ચાવીઓ

૧. અસમાન, મુશ્કેલ, પ્રતિકૂળ, દારુણ (૩)
૨. સરિતા (૨)
૪. હવાના દબાણ વગેરે અંગે સ્થિતિનું માપ (૪)
૫. શિક્ષા, દંડ (૨)
૬. દૂધની મલાઇ (૨)
૭. સમારવું તે (૩)
૯. પાણી, દૂધ (૨)
૧૧. દુનિયા, જહાન (૨)
૧૨. ભાગ્ય (૩)
૧૪. પચવું તે (૩)
૧૭. મીઠું, લવણ (૩)
૨૧. ડર, ગુસ્સો (૨)
૨૨. એકદમ, ઝટ (૩)
૨૩. પંજાબની એક નદી (૪)
૨૪. મુરાદ, ધારણા (૪)
૨૫. અનુકૂળ પ્રસંગ, લાગ (૨)
૨૭. દાબવું તે, દબાણ (૨)
૨૮. અવાજ (૨)
૩૦. થાક ખાવો તે, વિશ્રાંતિ (૩)
૩૨. પગ, દરજ્જો (૨)
૩૬. વહાલ, પ્રેમ (૨)
૩૭. રડાકૂટ, શોક (૩)
૩૮. ડૂબેલું, મગ્ન, લીન (૩)
૩૯. નમસ્કારનો એક પ્રકાર (૩)
૪૧. રસમાં તરબોળ હોય તેમ (૪)
૪૨. બળ, જોર (૨)
૪૫. મોટું વહાણ (૩)
૪૬. વ્યાધિ (૨)
૪૮. એક તેજાનો (૨)
૫૦. દીપ, દીવો (૩)
૫૨. મેઘધનુષ્યના રંગ કેટલા? (૨)
૫૩. અવાજ (૨)
૫૫. સરખું, સમાન (૨)

*"જેટલા રૂપિયા છે મારી પાસે એટલી વાર તો મારે પ્રભુનું નામ લેવું જ છે અને એ શક્ય નહીં બને તો જીવનમાં જેટલી વાર મેં પ્રભુનું નામ લીધું છે એટલા રૂપિયા રાખી લઈને બાકીના રૂપિયા મારે સારાં કામોમાં વાપરી દેવા છે."*

*આટલું નક્કી કરી દેવાની આપણી તૈયારી ખરી?*

## NanoNine® શબ્દ રમત-૧૭૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મ | ન | ગ | મ | તું | | ત | લ | વા | ર | |
| અ | ન | વ | ર | | | તા | | લા | ગ | | મા |
| | હ | | બ | | ઝ | ટ | પ | ટ | | કા | વ |
| ભા | ર | | ડ | ર | | | શ | | સ | મ | જ |
| ર | | સ | | | ગ | તા | ગ | મ | | ના | ત |
| ત | | બ | | વા | જ | | | ખ | ગ | | |
| | ચ | ક | લી | | | ક | ન્યા | | ર | | સુ |
| મા | ળ | | રા | જા | પુ | રી | | હો | મ | | મે |
| લ | વ | ણ | | વ | | | હો | જ | | શૂ | ળ |
| દા | ળ | | આ | ક | લ | ન | | રી | | ર | |
| ર | | બ | દ | | બ્ધિ | | ના | | ના | વી | ન્ય |
| | ભા | દ | ર | ણ | | ભ | વ | સા | ગ | ર | |

*માસ સપ્ટેમ્બર-૨૦૨૧ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૭૪ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૩. દમયંતી દંડ – અમદાવાદ
૪. સ્મિતા શાહ – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. સાવિત્રી જેસરાણી – મુંબઈ

*માસ ઓક્ટોબર-૨૦૨૧ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૭૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૩. સુધા ઝવેરી – અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૭. લુબના શેખ – અમદાવાદ
૮. નગીન શાહ – નાગપુર
૯. પ્રભા શેઠિયા – વલસાડ
૧૦. કૈવન મહેતા – ગાંધીધામ
૧૧. સાવિત્રી જેસરાણી – મુંબઈ

*માસ નવેમ્બર-૨૦૨૧ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૭૬ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*


૧. સરલા શાહ – અમદાવાદ
૨. દમયંતી દંડ – અમદાવાદ
૩. લક્ષ્મીબેન ખત્રી – અમદાવાદ
૪. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. સાવિત્રી જેસરાણી – મુંબઈ

*માસ ડિસેમ્બર-૨૦૨૧ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૭૭ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. દમયંતી દંડ – અમદાવાદ
૩. પ્રવીણ દંડ – અમદાવાદ
૪. ધર્મિષ્ઠા શાહ – અમદાવાદ
૫. અરુણા મહેતા – અમદાવાદ
૬. રોહિત મહેતા – અમદાવાદ
૭. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૮. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૯. મૈત્રી વોરા – અમદાવાદ
૧૦. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૧૧. નવલબેન નીસર – સુરત
૧૨. પ્રભા શેઠિયા – વલસાડ
૧૩. કંચનબેન મોરબિયા – ભુજ
૧૪. સરોજ અનુપ ચંદુરા – સુરત

*શબ્દ રમત : ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭ના સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

લુબના શેખ – અમદાવાદ



## પૈસાનું મહત્ત્વ

પોતે મોંઘી ગાડીઓમાં ફરતા હોય અને 'પૈસા તો હાથનો મેલ છે' અને 'જન્મ્યા ત્યારે બાળોતિયામાં ખિસ્સા નહોતા અને મરશો ત્યારે કફનમાં પણ ખિસ્સા નહીં હોય' – એવી વાતો કરતા લોકોથી દૂર રહેવું કારણકે ભગવાનને ધૂપ - દીવો કરવા માટે અગરબત્તી લેવા જશો તો પણ કોઈ મફત નહીં આપે.

★

લોકો હંમેશાં ફરિયાદ કરતા હોય છે કે અમારા મુશ્કેલ સમયમાં કોઈ કામ ના આવ્યું. કોઈ કામ આવવાનું પણ નથી કારણકે બધાને ખુદની જરૂરિયાતો, મર્યાદા અને અનિશ્ચિતતાઓ છે. એમાં તમને મદદ મળી જ રહેશે એ આશા રાખવી જ ખોટી છે.

★

કોઈ કદાચ થોડી ઘણી આર્થિક મદદ કરશે તો પણ એ ક્ષણિક રાહત હશે. બાકી પહેલા જેવી આર્થિક પરિસ્થિતિ પર પહોંચવા માટે તો કમાવા સિવાય કોઈ ઉપાય નથી.

પાણીની સપાટી ઉપર પેદા થયેલા પરપોટા ભલે ગમે તેટલા સુંદર દેખાય પણ જીવનની નૌકાનો ભાર આ પરપોટા ઉપાડી શકતા નથી.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૩૭અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૮-૦૨-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૩૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | | 5 | 2 | | 3 |
| 3 | | 5 | 4 | | 2 | | 7 | |
| | 2 | | | | 3 | | | 8 |
| 2 | 3 | | 1 | | 6 | 9 | | |
| | 5 | | | 4 | | | 2 | |
| | | 4 | | | 8 | | 3 | 5 |
| 1 | | | 6 | | | | 5 | |
| | 4 | | 2 | 9 | | 3 | | 7 |
| | | 2 | 5 | | | 8 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | 6 | 3 | | | | 9 | |
| 7 | | | 8 | | 9 | 3 | | |
| 3 | | | | 5 | | 1 | | 8 |
| 1 | | 8 | 5 | | 6 | 2 | | 3 |
| | 6 | | | 3 | | | | |
| | 7 | | | | 4 | 9 | | 6 |
| 9 | | 4 | | 2 | | | | 5 |
| | | 5 | 4 | | 8 | | | 1 |
| | 3 | | | 6 | 5 | 4 | 2 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 8 | | 3 | | 1 | | 2 |
| 3 | | | 9 | 4 | | | 8 | |
| | 5 | | | | 8 | | | 9 |
| 4 | 9 | | | | 2 | 7 | | |
| | | 3 | 7 | | 6 | 2 | | |
| | | 7 | 5 | | | | 6 | 3 |
| 7 | | | 8 | | | | 2 | |
| | 2 | | | 6 | 7 | 3 | | 1 |
| 6 | | 9 | | | 3 | | 7 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 8 | | 1 | 5 | | | 2 | |
| 5 | | | | | 4 | | | |
| | | 6 | 3 | | | 4 | 5 | 1 |
| 6 | | 2 | 9 | | 7 | | | |
| | 7 | 9 | 5 | | | 2 | 1 | |
| | | | 6 | | 1 | 7 | | 9 |
| 2 | | 8 | | | 6 | 3 | 1 | |
| | 6 | | 8 | | | | | 3 |
| | 3 | | | 1 | | 6 | | 2 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૩૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 7 | 3 | 6 | 9 | 5 | 1 | 8 | 4 |
| 9 | 5 | 1 | 4 | 3 | 8 | 2 | 6 | 7 |
| 8 | 4 | 6 | 1 | 7 | 2 | 3 | 9 | 5 |
| 3 | 9 | 4 | 8 | 5 | 1 | 6 | 7 | 2 |
| 6 | 2 | 5 | 7 | 4 | 3 | 8 | 1 | 9 |
| 1 | 8 | 7 | 9 | 2 | 6 | 4 | 5 | 3 |
| 4 | 1 | 2 | 5 | 8 | 7 | 9 | 3 | 6 |
| 5 | 6 | 9 | 3 | 1 | 4 | 7 | 2 | 8 |
| 7 | 3 | 8 | 2 | 6 | 9 | 5 | 4 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 2 | 1 | 4 | 5 | 6 | 9 | 3 | 7 |
| 6 | 7 | 3 | 2 | 9 | 8 | 4 | 5 | 1 |
| 5 | 9 | 4 | 7 | 1 | 3 | 8 | 6 | 2 |
| 7 | 5 | 9 | 6 | 8 | 2 | 3 | 1 | 4 |
| 1 | 3 | 6 | 9 | 7 | 4 | 2 | 8 | 5 |
| 4 | 8 | 2 | 5 | 3 | 1 | 6 | 7 | 9 |
| 9 | 1 | 8 | 3 | 4 | 5 | 7 | 2 | 6 |
| 2 | 4 | 5 | 8 | 6 | 7 | 1 | 9 | 3 |
| 3 | 6 | 7 | 1 | 2 | 9 | 5 | 4 | 8 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 7 | 9 | 4 | 8 | 3 | 6 | 5 | 1 |
| 4 | 6 | 3 | 9 | 1 | 5 | 7 | 8 | 2 |
| 8 | 1 | 5 | 2 | 7 | 6 | 3 | 9 | 4 |
| 9 | 5 | 4 | 7 | 2 | 1 | 8 | 6 | 3 |
| 7 | 2 | 6 | 5 | 3 | 8 | 4 | 1 | 9 |
| 3 | 8 | 1 | 6 | 4 | 9 | 2 | 7 | 5 |
| 1 | 4 | 8 | 3 | 9 | 7 | 5 | 2 | 6 |
| 6 | 3 | 7 | 1 | 5 | 2 | 9 | 4 | 8 |
| 5 | 9 | 2 | 8 | 6 | 4 | 1 | 3 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 9 | 6 | 3 | 5 | 4 | 8 | 2 | 1 |
| 1 | 4 | 2 | 6 | 8 | 9 | 3 | 5 | 7 |
| 3 | 5 | 8 | 1 | 2 | 7 | 9 | 6 | 4 |
| 4 | 7 | 9 | 2 | 6 | 3 | 1 | 8 | 5 |
| 8 | 3 | 5 | 4 | 7 | 1 | 2 | 9 | 6 |
| 6 | 2 | 1 | 5 | 9 | 8 | 4 | 7 | 3 |
| 2 | 1 | 7 | 9 | 4 | 6 | 5 | 3 | 8 |
| 9 | 6 | 4 | 8 | 3 | 5 | 7 | 1 | 2 |
| 5 | 8 | 3 | 7 | 1 | 2 | 6 | 4 | 9 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

## NanoNine® Sudoku

**સપ્ટેમ્બર-૨૦૨૧ ના અંકમાં છપાયેલ**
**સુડોકુ-૧૧૩૨ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

| | | |
|---|---|---|
| ૧. | ચંદ્રાબેન શાહ | – અમદાવાદ |
| ૨. | સ્મિતા શાહ | – અમદાવાદ |
| ૩. | અવંતી દંડ | – અમદાવાદ |
| ૪. | જય ગોગરી | – અમદાવાદ |
| ૫. | નિમેષ ગોગરી | – અમદાવાદ |
| ૬. | બીનોય ગોગરી | – અમદાવાદ |
| ૭. | ઈન્દુબેન પટેલ | – અમદાવાદ |
| ૮. | મૂકેશ મહેતા | – ગાંધીધામ |
| ૯. | તનય કોરડિયા | – અમદાવાદ |

**ઓક્ટોબર-૨૦૨૧ ના અંકમાં છપાયેલ**
**સુડોકુ-૧૧૩૩ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

| | | |
|---|---|---|
| ૧. | અવંતી દંડ | – અમદાવાદ |
| ૨. | હેનીલ ગોગરી | – અમદાવાદ |
| ૩. | જ્યોત્સના ગોગરી | – અમદાવાદ |
| ૪. | જય ગોગરી | – અમદાવાદ |
| ૫. | ઈન્દુબેન પટેલ | – અમદાવાદ |
| ૬. | સ્મિતા શાહ | – અમદાવાદ |
| ૭. | ચંદ્રા શાહ | – અમદાવાદ |
| ૮. | પ્રભા શેઢિયા | – વલસાડ |
| ૯. | કેવન મહેતા | – ગાંધીધામ |

**નવેમ્બર-૨૦૨૧ ના અંકમાં છપાયેલ**
**સુડોકુ-૧૧૩૪ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

| | | |
|---|---|---|
| ૧. | અવંતી દંડ | – અમદાવાદ |
| ૨. | ચંદ્રા શાહ | – અમદાવાદ |
| ૩. | સ્મિતા શાહ | – અમદાવાદ |
| ૪. | ઈન્દુબેન પટેલ | – અમદાવાદ |
| ૫. | બીનોય ગોગરી | – અમદાવાદ |
| ૬. | નિમેષ ગોગરી | – અમદાવાદ |
| ૭. | નયના ગોગરી | – અમદાવાદ |
| ૮. | ચંદ્રિકા શાહ | – અમદાવાદ |

**ડિસેમ્બર-૨૦૨૧ ના અંકમાં છપાયેલ**
**સુડોકુ-૧૧૩૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

| | | |
|---|---|---|
| ૧. | અવંતી દંડ | – અમદાવાદ |
| ૨. | નયના કારાણી | – અમદાવાદ |
| ૩. | ઈન્દુબેન પટેલ | – અમદાવાદ |
| ૪. | ખુશાલ ગડા | – અમદાવાદ |
| ૫. | ધર્મિષ્ઠા શાહ | – અમદાવાદ |
| ૬. | પ્રભા શેઢિયા | – વલસાડ |
| ૭. | નરેન્દ્ર દંડ | – મુંબઈ |
| ૮. | કાંતિલાલ ગડા | – મુંબઈ |
| ૯. | સરોજ અનુપ ચંદુરા | – સુરત |

*સુડોકુ – ૧૧૩૨, ૧૧૩૩, ૧૧૩૪, ૧૧૩૫ના સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

તનય કોરડિયા – અમદાવાદ

## કચ્છ દર્શન : સમાચાર સંક્ષિપ્તમાં

- **ગાંધીધામમાં સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મ જયંતી ઉજવાઈ :** કચ્છ - ગાંધીધામમાં સુભાષ નગર ખાતે ભારતીય સ્વતંત્રતા સંગ્રામના મહાન નાયક નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મ જયંતી તા. ૨૩-૦૧-૨૦૨૨ના રોજ ભાવભેર ઉજવવામાં આવી હતી.
- **દિનદયાળ પોર્ટ ખાતે જેટી ઉપર ટ્રકે પલટી મારી :** કંડલાના દિનદયાળ પોર્ટ ખાતે એક ટ્રકના બ્રેક અચાનક ફેઈલ થવાથી ડ્રાઈવરે ટ્રક ઉપર કાબૂ ગુમાવ્યો હતો. તેના કારણે ટ્રક પોર્ટની અંદર બનેલા બ્રિજને તોડીને અડધી ટ્રક દરિયાની અંદર અને અડધી બ્રિજ પર રહીજતાં, ત્યાં ઉભેલા પોર્ટ કર્મચારીઓ તથા મજૂર વર્ગના શ્વાસ અધ્ધર થઇ ગયા હતા.
- **મુંદ્રા પોર્ટ પરથી મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો :** નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ મુંદ્રા અદાણી પોર્ટ પરથી અમેરિકન ગાંજાના ૯૦ પેકેટ તાજેતરમાં પકડી પાડ્યા હતા. સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર ડ્રગ્સનો જથ્થો એક કારમાં છુપાવેલા કન્ટેનરમાં હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્ટેમ્બર માસમાં પણ મુંદ્રા પોર્ટ પરથી ૨,૯૮૮.૨૧ કિલોગ્રામ હેરોઇનનો જથ્થો ઝડપાયો હતો.
- **કચ્છના નારાયણ સરોવર અને કોટેશ્વર મંદિર ભક્તો માટે બંધ... :** ગુજરાત રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેરને કાબૂમાં લેવા સરકાર દ્વારા ગત તા. ૧૧ જાન્યુઆરીથી જાહેર મેળાવડા પર અંકુશ મૂકવામાં આવ્યો છે. જેના ભાગરૂપે વહીવટી તંત્રના માર્ગદર્શન તળે કચ્છના પ્રસિદ્ધ નારાયણ સરોવર અને કોટેશ્વર મંદિરો પણ જાહેર જનતા માટે જાન્યુઆરી માસના અંત સુધી બંધ રાખવામાં આવ્યા હતા.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

***ટ્રસ્ટીશ્રીઓ / કારોબારી સભ્યશ્રીઓ,***

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારોએ નક્કી કરેલ છે કે અત્યારે રાજ્યમાં કોરોનાની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, સંસ્થાના તથા સંસ્થાની તમામ સમિતિઓ દ્વારા પ્રાયોજિત દરેક પ્રોગ્રામો અનિશ્ચિત મુદત સુધી સ્થગિત કરવામાં આવે છે. સંસ્થાના હોદ્દેદારો સિવાયના બધા જ ટ્રસ્ટ મંડળના સભ્યો, કારોબારી સભ્યો સહિત બધા જ સભ્યોને હાલના તબક્કે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ તથા શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર ખાતે કામ સિવાય આવવાનું ટાળવું. ટ્રસ્ટ મંડળે તા. ૨૬-૦૧-૨૦૨૨ના રોજ યોજવાનું નક્કી કરેલ ગીતા મંદિર ખાતેના ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન તથા તેના આનુસાંગિક ફંકશન તથા જમણવારનો કાર્યક્રમ અને ધ્વજવંદન પણ રદ કરવામાં આવે છે. ગીતા મંદિર ડાયાલિસિસ સેન્ટરની સેવાઓ તા. ૨૬-૦૧-૨૦૨૨થી શરૂ કરી દેવામાં આવશે.

***સંસ્થાના બધા જ મેડિકલ સેન્ટરો તથા ડાયાલિસિસ સેન્ટરો રાબેતા મુજબ ચાલુ રહેશે.***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
## માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન ખાતેના
# નવનિર્મિત ડાયાલિસિસ સેન્ટરના ઉદ્દ્‌ઘાટન કાર્યક્રમનો અહેવાલ

**બુધવાર, તા. ૨૬-૦૧-૨૦૨૨**

અમદાવાદમાં એસ.ટી. સ્ટેન્ડ પાસે આવેલા સેવા ભવન ખાતે **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** *સંચાલિત*, **રોટરી ક્લબ ઓફ અમદાવાદ - વાસણા** *પ્રાયોજિત* નવનિર્મિત **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર**ના ઉદ્દ્‌ઘાટનનો ભવ્ય સમારંભ બુધવાર, તા. ૨૬-૦૧-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ હતો.

સૌપ્રથમ સમાજના ઉપપ્રમુખ શ્રી હીરેન શાહે સમાજના સભ્યો ઉપરાંત રોટરી ક્લબના હોદ્દેદારોને આવકાર્યા હતા.

સમારંભની શરૂઆત શ્રીમતી ફાલ્ગુની હીરેને નવકાર મહામંત્રથી કરેલ હતી.

ત્યારબાદ શ્રી હીરેન શાહે પ્રોજેક્ટની વિગત અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આ પ્રોજેક્ટ કેવી રીતે આકાર પામ્યો તે અંગે જણાવ્યું હતું.

સૌપ્રથમ જૂન-૨૦૨૦માં રોટરી ક્લબ ઓફ અમદાવાદ - વાસણાના પ્રમુખ શ્રી દેવેન શાહ, તેમના પ્રોજેક્ટ કન્વીનર ડૉ. ભાવિક શાહ સાથે ડાયાલિસિસ સેન્ટર કેમ ચાલે, તથા તેનો વહીવટ, જગ્યા ફાળવણી વગેરેની માહિતી મેળવવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ઓફિસે આવ્યા હતા. ત્યારે જ ટ્રસ્ટી શ્રી હીરેન કે. શાહે તેમને પ્રપોઝલ આપી હતી કે, જો રોટરી ઈન્ટરનેશનલ ભાગીદારી કરીને મશીન અપાવી શકે, તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તમામ વહીવટ સંભાળવા તૈયાર છે. ડાયાલિસિસ સેન્ટરની માહિતી, ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ સાવલા પાસેથી મેળવ્યા પછી તેઓએ પોતાની ઈન્ટરનલ મીટિંગમાં ચર્ચા-વિચારણા કર્યા પછી પૈસા એકત્ર કરવાનું બીડું ઝડપ્યું. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે એક મીટિંગ કરીને આગળ વધવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી. સમાજના ભૂતપૂર્વ પ્રમુખશ્રી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાની અમેરિકા સ્થિત નિયાણી ડૉ. બીના અનિલ શાહના જેઠાણી ડૉ. ઈલાબેન વિનોદભાઈ શાહ, કે જેઓ રોટરી ઈન્ટરનેશનલ જેવી વિશ્વ પ્રસિધ્ધ સંસ્થામાં 'ગ્લોબલ ગ્રાન્ટ સુપર સ્ટાર' તરીકે પ્રખ્યાત છે અને આવા પ્રોજેક્ટમાં પોતે પણ પોતાનો ફાળો આપીને સહકાર આપે છે તથા આવી ગ્લોબલ ગ્રાન્ટ અપાવવામાં મદદ પણ કરે છે, તેમનો સંપર્ક કર્યો. શ્રી હીરેન શાહને આ બાબતની જાણ ડૉ. બીના અને ડૉ. અનિલ શાહ દ્વારા જ્યારે કરવામાં આવી, ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી રોટરી ઈન્ટરનેશનલ સાથે રહીને આ પ્રોજેક્ટ કરવાની શ્રી હીરેન શાહે ઈચ્છા વ્યક્ત કરી અને પ્રથમ ડોનર તરીકે ડૉ. બીના અને ડૉ. અનિલે ડોનેશનનો પ્રસ્તાવ આપ્યો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સૌ હોદ્દેદારોએ આ પ્રસ્તાવ માટે મંજૂરી આપી. તુરત ડૉ. બીના અને ડૉ. અનિલે રોટરી ફાઉન્ડેશન - યુ.એસ.એ.માં તેમનું મુખ્ય ડોનેશન જમા કરાવ્યું. ડૉ. ઈલાબેને પણ અંગત રીતે આમાં ડોનેશન કર્યું અને ગ્રાન્ટ અપાવવાનો વાયદો કર્યો. આમ, આ પ્રોજેક્ટના શ્રીગણેશ થયા.

ત્યાર પછી રોટરી ક્લબ ઓફ અમદાવાદ - વાસણાએ ખૂટતા પૈસા / ગ્લોબલ ગ્રાન્ટ મેળવવાની મહેનત શરૂ કરી દીધી.તેમણે અમદાવાદમાં પોતાના ફેમિલી મેમ્બર્સ પાસેથી પણ ડોનેશન મેળવીને રોટરી ઈન્ટરનેશનલમાં જમા કરાવીને આ ગ્લોબલ ગ્રાન્ટ પ્રોજેક્ટને સફળ બનાવવામાં યોગદાન આપ્યું છે. એક વર્ષને અંતે બધા ડોનેશન રોટરી ઈન્ટરનેશનલમાં જમા થયા અને રોટરી ફાઉન્ડેશન – USA એ પણ ગ્રાન્ટ આપી. જેમાંથી ૮ ડાયાલિસિસ મશીન ભવન ઉપર આવી પહોંચ્યા. વળી સમાજના ટ્રસ્ટી શ્રી આશિષ ધીરુભાઈ શાહે ૮ મશીન માટેના ૮ બેડ પણ પોતાના તરફથી મોકલી આપ્યા.

વર્ષ ૧૯૮૯માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સૌપ્રથમ સોપાન સ્વરૂપે અમદાવાદમાં ગીતા મંદિર ખાતે "માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન"નું નિર્માણ થયું. છેલ્લાં બે-એક વર્ષથી આ ભવનના વૈકલ્પિક ઉપયોગ અંગે ચર્ચા-વિચારણા થઈ રહી હતી. રોટરી ક્લબ ઓફ અમદાવાદ – વાસણાના સહયોગથી એક નવું ડાયાલિસિસ સેન્ટર ઊભું કરવાની વાત થતા, ગીતા મંદિર સ્થિત ભવનનો ઉપયોગ થઈ શકે કે કેમ, એની શક્યતાઓ તપાસવી શરૂ થઈ. ડાયાલિસિસ સેન્ટર,

ભવનની ડોરમેટરી તોડીને કે ૪-૫ રૂમો તોડીને બનાવી શકાય કે નહીં – આ બધા સવાલો હતા. નિષ્ણાતોની સલાહ, અનુભવીઓના માર્ગદર્શન મુજબ કોન્ટ્રાક્ટર શ્રી અનિલ સથવારાએ આટલા વર્ષોનું જ્ઞાન આ પ્રોજેક્ટમાં રેડી દીધું અને લગભગ ૩૫ વર્ષ જૂના આ મકાનની કાયાપલટ કરી દીધી. ભવનના ગ્રાઉન્ડ ફ્લોર પર વપરાતી ડોરમેટરીની જગ્યાએ નવું ડાયાલિસિસ સેન્ટર ઊભું કરી આપ્યું. આ સેન્ટરના પ્રવેશદ્વાર સુધી એમ્બ્યુલન્સ પહોંચી શકે અને વ્હીલચેર થકી ગંભીર સ્વરૂપના દર્દી સરળતાથી સેન્ટરમાં પ્રવેશી શકે એવી વ્યવસ્થા અહીં કરવામાં આવી છે. આ માટે સમાજના સિવિલ એન્જિનિયર શ્રી રાજેન્દ્ર દોશી, પ્રમુખ પ્રતાપભાઈ દંડ, પૂર્વ પ્રમુખ અશોકભાઈ મહેતા, સ્ટ્રક્ચરલ એન્જિનિયર વગેરેએ સક્રિય રીતે રસ લઇ, સ્થળની વારંવાર મુલાકાત લઇ, ગીતા મંદિર ભવન ખાતે આ ઉપયોગી ડાયાલિસિસ સેન્ટરને મૂર્તિમંત કરવામાં સિંહફાળો આપ્યો છે. આમ નિર્મિત થયું છે, **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર.**

ઉદ્‌ઘાટન સમારંભમાં સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખશ્રી ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ આ પાવન પ્રસંગે પોતાના આશીર્વચન મોકલ્યા હતા. તેનું પઠન શ્રીમતી ફાલ્ગુની હીરેને કર્યું હતું.

ત્યારબાદ રોટરી ક્લબ વાસણાના મહાનુભાવો સર્વશ્રી લલિત શર્મા, પરાગ ફતેપુરીઆ, નૈમેષ રવાણી, શ્રીમતી અમિષા ઝવેરી, ધવલ ઝવેરી, ડૉ. તેજસ મહેતા, નિરવ શાહ, શ્રીમતી હીનાબેન શાહ, જીગર શાહ અને અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો પ્રતાપભાઈ દંડ, રજનીકાંત પારેખ, અશ્વિન સાવલા, હીરેન શાહ, હસમુખ ગઢેચા, શ્રીમતી ફાલ્ગુની હીરેનની હાજરીમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. ચંદ્રકાંતભાઈના કૌટુંબિક માસી લક્ષ્મીબેન વીરા, દૌહિત્રી અ.સૌ. હીર શાહ, પુત્રી તથા સમાજના ટ્રસ્ટી શ્રીમતી ફાલ્ગુની હીરેન અને શ્રીમતી અમિષા ઝવેરીએ રિબીન કાપીને નવનિર્મિત ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

મહેમાનોએ નવનિર્મિત ડાયાલિસિસ સેન્ટરનું નિરીક્ષણ કરી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

## નવનિર્મિત ડાયાલિસિસ સેન્ટર સંબંધી સમાજના પૂર્વ પ્રમુખશ્રી ડૉ. ચંદ્રકાંત દેઢિયા તરફથી પ્રાપ્ત થયેલો સંદેશો....

*પ્રમુખશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*તારીખ ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૨ના સપરમા દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઉન્નતિના પંથે આગળ વધે છે અને સામાજિક સેવાના ક્ષેત્રે એક વધારે ડાયાલિસિસ કેન્દ્ર શરૂ કરી રહ્યું છે. આ માટે સતત કાર્યશીલ રહેલા શ્રી હીરેન કે. શાહ અને તેના સર્વ સાથી કાર્યકરોને ખોબલે ખોબલે અભિનંદન. તે સાથે આ ઉમદા પ્રવૃત્તિમાં સહયોગી થવા બદલ રોટરી ક્લબ - વાસણા (અમદાવાદ) અને રોટરી ક્લબ ચાર્લોટી હોલ (અમેરિકા)ને પણ ખૂબ ખૂબ ધન્યવાદ.*

*આ સંસ્થાને શરૂઆતથી જ કોઈ એક બે વ્યક્તિઓ નહીં પણ તેના સર્વ નિષ્ઠાવાન કાર્યકરો નિઃસ્વાર્થભાવે એકજૂટ રહીને સામાજિક ઉત્કર્ષના સેવા યજ્ઞમાં સહભાગી રહ્યા, તેના ફળ સ્વરૂપે સંસ્થાને સર્વત્ર સહયોગ મળી રહ્યો છે. સર્વ સાથી કાર્યકરો આ જ ભાવનાથી એકજૂટ રહી ઉન્નતિના શિખરો સર કરે એ જ અભિલાષા છે.*

*માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવનનો વૈકલ્પિક ઉપયોગ, આ લોક ઉપયોગી સેવા માટે થઈ રહ્યો છે તે બદલ અમારો પરિવાર સંતોષ અને આભારની લાગણી વ્યક્ત કરે છે.*

***– ડૉ. ચંદ્રકાંત દેઢિયા***

## "મંગલ મંદિર"

### 'સમાજ દર્પણ' વિભાગમાં નોંધ - વિગત પ્રસારિત કરવા અંગે

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારોમાં કોઈપણ પ્રકારના આવતા સારા-નરસા પ્રસંગોની પ્રકાશિત કરવા યોગ્ય નોંધની વિગત મુખપત્ર 'મંગલ મંદિર'ના 'સમાજ દર્પણ' વિભાગમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ પ્રકારની વિગત લેખિતમાં હોવી જોઈએ. તે ઉપરાંત નામ, સરનામા, મોબાઈલ નંબર સાથે સ્પષ્ટ રીતે તેમજ ટૂંકમાં લખાયેલી હોવી આવશ્યક છે. અન્યથા તેવી કોઈ વિગત પ્રકાશિત કરવાનું શક્ય થશે નહીં, જેની નોંધ લેવા અનુરોધ છે.* ***– તંત્રી મંડળ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સભ્યપદ સમિતિ

અમારા ધ્યાનમાં આવ્યું છે કે સમાજના સભ્યોની દીકરીઓના લગ્ન થયા પછી પણ સમાજમાં જાણ કરવામાં આવતી નથી અને મેડિકલ સેવાનો લાભ લેવામાં આવે છે, જે યોગ્ય નથી.

સભ્યોને ખાસ વિનંતી કરવામાં આવે છે કે કુટુંબમાં કોઈ સભ્ય અવસાન પામે, અન્ય જગ્યાએ બદલી / રહેવા જતા રહ્યા હોય, દીકરીના લગ્ન થયા હોય તો સમાજને જરૂર જાણ કરવી.

એવી જ રીતે પુત્રના લગ્ન થયા હોય ત્યારે પુત્રવધૂ / પૌત્ર / પૌત્રીના નામ મેડિકલ કાર્ડમાં ઉમેરીને મેડિકલ સેન્ટર અને અન્ય સેવાઓનો લાભ લઇ શકાય છે.

***રમણિકલાલ કુંવરજી ગોસર, કન્વીનર - સભ્યપદ સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી....



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની પરંપરા અનુસાર પ્રતિવર્ષે રાષ્ટ્રના આઝાદી દિન તથા પ્રજાસત્તાક દિવસની માનભેર ઉજવણી કરે છે. છેલ્લા બે વર્ષથી કોરોના સંક્રમણના પગલે સરકારના નીતિ-નિયમોને કારણે લોકોની મર્યાદિત સંખ્યા સાથે માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઇઝરની પૂરતી સાવચેતી સાથે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. તે મુજબ રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી બુધવાર, તા. ૨૬-૦૧-૨૦૨૨ના રોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પ્રાંગણમાં આયોજિત એક કાર્યક્રમમાં મુખ્ય મહેમાન રોટેરિયન અમિષાબેન ઝવેરીના વરદ્ હસ્તે રાષ્ટ્રીય ધ્વજવંદનથી કરવામાં આવી હતી. ઉપસ્થિત સમાજના અગ્રણીઓ તથા પરિવારજનો દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી સાથે રાષ્ટ્રગીતનું સમૂહમાં ગૂંજન કરવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્ય મહેમાનશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે, ભારતના ઈતિહાસમાં આજનો દિવસ ખૂબ જ વિશિષ્ટતા ધરાવે છે અને આ પ્રકારના મહાન અને અગત્યના દિવસે રોટરી ક્લબ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પરસ્પર સંયુક્ત પ્રયાસથી સામાજિક સેવાના ક્ષેત્રે કામગીરી કરવાના ઉદ્દેશથી નવા પ્રોજેક્ટને અમલમાં મૂકવાનું વિચાર્યું છે. જે એક સારું ચિહ્ન છે. તેમની આ રજૂઆતને ઉપસ્થિત પરિવારજનોએ ઉમંગભેર આવકાર આપ્યો હતો. તે અગાઉ સમાજના માનદ્‌મંત્રી રજનીકાંત પારેખે મુખ્ય મહેમાનશ્રીનો ટૂંક પરિચય આપ્યો હતો અને ઉપસ્થિત દરેક પરિવારજનોને પ્રજાસત્તાક દિને શુભેચ્છા સાથે આવકાર આપ્યો હતો. સમાજના ઉપપ્રમુખ હીરેન શાહે રોટરી ક્લબ વતી પધારેલા મહાનુભાવો ડૉ. તેજસ મહેતા, નિરવ એન. શાહ, ધવલ ઝવેરી, અમિષાબેન ઝવેરી તથા જિગર શાહનો ખાસ ઉલ્લેખ કરીને સર્વેનો આભાર માન્યો હતો. સમાજના પ્રમુખ પ્રતાપભાઈ દંડે આ પ્રસંગે જણાવ્યું કે, વર્તમાન સમયમાં કોરોના સંક્રમણની સ્થિતિમાં હજુ નોંધનીય સુધારો થયો નથી. એટલે સરકારી ગાઈડલાઈન મુજબ દરેકે સંગઠિત થઈને સંક્રમણ સામે કામગીરી કરવા અને હજુ પણ સાવધાન રહેવા અનુરોધ કર્યો હતો. દેશના સર્વાંગી વિકાસ અર્થે સૌ નાગરિકોએ પણ પોતાનો સહયોગ પ્રદાન કરવાનું જરૂરી હોય છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. આજના આ કાર્યક્રમમાં સરકારી ગાઈડલાઈન મુજબ મર્યાદિત સંખ્યામાં સમાજ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રજાસત્તાક દિનની માનભેર ઉજવણી કરી હતી.

## આજના સમયમાં લગ્નોત્સુક યુવાવર્ગને પરેશાન કરતો પ્રશ્ન

### માતા-પિતાને પણ પોતાના પુખ્ત પુત્ર-પુત્રીના વેવિશાળ કરવાની ચિંતા સતત રહેતી હોય છે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આપની એ ચિંતા દૂર કરવા સતત પ્રયત્નશીલ છે. સમાજ દ્વારા ચાલતા મેરેજ બ્યુરો સમિતિએ છેલ્લા કેટલાક સમયથી વોટ્સએપ ગ્રુપ ચાલુ કર્યું છે. આ ગ્રુપમાં સમગ્ર જૈન જ્ઞાતિ પરિવારના લગ્નોત્સુક યુવકો તથા યુવતીઓની સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ છે. જૈન પરિવારોના લગ્નોત્સુક યુવક / યુવતીઓ તેમજ તેમના પરિવારોને ઉપરોક્ત વોટ્સએપ ગ્રુપનો લાભ લઈ જરૂરી વિગત પ્રાપ્ત કરવા અનુરોધ છે. વધુ વિગત માટે મો. નંબર ૯૩૨૦૩ ૧૯૮૬૮ પર સંપર્ક કરશો.

તે સિવાય લગ્નોત્સુક યુવક / યુવતીઓની સંપૂર્ણ માહિતી તસવીર સાથે અગર "મંગલ મંદિર" કાર્યાલયમાં મોકલાવવામાં આવશે તો અનુકૂળતાએ "મંગલ મંદિર" સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **નરેન્દ્ર હીરાચંદ દંડ**
  ૩૦, એન.આર. પટેલ પાર્ક, અદાણી સી.એન.જી. સામે,
  નેશનલ હેન્ડલુમ પાછળ,
  નવા વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
  મો. ૯૩૨૭૫ ૯૨૫૬૧

## શરણાઈ

- **મંગળવાર, તા. ૧૪-૧૨-૨૦૨૧**
  ચિ. હીરેન ગુલાબચંદ સાવલા (ડોણ) કલ્યાણ/અમદાવાદ
  ચિ. હીરલ મહેશભાઈ કોઠારી (મોરબી) વસઈ

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ

રૂા.૧,૦૦,૦૦૦/- હીના અશોક ચેરિટેબલ ટ્રસ્ટ - બોપલ

### મેડિકલ સેન્ટર – બોપલ ખાતે

રૂા. ૫૧,૦૦૦/- શ્રી મનોજકુમાર વિમલકુમાર અગ્રવાલ - એચ.યુ.એફ.

### મેડિકલ રિલીફ યોજના ખાતે

રૂા. ૧,૦૦૦/- શ્રીમતી રમીલાબેન શાંતિલાલ છેડા
રૂા. ૧,૦૦૦/- શ્રી કેતન ગાંધી
રૂા. ૫૦૦/- શ્રી વિપુલભાઈ ભાણજી છેડા
રૂા. ૫૦૦/- શ્રી ધવલ રમણિકલાલ ફુરિયા
રૂા. ૫૦૦- શ્રી મહેન્દ્રભાઈ નાનાલાલભાઈ શાહ

### વૈયાવચ્ચ ફંડ ખાતે

રૂા. ૧,૦૦૦/- શ્રીમતી રમીલાબેન શાંતિલાલ છેડા

### જલારામ અન્નક્ષેત્ર યોજના ખાતે

રૂા. ૫૦૦/- શ્રીમતી રમીલાબેન શાંતિલાલ છેડા

### મંગલ મંદિર ખાતે

રૂા. ૫૦૦/- શ્રી ગુલાબચંદ ડુંગરશી સાવલા

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*



*બોપલ - અમદાવાદ ખાતેની "સત્યમેવ જયતે" સ્કૂલના માલિક અને વિશ્વના લગભગ ૭૦ દેશોમાં મહિલાના ઉત્કર્ષ માટે કામગીરી કરનાર ડૉ. હીના શાહે તાજેતરમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના કાર્યાલયની મુલાકાત લઈને એક લાખ રૂપિયાનું દાન સંસ્થાને આપ્યું હતું. તે અવસરની તસવીરમાં (ડાબી તરફથી) સંસ્થાના માનદ્ મંત્રી રજનીકાંત પારેખ, ટ્રસ્ટી ફાલ્ગુની શાહ, ઉપપ્રમુખ હીરેન કે. શાહ, ડૉ. હીના શાહ, સંસ્થાના પ્રમુખ પ્રતાપભાઈ દંડ તથા 'સક્ષમ' ફેકલ્ટી ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા નજરે પડે છે.*



*શ્રી ગુણપ્રભાશ્રીજી સ્વાધ્યાય ટ્રસ્ટ તરફથી તાજેતરમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ હસ્તકના મેડિકલ સેન્ટરના પેથોલોજી વિભાગ માટે નવ લાખ રૂપિયાનું દાન આપવામાં આવ્યું હતું. તેના અનુસંધાનમાં મેડિકલ સેન્ટરની મુલાકાતના સમયની તસવીરમાં (ડાબી તરફથી) સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ અશ્વિન સાવલા, કે.ડી. શાહ, શ્રી ગુણપ્રભાશ્રીજી સ્વાધ્યાય ટ્રસ્ટના ટ્રસ્ટી જીતેન્દ્ર શાહ, હીરેન શાહ તથા રજનીકાંત પારેખ દૃષ્ટિગોચર થાય છે.*



*શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા "સક્ષમ-૧" કાર્યક્રમ થયેલ. તે અન્વયે.... (ડાબી તરફ બેઠેલા) દેવેશ દંડ, ડૉ. નીરવ ઠક્કર, હીરેન કે. શાહ (ઉપપ્રમુખ), રજનીકાંત પારેખ (માનદ્ મંત્રી), ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા. (પાછળ ઊભેલા જમણી તરફથી) પ્રિયાંશ સંઘવી, વિમેશ શાહ તથા 'સક્ષમ-૧'ના વિદ્યાર્થીઓ*



ગોષ્ઠિ કરતા... શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અગ્રણીઓ અને રોટરી ક્લબના મહાનુભાવો



ડાયાલિસિસ સેન્ટરનું નિરીક્ષણ કરતા મહાનુભાવો : રોટેરિયન શ્રી ધવલ ઝવેરી, ડૉ. તેજસ મહેતા, રોટરીના PDG શ્રી લલિત શર્મા અને શ્રી પરાગ ફતેપુરિયા



રિબિન કાપીને ડાયાલિસિસ સેન્ટરને ખુલ્લું મૂકતાં (ડાબી તરફથી) શ્રીમતી ફાલ્ગુની હીરેન, હીર શાહ, પ્રતાપભાઈ દંડ, શ્રીમતી લક્ષ્મીબેન વીરા, શ્રીમતી અમિષાબેન ઝવેરી અને અન્ય



દીપ પ્રાગટ્ય કરતા : (ડાબી તરફથી) શ્રી હીરેન શાહ, શ્રીમતી હીર શાહ અને શ્રી રાહિલ પંડ્યા



દીપ પ્રાગટ્ય કરતાં : (ડાબી તરફથી) રજનીકાંત પારેખ, પ્રતાપભાઈ દંડ, અશ્વિન સાવલા, હીરેન શાહ, નિરવ શાહ, અમિષાબેન ઝવેરી તથા હસમુખ ગઢેચા



ડૉ. ચંદ્રકાંત દેઢિયાના આશીર્વચનની પ્રસ્તુતિ કરતાં શ્રીમતી ફાલ્ગુની હીરેન, હીર શાહ (જમણી તરફ), અને લક્ષ્મીબેન વીરા



નવનિર્મિત ડાયાલિસિસ સેન્ટરના નિર્માણની સંપૂર્ણ માહિતી આપતા હીરેન શાહ (વચ્ચે)



રોટરી ક્લબના હોદ્દેદારો સાથે વાર્તાલાપ કરતા હીરેન શાહ (જમણી તરફ)

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660, 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ :
gurjarprakashan@gmail.com
વેબસાઇટ :
www.gspbooksmall.com

## ગુજરાતી ભાષાની સૌથી લોકપ્રિય અને વારંવાર વાંચવી ગમે તેવી, વસાવી લેવા જેવી નવલકથાઓ

| | | |
|---|---|---|
| દરિયાની દીકરી | હસમુખ અબોટી 'ચંદન' | 250 |
| બપોર | દલપત ચૌહાણ | 150 |
| યુગાંતર | માધવ રામાનુજ | 450 |
| વાયા રાવલપિંડી (પુરસ્કૃત) | ગિરિમા ઘારેખાન | 230 |
| મુખત્યારનામું | જ્યેશ પારેખ | 260 |
| અસંમત | નિલય શાહ | 325 |
| અપરિચિતા | કાલિન્દી પરીખ | 200 |
| પિંજરની આરપાર (રૂબિન ડેવિડના જીવન આધારિત) | માધવ રામાનુજ | 370 |
| કોરોના-કાણ્ડ | ડૉ. કેશુભાઈ દેસાઈ | 180 |
| કોઈ બતાવો ગોકુળ મારું | ડૉ. કેશુભાઈ દેસાઈ | 225 |
| શક્ય | ડૉ. કેશુભાઈ દેસાઈ | 240 |
| કેદી નંબર 108 | ડૉ. કેશુભાઈ દેસાઈ | 200 |
| લેડીઝ હૉસ્ટેલ | ડૉ. કેશુભાઈ દેસાઈ | 325 |
| પરલોકની પ્રીત | ચંદ્રહાસ ત્રિવેદી | 120 |
| રાજરમત | ચંદ્રહાસ ત્રિવેદી | 125 |
| પાછે પગલે | ચંદ્રહાસ ત્રિવેદી | 42 |
| બદલાતા રંગ | ચંદ્રહાસ ત્રિવેદી | 70 |
| સીમાની પેલેપાર | ચંદ્રહાસ ત્રિવેદી | 120 |
| અરણ્યદ્વાર | રામચંદ્ર બ. પટેલ | 400 |
| સોનાગેરુ | રામચંદ્ર બ. પટેલ | 100 |
| રાજગઢી (પુરસ્કૃત) | રામચંદ્ર બ. પટેલ | 200 |
| મેરુયજ્ઞ (પુરસ્કૃત) | રામચંદ્ર બ. પટેલ | 90 |
| અંગારક | રામચંદ્ર બ. પટેલ | 150 |
| ફેસબૂકમાંના ચહેરા (પુરસ્કૃત) | મનીષા ગાલા | 300 |
| વારસદાર | મનીષા ગાલા | 300 |
| વિકીબાબા એન્ડ કંપની | મનહર ઓઝા | 190 |
| ટર્નિંગ પોઇન્ટ | મનહર ઓઝા | 240 |
| અને હું મરી ગયો | મનહર ઓઝા | 150 |
| 21 ડિસેમ્બર | બાલેન્દુશેખર જાની | 110 |
| બંધબાજી | બાલેન્દુશેખર જાની | 150 |
| ડેથ-ફિવર | બાલેન્દુશેખર જાની | 150 |
| પચાસમે પગથિયે | યોગેશ ન. જોશી | 200 |
| એક કલાક | વનરાજ વાઘેલા | 120 |
| ડૉ. વિક્રાન્ત | જ્યેશ એન. પારેખ | 175 |
| પુત્ર માનવીનો | મૃણાલિની દેસાઈ | 190 |
| પાનખરની બીક ના બતાવો | દર્શના ત્રિવેદી | 100 |
| જન્મારો | ઊજમશી પરમાર | 225 |
| આપણો ઘડીક સંગ | દિગીશ મહેતા | 140 |
| સ્વદેશાભિમાન | પુરુષોત્તમ સોલંકી | 160 |
| કરણઘેલો | નંદશંકર તુળજાશંકર મહેતા | 350 |
| ધક્કો | નાનાભાઈ હ. જેબલિયા | 125 |
| સૂકી ધરતી, સૂકા હોઠ | દિલીપ રાણપુરા | 225 |
| નાચે મનના મોર | દોલત ભટ્ટ | 120 |
| જગુભાઈનો પુનઃજન્મ | પ્રવીણસિંહ ચાવડા | 65 |
| અધૂરું મહાનગર | નલિન ઉપાધ્યાય | 125 |
| દીવાન ધનેશ્વર | રમેશભાઈ જોશી | 20 |
| ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર (પુ. 7) | રમણીકભાઈ વોરા | 300 |
| ઘડીક તડકો ઘડીક છાંયડો | અશ્વિનકુમાર વ્યાસ | 40 |
| આથમતા સૂરજની સાખે | કનુ આચાર્ય | 60 |
| સ્નેહતણી સરવણી (પત્રસ્વરૂપે) | વત્સલ વસાણી | 75 |
| યજ્ઞશેષ | કાલિન્દી પરીખ | 72 |

### ગુજરાતી સાહિત્યની નમૂનેદાર લઘુનવલકથાઓ

| | | |
|---|---|---|
| બોસ્કો પાપા પગલીથી પગરવ સુધી (શ્વાનપ્રેમની કથા) | અવનિ પટેલ માહેશ્વરી | 140 |
| શાશ્વતીનું સ્વપ્ન | પ્રકાશ ત્રિવેદી | 150 |
| જોગાનુજોગ | સમીત (પૂર્વેશ) શ્રોફ | 225 |
| જીવાદોરી | સમીત (પૂર્વેશ) શ્રોફ | 225 |
| ધુતારા | મોહમ્મદ માંકડ | 21 |
| એક છોકરી, એક સ્ત્રી | મોહમ્મદ માંકડ | 16 |
| આંધળી ગલી | ધીરુબહેન પટેલ | 60 |
| તમે માનશો ? | ધીરેન્દ્ર મહેતા | 150 |
| સાજિશ | મનહર રવૈયા | 130 |
| આંખો | ગૌરવ પંડ્યા | 120 |

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

***To,***